| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૧૧/૧૦/૨૦૧૯ | | |
| દાખલ તારીખ | : | ૧૧/૧૦/૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ | : | ૦૪/૦૭/૨૦૨૫ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |
| આંક | : | | | |

**<u>ફોર્મ– "એ"</u>**

| **મે. સુરતના નવમાં અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, સુરત.**<br>**સેશન્સ કેસ નં.૪૬૫/૨૦૧૯**<br>[લાલગેટ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજી.નં.૨૪/૨૦૧૯] | |
|---|---|
| **ફરિયાદી.** | **શ્રી સરકાર.** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.એડીશનલ પબ્લિક પ્રોસીક્યૂટર. | **શ્રી એન. કે. ગોળવાલા** |
| **આરોપી** | **પ્રફુલકુમાર ઉર્ફે સોનુ અરૂણભાઇ નાથજોગી,**<br>ઉ.વ.આ. ૨૭, ધંધો– દલાલી,<br>રહે.૪૦૨, શ્રી શિવાય કોમ્પલેક્ષ, ભરીમાતા રોડ, કોઝવે રોડ, વેડ રોડ, સુરત. |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | **વિ.વ. શ્રી કે. સી. પાનવાલા** |

**<u>ફોર્મ– "બી"</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૨/૦૪/૨૦૧૯ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૨/૦૪/૨૦૧૯ |

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ | ૨૫/૦૬/૨૦૧૯ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૨૬/૧૦/૨૦૨૧ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૧૦/૧૨/૨૦૨૧ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૨૧/૦૬ /૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૦૪/૦૭/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | – |

**આરોપીની વિગત**

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયત ની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | પ્રફુલકુમાર ઉર્ફે સોનુ અરૂણભાઇ નાથજોગી | ૦૨/૦૪/૨૦૧૯ | યુ.ટી.પી. | ઇ.પી.કો.ની કલમ ૩૦૨ તથા જી. પી. એકટ ની કલમ–૧૩૫(૧) મુજબ | નિર્દોષ | આખરી હુકમ મુજબ | -- |

**ગુનોઃ** **ઈ.પી.કો.કલમ–૩૦૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ.**

# – ચુ કા દો –

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ લાલગેટ પોલીસ સ્ટેશન પાર્ટ–ફ ગુના રજી.નં. ૨૪/૨૦૧૯, ઇ. પી. કો. કલમ– ૩૦૨ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયેલ.

**(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે,**

આ કામના આરોપીને બનાવ અગાઉ મરણજનાર દિપકભાઇ બાબુભાઇ મોરે સાથે મકાન દલાલીના પૈસા બાબતે ઝગડો થયેલ તેમજ આરોપીએ મરણજનાર દિપકભાઇના પત્ની– સાહેદ ગીતાબેનની છેડતી કરતા મરણજનાર દિપકભાઇએ આરોપીને ઠપકો આપેલ. વધુમાં આરોપીને મરણજનાર દિપકભાઇના ઘર સામે રહેતા સાહેદ જયશ્રીબેન સાથે પ્રેમસબંધ બાંધવા માંગતા હતા, જે બાબતે સાહેદ જયશ્રીએ આરોપીને વાત કરેલ. ત્યારબાદ બનાવ અગાઉના પંદરેક દિવસથી સાહેદ જયશ્રીએ આરોપીનો ફોન ઉપાડવાનો બંધ કરી દેતા, સાહેદ જયશ્રીનો મરણજનાર દિપકભાઇ સાથે પ્રેમ સબંધ બંધાઇ ગયેલ હશે, તેવો આરોપીએ શક વહેમ રાખી તા.૦૨.૦૩.૨૦૧૯ ના રોજ સવારે ૭–૪૫ થી ૮–૧૫ વાગ્યાના અરસામાં મરણજનાર દિપકભાઇ તેમના બે છોકરાઓને એકટીવા ગાડી નં. જી.જે.૦૫.સી.એ. ૪૩૦૬ પર બેસાડી રીવર પાર્ક સોસાયટીમાં ટયુશને મુકવા ગયેલ અને છોકરાઓને ટયુશને મુકી પરત કોઝ વે રોડ, વિશાલા રેસ્ટોરેન્ટ સામે રોડ પરથી પસાર થતા હતા, ત્યારે આરોપીએ સ્ટીલનો ધાતુનો પાઇપ સાથે રાખી, હેલમેટ તથા જેકેટ પહેરી, એકટીવા ગાડી નં. જી.જે.૦૫.પી.એમ.–૫૩૪૧ પર બેસી મરણજનાર દિપકભાઇનો પીછો કરી, મરણજનારની એકટીવા ગાડી રોકી, આરોપીએ મરણજનાર દિપકભાઇનું મૃત્યુ નિપજાવવાના ઇરાદાથી અથવા તેના નાક, મોઢા તથા માથાના ભાગે સ્ટીલની ધાતુની પાઇપ વડે જીવલેણ ઘા મારવાથી તેનું મૃત્યુ નિપજવા સંભવ છે, તેવા જ્ઞાન અને જાણકારી સાથે આરોપીએ તેમની પાસેના સ્ટીલના ધાતુના પાઇપ વડે મરણજનાર

દિપકભાઇના નાક, મોઢા તથા માથાના ભાગે ઉપરા છાપરી જીવલેણ ઘા મારી, ગંભીર ઇજાઓ પહોંચાડી તેનું ખુન કરી, બનાવના અરસામાં મહે. પોલીસ કમીશ્નરશ્રી સુરતનાઓના હથિયારબંધીના જાહેરનામાંનો ભંગ કરી ગુનો કરેલ તે મતલબની ફરીયાદ ફરીયાદીએ લાલગેટ પોલીસ સ્ટેશનમાં આપતા, તે લાલગેટ પોલીસ સ્ટેશન પાર્ટ–ફ ગુના રજી. નં. ૨૪/૨૦૧૯, ઇ. પી. કો. કલમ– ૩૦૨ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબની ફરીયાદ રજીસ્ટરે લેવાયેલ.

**ગુનાની તપાસ**

(૩) તપાસ કરનાર અમલદારશ્રીએ સદર ગુનાની તપાસ કરી ઉપરોકત ગુના સંદર્ભે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેવામાં આવેલ, આરોપીને અટક કરી જરૂરી પંચનામાઓ કરી આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો હોય અધિક સીવીલ જજ અને જયુડી. મેજી. ફ.ક. સુરતની કોર્ટમાં ઇ.પી.કો.કલમ–૩૦૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ, જે ફોજદારી કેસ નંબર – ૨૫૪૨૦/૨૦૧૯ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

**કમીટલ કાર્યવાહી**

(૪) સદર ચાર્જશીટ રજુ થતા અધિક સીવીલ જજ અને જયુડી. મેજી.ફ.ક. શ્રી, સુરતનાઓએ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે હકુમત સેશન્સ કોર્ટને હોય, તા.૦૯/૧૦/૨૦૧૯ નાં રોજ ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ ની જોગવાઈઓનું પાલન કરી, ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૯ હેઠળ કમિટલ હુકમ કરી, જીલ્લા અને સત્ર અદાલત, સુરતમાં કમિટ કરી

મોકલી આપતા, સદર કેસને સેશન્સ કેસ નં.૪૬૫/૨૦૧૯ થી નોંધવામાં આવેલ અને ત્યારબાદ સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની અદાલતમાં તબદીલ થઇ આવેલ છે.

**<u>ઓપનીંગ ઓફ કેસ એન્ડ ફ્રેમીંગ ઓફ ચાર્જ</u>**

(૫) વિ. એ.પી.પી.શ્રીએ સી.આર.પી.સી. કલમ–૨૨૬ મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ કયા પુરાવાથી આરોપી વિરૂદ્ધ પુરવાર કરવાનો છે તેવું જણાવી સરકાર પક્ષે કેસ ઓપન કરેલ અને ત્યારબાદ બન્ને પક્ષોને સાંભળ્યા બાદ આરોપી વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ જણાઇ આવતો હોય સી.આર.પી.સી.ની. કલમ–૨૨૮ મુજબ આંક–૧૨ થી આરોપી વિરૂધ્ધ ગુનાનું તહોમતનામું ફરમાવી સદર ગુનાનુ તહોમત તેઓને વાંચી સંભળાવી તેઓ કબૂલ કરવા માંગે છે કે ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માંગે છે તેમ પુછતા આરોપીએ પોતાની આંક–૧૩ થી પ્લી યાને કે નિવેદનથી તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**<u>ફોર્મ–સી</u>**

(૬) આરોપી વિરૂદ્ધ આંક–૧૨થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ પોતાના કેસના સમર્થનમાં રજૂ કરવામાં આવેલા છે:–

## (એ) <u>ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા</u>

| અનુ નં. | સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧૬ | નારાયણભાઇ વિઠોભા મોરે | ઇન્કવેસ્ટ પંચનામાંના પંચ સાહેદ |
| ૨ | ૨ | ૧૮ | લવલેશભાઇ જયરામભાઇ મોરે | ઇન્કવેસ્ટ પંચનામાંના પંચ સાહેદ |
| ૩ | ૩ | ૨૦ | વિનોદભાઇ દગડુભાઇ ઢુલે | બનાવવાળી જગ્યાના પંચનામાંના પંચ સાહેદ |
| ૪ | ૪ | ૨૪ | દિલીપ નારાયણભાઇ કદમ | મરણજનારના પી.એમ. બાદના કપડાના પંચનામાંના પંચ સાહેદ |
| ૫ | ૫ | ૨૮ | કૈલાશભાઇ ચિંદુભાઇ શેવાડે | મરણજનારના પી.એમ. બાદના કપડાના પંચનામાંના પંચ સાહેદ |
| ૬ | ૬ | ૨૯ | ચીમનભાઇ પોપટભાઇ ગળથરીયા | આરોપીના અટક પંચનામાંના પંચ સાહેદ |
| ૭ | ૭ | ૩૧ | પીન્ટુ ઉર્ફે ધર્મેશપરી કૈલાશભાઇ ગોસાઇ | આરોપીના અટક પંચનામાંના પંચ સાહેદ |
| ૮ | ૮ | ૩૩ | બાબુભાઇ દલપતભાઇ સતપાલ | એકટીવા ગાડી ડિસ્કવરી પંચનામાંના પંચ સાહેદ |
| ૯ | ૯ | ૩૮ | પ્રફુલભાઇ મારૂતિભાઇ ઉત્તેકર | આરોપીના કપડાના ડિસ્કવરી પંચનામાંના પંચ સાહેદ |
| ૧૦ | ૧૦ | ૪૨ | સંતોષભાઇ કાશીનાથી ઉત્તેકર | સ્ટીલના પાઇપના ડિસ્કવરી પંચનામાંના પંચ સાહેદ |
| ૧૧ | ૧૧ | ૪૭ | નિલેશ નામદેવભાઇ રેમજે | એકટીવા કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદ |
| ૧૨ | ૧૨ | ૫૩ | ધર્મેશભાઇ રણછોડભાઇ પટેલ | સાહેદ |
| ૧૩ | ૧૩ | ૫૭ | દિનેશભાઇ મોહનભાઇ ડાંગી | સાહેદ |
| ૧૪ | ૧૪ | ૬૦ | રાજુભાઇ બાબુભાઇ મોરે | ફરીયાદી |

| અનુ નં. | સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|---|
| ૧૫ | ૧૫ | ૬૩ | વિશ્વનાથ જયરામભાઇ મોરે | સાહેદ |
| ૧૬ | ૧૬ | ૬૫ | ગીતાબેન દિપકભાઇ મોરે | સાહેદ |
| ૧૭ | ૧૭ | ૬૬ | હસમુદ્દીન જમાલુદ્દીન શેખ | સાહેદ |
| ૧૮ | ૧૮ | ૬૭ | આકેશ બલીરામભાઇ યાદવ | સીડી કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદ |
| ૧૯ | ૧૯ | ૬૯ | ઉમેશ જીવાભાઇ દેવઘરે | ડીવીડી કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદ |
| ૨૦ | ૨૦ | ૭૧ | મહેન્દ્રભાઇ બલીરામભાઇ કોરપે | સાહેદ |
| ૨૧ | ૨૧ | ૭૨ | ભરતભાઇ નામદેવભાઇ રનબીસે | સીડી કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદ |
| ૨૨ | ૨૨ | ૭૩ | તુકારામભાઇ દેવુભાઇ યાદવ | ડીવીડી કબજે કર્યાના પંચનામાંના પંચ સાહેદ |
| ૨૩ | ૨૩ | ૭૪ | રવિભાઇ બલીરામ કોરપે | આરોપીના કપડાના ડિસ્કવરી પંચનામાંના પંચ સાહેદ |
| ૨૪ | ૨૪ | ૭૫ | વિશાલ ઉર્ફે બંટી રાજેન્દ્રભાઇ ચૌધરી | સાહેદ |
| ૨૫ | ૨૫ | ૭૬ | જયશ્રીબેન રાજુભાઇ બાબુભાઇ મોરેની પત્ની | સાહેદ |
| ૨૬ | ૨૬ | ૭૮ | જયનાથ જમનાપુરી ગૌસ્વામી | સાહેદ |
| ૨૭ | ૨૭ | ૭૯ | પ્રદિપકુમાર ડૌમસિંગ ઠાકુર | સાહેદ |
| ૨૮ | ૨૮ | ૮૧ | જયશ્રીબેન ગોવિંદ પ્રભાત પાત્રા | સાહેદ |
| ૨૯ | ૨૯ | ૮૩ | ડો. રાજેશ એન. પટેલ | ડોકટર સહેદ |
| ૩૦ | ૩૦ | ૮૭ | ભાણાભાઇ જીલુભાઇ પરમાર | સાહેદ |
| ૩૧ | ૩૧ | ૮૯ | તુષાર છેલશંકર જોષી | સાહેદ/એફ.એસ.એલ. |
| ૩૨ | ૩૨ | ૯૪ | વિક્રમભાઇ મનુભાઇ પરમાર | સાહેદ |
| ૩૩ | ૩૩ | ૯૬ | સિધ્ધરાંજસિંહ પ્રધ્યુમનસિંહ | પોલીસ સાહેદ |

| અનુ નં. | સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|---|
| | | | ઝાલા | |
| ૩૪ | ૩૪ | ૯૯ | મકનભાઇ વીરાભાઇ | પી.એસ.ઓ. |
| ૩૫ | ૩૫ | ૧૦૨ | લલીતભાઇ સુરેશભાઇ | પોલીસ સાહેદ |
| ૩૬ | ૩૬ | ૧૦૪ | અશોક સાહેબરાવ પાટીલ | ત.ક.અમલદાર |
| ૩૭ | ૩૭ | ૧૧૮ | રાહુલભાઇ નાથુભાઇ પટેલ | ત.ક.અમલદાર |

## (એ) ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા

| અનુક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૭ | ઈન્કવેસ્ટ પંચનામું |
| ૨ | ૨૧ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૨૨,૨૩ | મુ.મા.આ.નં. ૧,૨ માંથી નીકળેલ પંચ સ્લીપો |
| ૪ | ૨૫ | મરણજનારના પી.એમ.બાદના કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૫ | ૨૬ | મુ.મા.આ.નં. ૩ થી ૫ માંથી નીકળેલ પંચ સ્લીપ |
| ૬ | ૩૦ | આરોપીનું અટક પંચનામું |
| ૭ | ૩૨ | આરોપીની શરીરસ્થિતીનું પંચનામું (કબુલાત) |
| ૮ | ૩૪ | એકટીવાનું ડિસ્કવરી પંચનામું |
| ૯ | ૩૫,૩૬ | મુ.મા.આ.નં.૧૦,૧૧ માંથી નીકળેલ પંચસ્લીપો |
| ૧૦ | ૩૯ | આરોપીના કપડાનું ડિસ્કવરી પંચનામું |
| ૧૧ | ૪૦ | મુ.મા.આ.નં.૧૩,૧૪ માંથી નીકળેલ પંચસ્લીપ |
| ૧૨ | ૪૩ | સ્ટીલના પાઇપનું ડિસ્કવરી પંચનામું |
| ૧૩ | ૪૪ | મુ.મા.આ.નં.૧૫માંથી નીકળેલ પંચસ્લીપ |

| અનુક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧૪ | ૪૮ | એકટીવા ગાડી કબજે કર્યાનું પંચનામું |
| ૧૫ | ૪૯ થી ૫૧ | મુ.મા.આ.નં.૧૬થી ૧૮માંથી નીકળેલ પંચ સ્લીપો |
| ૧૬ | ૫૪ | કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર |
| ૧૭ | ૫૮ | કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર |
| ૧૮ | ૬૧ | અસલ ફરીયાદ |
| ૧૯ | ૬૨ | એફ.આઈ.આર. |
| ૨૦ | ૬૮ | સી.ડી. કેસેટ કબજે કર્યાનું પંચનામું |
| ૨૧ | ૭૦ | ડીવીડી કબજે કર્યાનું પંચનામું |
| ૨૨ | ૮૪ | પોલીસ યાદી |
| ૨૩ | ૮૫ | પી.એમ. નોટ |
| ૨૪ | ૯૦ | એફ.એસ.એલ. નું સ્થળ પરિક્ષણ અહેવાલ |
| ૨૫ | ૯૧ | બનાવવાળી જગ્યાએ પધારી નિરીક્ષણ કરી અભિપ્રાય આપવા યાદી |
| ૨૬ | ૯૨ | સ્થળ પરિક્ષણ અહેવાલ |
| ૨૭ | ૯૩ | બનાવવાળી જગ્યાએ પધારી નિરીક્ષણ કરી અભિપ્રાય આપવા યાદી |
| ૨૮ | ૯૭ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા માટેનો રીપોર્ટ |
| ૨૯ | ૧૦૦ | સ્ટેશન ડાયરીનો ઉતારો |
| ૩૦ | ૧૦૧ | તપાસ સંભાળી લેવા માટેનો રીપોર્ટ |
| ૩૧ | ૧૦૫ | મુદ્દામાલ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. ને લખેલ યાદી |
| ૩૨ | ૧૦૬ | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ |
| ૩૩ | ૧૦૭ | મે. પોલીસ કમીશ્નરશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું |
| ૩૪ | ૧૦૮ | આરોપી તથા તપાસના કાગળો મેળવવા માટે લખેલ |

| અનુક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| | | ચાદી |
| ૩૫ | ૧૦૯ | આરોપીની અટક અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ |
| ૩૬ | ૧૧૦ | કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર |
| ૩૭ | ૧૧૧ | ગુનાવાળી જગ્યાના ફોટાઓ |
| ૩૮ | ટે. ૧૧૨ | સીડી |
| ૩૯ | ટે.૧૧૩ | ડીવીડી |
| ૪૦ | ૧૧૯ | એફ.એસ.એલ. નો ફોરવર્ડીંગ પત્ર |
| ૪૧ | ૧૨૦ | એફ.એસ.એલ. નો બાયોલોજી પરિક્ષણ અહેવાલ |
| ૪૨ | ૧૨૧ | એફ.એસ.એલ.નો સીરોલોજીકલ પરિક્ષણ અહેવાલ |

(૭) ફરિયાદ પક્ષે આંક–૧૨૨ થી પૂરો થયાનું જાહેર કરતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે આરોપીએ જણાવેલ છે કે, અમો આરોપી નિર્દોષ છીએ, કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. શંકા પરથી ખોટી ફરીયાદના આધારે અમારી ઉપર ખોટો કેસ કરેલ છે. આ સાથે લેખિત નિવેદન રજુ કરેલ છે જે ધ્યાને લેવા વિનંતિ છે.

**<u>ફરિયાદપક્ષે દલીલઃ</u>–**

(૮) ફરિયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રીનાએ એવી દલીલ કરેલ છે કે, રેકર્ડ પરનો પુરાવો જોતા ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ તમામ સંજોગો તેઓને હાલના ગુનામાં સંડોવેલ તેવા નિઃશંકપણે પુરવાર કરેલ છે. વધુમાં, તેઓ એવી દલીલ કરે છે કે, ફરીયાદપક્ષે જે હકીકતો પુરવાર કરેલ છે તે આરોપીને

હાલના ગુનામાં સંડોવતી કડી છે અને આરોપી એવો કોઇ વ્યાજબી ખુલાસો રેકર્ડ ઉપર લાવેલ નથી કે જેથી એમ માનવાને કારણ હોય કે પુરવાર થયેલા સંજોગો આરોપીને ગુનામાં સંડોવતા ન હોય. વધુમાં, તેઓએ એવી દલીલ કરેલ છે કે, ગુનામાં વપરાયેલ હથિયાર તથા આરોપીના ટી–શર્ટમાં મળી આવેલ લોહીની હાજરી સાબિત કરે છે કે, તેઓએ મરનારને સદર હથિયારથી ગંભીર ઈજાઓ કરી મૃત્યુ નિપજાવેલ છે. જેથી આરોપીને તકસીરવાર ઠરાવી યોગ્ય તે શિક્ષા કરવા અરજ ગુજારેલ છે.

**<u>આરોપી તરફે દલીલઃ</u>–**

(૯) આરોપીના વિ. વકીલશ્રીએ પોતાની મૌખિક દલીલમાં એવી રજુઆત કરેલ છે કે, હાલના કામે આંક–૭૯, ૮૭ તથા આંક–૯૪થી તપાસેલ કહેવાતા બનાવ નજરે જોનાર સાહેદોએ ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની પુરી પાડેલ ન હોય ફરીયાદપક્ષનો કેસ સાંયોગિક પુરાવા પર આધારિત છે. વધુમાં તેઓ એવી દલીલ કરે છે કે, હાલના કામે ફરીયાદપક્ષ ત્રણમાંથી એકેય ગુનાનો મોટીવ પુરવાર કરી શકેલ નથી. વધુમાં તેઓ એમ જણાવે છે કે, આંક–૬૫, ૭૭ તથા ૮૧ તપાસેલ સાહેદો ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની પુરી પાડતા ન હોય ગુનાનો કોઈ મોટીવ પુરવાર થયેલ ગણી શકાય નહીં અને જયારે કેસ સાંયોગિક પુરાવા પર આધારિત હોય ત્યારે મોટીવ અગત્યનો ભાગ ભજવે છે. વધુમાં તેઓ એવુ જણાવે છે કે, આંક–૭૮થી તપાસેલ સાહેદ પણ ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની પુરી પાડતા નથી જેથી કહેવાતુ કોઇ એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેશન

માનવાલાયક કહેવાય નહીં. વધુમાં તેઓએ એવી દલીલ કરેલ છે કે, ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫(બી) હેઠળનું પ્રમાણપત્ર પુરવાર થયેલ ગણી શકાય નહીં કારણ કે આંક–૫૭થી તપાસેલ સાહેદ તથા આંક–૬૯ અને આંક–૭૩થી તપાસેલ પંચ સાહેદો પણ ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની પુરી પાડતા નથી. આમ, રેકર્ડ ઉપર એવો કોઇ સબળ અને ઠોસ સાંયોગિક પુરાવો જોવા મળતો નથી કે જેથી એમ કહી શકાય કે આ કામના આરોપીએ જ મરનારનું મૃત્યુ નિપજાવેલ છે. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**(૧૦)** ઉપરોકત હકીકતોને લક્ષમાં લેતાં કેસના નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દાઓ</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામે મરનાર દિપકભાઇ બાબુભાઇ મોરેનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ ના કારણે થયેલ હતુ?

(૨) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૨.૦૩.૨૦૧૯ ના રોજ સવારે ૭–૪૫ થી ૮–૧૫ વાગ્યાના અરસામાં મરણજનાર દિપકભાઇનાઓ કોઝ વે રોડ, વિશાલા રેસ્ટોરેન્ટ, સુરત સામે રોડ પરથી પસાર થતા હતા, ત્યારે સ્ટીલનો ધાતુનો પાઇપ સાથે રાખી, હેલમેટ તથા જેકેટ પહેરી, એકટીવા ગાડી નં. જી.જે.૦૫.પી.એમ.–૫૩૪૧ પર બેસી મરણજનાર દિપકભાઇનો પીછો કરી, મરણજનારની એકટીવા ગાડી રોકી, મરણજનાર દિપકભાઇનું મૃત્યુ નિપજાવવાના ઇરાદાથી અથવા તેના નાક, મોઢા તથા માથાના ભાગે સ્ટીલની ધાતુની

પાઈપ વડે જીવલેણ ઘા મારવાથી તેનું મૃત્યુ નિપજવા સંભવ છે, તેવા જ્ઞાન અને જાણકારી સાથે સ્ટીલના ધાતુના પાઈપ વડે મરણજનાર દિપકભાઈના નાક, મોઢા તથા માથાના ભાગે ઉપરા છાપરી જીવલેણ ઘા મારી, ગંભીર ઈજાઓ પહોંચાડી તેનું ખુન કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓ કરેલો છે?

(૩) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, બનાવ સમયે સ્થળે અને તારીખે મે. પોલીસ કમીશ્નરશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોય તેમ છતાં તમોએ સ્ટીલનો ધાતુનો પાઈપ સાથે રાખી, મહે. પોલીસ કમીશ્નરશ્રી સુરતનાઓના હથિયારબંધીના જાહેરનામાંનો ભંગ કરી જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓ કરેલો છે?

(૪) શું હુકમ ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

(૧) હકારમાં.
(૨) નકારમાં.
(૩) નકારમાં.
(૪) આખરી હુકમ મુજબ.

## <u>–:કારણો :–</u>

**(૧૨)** સદર કેસનો નિર્ણય કરતા પહેલા ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય જેની ચર્ચા નીચે પ્રમાણે કરેલ છે.

**(૧૩)** ફરીયાદપક્ષે સાહેદ નં.૧૪ તરીકે આંક–૬૦થી ફરીયાદી રાજુભાઇ

બાબુભાઈ મોરે નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, સને–૨૦૧૯ માં હું પંડોર "એફ" એપાર્ટમેન્ટમાં હીરા ઘસવાનું કામ કરતો હતો. અમે ત્રણ ભાઈઓ છીએ, જેમાં સૌથી મોટો હું છુ, મારાથી નાનો કૃષ્ણા છે, તે અમારા ગામડે મહારાષ્ટ્રમાં રહે છે, તેનાંથી નાનો દિપકભાઈ હતો. મારા પિતા હયાત નથી. મારા બા નું નામ ચંદ્રાબા છે, જે અમારી સાથે જ રહે છે. અમે એક જ મકાનમાં રહેતા હતા, જેમાં નીચેનાં ભાગે હું રહેતો હતો અને મારો ભાઈ દિપક તેનાં પરીવાર સાથે આ જ મકાનમાં ઉપરનાં ભાગે રહેતો હતો. આ દિપકભાઈનાં સંતાનમાં એક દિકરો રોનક અને એક દિકરી ઈશા છે. <u>હાલનો બનાવ તા. ૦૨/૦૪/૨૦૧૯ નાં રોજ ભરીમાતા રોડ ઉપર વિશાલા હોટલ પાસે બનેલો</u>. બનાવ સવારનાં આશરે આઠેક વાગ્યે બન્યો હશે. <u>હું તે દિવસે સવારનાં આઠેક વાગ્યે મારા ઘરે હતો</u>. મારી સોસાયટીમાં રહેતા બંટી નામનાં એક છોકરાએ સવારનાં આઠેક વાગ્યે મને વાત કરેલી કે, તમારા ભાઈ દિપકને કોઈએ મારેલ છે અને વિશાલા હોટલ પાસે પડેલ છે. આથી હું ઘરેથી તરત જ એકલો નિકળી ગયેલો અને બનાવવાળી જગ્યાએ ગયેલો. મેં જોયેલુ તો મારો ભાઈ લોહી–લુહાણ હાલતમાં પડેલો હતો અને તેનાં માથાનાં ભાગે ઈજા થયેલ હતી, તેને મોઢાનાં ભાગે પણ ઈજા થયેલી હતી અને આ ઈજાઓમાંથી ખૂબ લોહી નિકળતુ હતુ. આ જગ્યાએ મારા ભાઈનું એક્ટીવા મોપેડ નં. જી.જે.–૦૫–સી.એ.–૪૩૦૬ પણ પડેલુ હતુ. મારા ભાઈને ચહેરા ઉપર આંખની નીચેનાં ભાગે ઈજા થયેલ હતી તથા માથુ ફાટી ગયેલુ હતુ. મેં આજુ–બાજુનાં માણસોને પુછતા, ત્યાં ત્રણ છોકરાઓ

હતા, તેમણે મને જણાવેલુ કે, માથે હેલમેટ પહેરેલ એક એક્ટીવા લઈને આવેલ માણસ કે જેણે શરીર ઉપર બ્રાઉન કલરનું જેકેટ પહેરેલ હતુ, તેણે મારા ભાઈને લોખંડનાં પાઈપ વડે માથાનાં ભાગે માર મારી જતો રહેલો. પછી મેં મારા ભાઈને ઉચકવાની કોશિષ કરી પણ ત્યાં હાજર એક ભાઈએ મને જણાવેલુ કે, તેને ઉચકવાની કોશિષ કરશો નહીં, પતી ગયુ છે. આ મારા ભાઈ દિપકને અમારી સોસાયટીમાં જ રહેતા પ્રફુલ મરાઠી સાથે મકાનની દલાલી બાબતે દોઢ વર્ષ પહેલા ઝઘડો થયેલ હતો અને તે બાબતે થોડો-થોડો ઝઘડો ચાલતો હતો અને મારા નાના ભાઈ દિપકની પત્નિની પણ આ પ્રફુલ મરાઠીએ છેડતી કરેલ હતી. જેથી મને તેની ઉપર શંકા ગયેલી. હું બનાવવાળી જગ્યાએ હતો, ત્યારે થોડીવાર પછી પોલીસ આવેલી. જેમણે મને પુછપરછ કરેલી, તે દરમ્યાન મારા પત્નિ અને મારા નાના ભાઈ દિપકનાં પત્નિ પણ ત્યાં આવી ગયેલા, જેમની પ્રાથમીક પુછપરછ કરી, પોલીસ અમારા ઘરે લઈ આવેલી. પછી મેં લાલગેટ પોલીસ સ્ટેશનમાં જઈ આ બનાવની ફરીયાદ આપેલી. મેં ફરીયાદ આપતી વખતે પણ આરોપી સાથે મારા ભાઈનો દોઢેક વર્ષથી ઝઘડો ચાલતો હોવાનુ અને તે અંગે થોડો-થોડો ઝઘડો હાલમાં પણ ચાલતો હોવાનું અને તેની ઉપર મને શંકા હોવાનું મેં જણાવેલુ. મેં મારી ફરીયાદમાં સહી કરેલી. મને સરકારી વકીલશ્રીની ફાઈલમાંથી મારી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જે મેં આપેલ તે જ ફરીયાદ છે અને તેમાં નીચે મારી જ સહી છે, જે હું ઓળખી બતાવુ છુ. જે હું પુરાવામાં રજૂ કરુ છુ. જેને રજૂ દાખલ આંકઃ૬૧ આપવામાં આવે છે. મને નિ.૮/૩ ની એફ.આઈ.આર. બતાવવામાં આવે

છે, તે મારી ફરીયાદ આધારે જ દાખલ થયેલ એફ.આઈ.આર. છે, જે હું પુરાવામાં રજૂ કરુ છુ. જેને રજૂ દાખલ આંકઃ૬૨ આપવામાં આવે છે. મેં મારા ભાઈની લાશની ઓળખ પણ કરેલી તથા પોલીસને ગુનાવાળી જગ્યા પણ બતાવેલી. બનાવ વખતે મારા ભાઈએ જે કપડાં પહેરેલા, તે મને બતાવવામાં આવે તો હું તે ઓળખી શકું. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩, ૪ અને ૫ થી કબજે લેવામાં આવેલ એક સફેદ–બ્લ્યુ કલરનું ફૂલ ડીઝાઈનવાળુ આખી બાંચનું લોહીથી ખરડાયેલ શર્ટ, એક કાળા કલરનો હાફ ચડ્ડો લોહીથી ખરડાયેલો તથા એક બ્લ્યુ કલરનો જાંગીયો બતાવવામાં આવે છે, જે બનાવનાં દિવસે મારા ભાઈએ પહેરેલા તે જ કપડાં હતા, જે હું ઓળખી બતાવુ છુ. આરોપી પ્રફુલભાઈ કોર્ટમાં હાજર છે તે જ છે, જેમને હું ઓળખી બતાવુ છુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૦ થી કબજે લેવાયેલ એક ડી.વી.ડી. કે જેની ઉપર "લાલગેટ પોલીસ સ્ટેશન I ૨૪/૧૯, મહાવીર ફાસ્ટ ફૂડ નામની દુકાનમાં સી.સી. ટી.વી. ફૂટેજ" લખેલ છે, તે આ કોર્ટનાં આઈ.ટી. ડીપાર્ટમેન્ટનાં અધિકારીનાં લેપટોપમાં રન કરી મને બતાવવામાં આવે છે. આ ડી.વી.ડી. રન કરતા, તેમાં એક વિડીયો ફાઈલ જણાય છે, જે તા. ૦૨/૦૪/૨૦૧૯ નાં રોજની છે અને કલાક ૭:૪૦ વાગ્યે શરૂ થાય છે, જેમાં ૭.૫૭.૦૦ વાગ્યે સફેદ જેવું પેન્ટ પહેરી એક માણસ ચાલતો જતો દેખાય છે અને તેની પાછળ બ્રાઉન કલરનાં એક્ટીવા પર શર્ટ અને ચડ્ડો પહેરેલ એક માણસ દેખાય છે, તે મારો ભાઈ છે અને તે ઘર તરફ આવી રહેલ છે, જે હું ઓળખી બતાવુ છુ. આ ડી.વી.ડી.માં કલાક ૭.૫૭.૦૭ વાગ્યે એક એક્ટીવા ચાલક જેકેટ તથા હેલમેટ પહેરીને મારા

ભાઈનાં એક્ટીવાની પાછળ આવતો દેખાય છે, જે પ્રફુલ જ છે, જે હું ઓળખી બતાવુ છુ. નોંધઃ સાહેદને બતાવેલ આ ડી.વી.ડી. યથાવત રીતે આ કવરમાં મુકી, માર્ક–એ આપી, આ કોર્ટનાં રેકર્ડમાં રાખવામાં આવેલ છે. હાલનાં બનાવનાં એક વર્ષ પહેલા આ પ્રફુલ અમારી સોસાયટીમાં જ રહેતો હતો અને તેણે મારા નાના ભાઈની પત્નિની છેડતી કરેલી, તે બાબતે મારા નાના ભાઈની પત્નિએ મારી પત્નિને વાત કરેલી અને બે દિવસ પછી મારા નાના ભાઈને ખબર પડેલી, જેથી અમારી સોસાયટીમાં આવેલ મહાદેવનાં મંદિરે આરોપી પ્રફુલ ઉભો હતો, ત્યારે હું, મારો ભાઈ દિપક, મારા કાકાનો છોકરો જનક મોરે તથા અમારી સોસાયટીનાં પ્રમુખ નિતીનભાઈ ત્યાં ગયેલા અને તેની પુછપરછ કરેલી. ત્યારે તે બાબતે થોડો ઝઘડો થયેલો અને મારા ભાઈ દિપકને અને આરોપીને ઝપા–ઝપી પણ થયેલી, ત્યારબાદ આ આરોપી પ્રફુલ ઉર્ફે સોનુએ સોરી પણ કહેલુ અને પછી તે ત્યાંથી જતો રહેલો.

**(૧૩.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે હું પંડોળમાં હીરા ઘસવાનું કામ કરતો હતો અને મારો ભાઈ મારી સાથે નહીં, પરંતુ બીજી જગ્યાએ હીરા ઘસવાનું કામ કરતો હતો. એ વાત ખરી છે કે, હું અને મારો ભાઈ એક મકાનમાં ઉપર–નીચે રહેતા હતા અને અમારા રસોડા પણ અલગ હતા. એ વાત ખરી છે કે, આજરોજ ડી.વી.ડી.માં મારા ભાઈની પાછળ હેલમેટ પહેરેલ માણસ જે એક્ટીવા લઈને જતો દેખાય છે, તે એક્ટીવાનો નંબર દેખાતો નથી. <u>એ વાત ખરી છે કે, પાછળ આવતી એક્ટીવા ઉપર હેલમેટ પહેરેલ માણસનો ચહેરો દેખાતો</u>

નથી. આ ડી.વી.ડી. મને બતાવીને પોલીસે કોઈ કાર્યવાહી કરેલી કે કેમ, તેવા પ્રશ્નનાં જવાબમાં જણાવુ છુ કે, હું લાલગેટ પોલીસ સ્ટેશનમાં હાજર હતો, ત્યારે મારી હાજરીમાં બે સાહેદોને પોલીસે આ ડી.વી.ડી. અને તેમાનાં દ્રશ્યો બતાવેલા. એ વાત ખરી છે કે, મેં મારી ફરીયાદમાં બંટીભાઈ તરીકે દર્શાવેલ વ્યક્તિનું આખુ નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મેં તેઓનો ઘર નંબર મારી ફરીયાદમાં જણાવેલ નથી. સાહેદ જણાવે છે કે, મને તેનો ઘર નંબર ખબર છે, કેમકે તે મારી સોસાયટીમાં જ રહે છે. એ વાત ખરી છે કે, મારા નાના ભાઈની પત્નિની આરોપીએ છેડતી કર્યાની હકિકત પોલીસ સમક્ષ આપેલ મારી ફરીયાદમાં નથી. એ વાત ખરી છે કે, મારા ભાઈને એક વર્ષ અગાઉ આરોપી સાથે તકરાર હતી, તે કઈ તારીખે તકરાર થયેલી, તેવું મારી ફરીયાદમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, મારા ભાઈને અને આરોપીને થોડી–થોડી તકરાર ચાલતી હતી, તે અંગે મેં કોઈ તારીખો ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ બનતા મેં નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવનાં સ્થળેથી પોલીસ મને, મારા પત્નિ તથા મારા ભાઈ દિપકનાં પત્નિને અમારા ઘરે લઈ ગયેલી, ત્યારે અમારા ઘરે પોલીસે અમારી પુછપરછ કરેલી. એ વાત ખરી છે કે, તે સમયે પોલીસે તેની નોંધ પણ કરી લીધેલી. એ વાત ખરી છે કે, આરોપીએ મારા નાના ભાઈની પત્નિની છેડતી કર્યા અંગે અમે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે, મારા ભાઈ અને આરોપી વચ્ચે દલાલી બાબતે તકરાર હતી, તે સબંધે અમે કોઈ ફરીયાદ કે દાવો કરેલ નથી. એ વાત ખરી છે કે, મેં બનાવનાં સ્થળે પહોંચ્યા પછી ત્યાં હાજર ત્રણ માણસો

સાથે વાત કરેલી, તેવું મારી ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે, તે ત્રણ વ્યક્તિઓનાં નામ મેં મારી ફરીયાદમાં લખાવેલ નથી કે, પોલીસને જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મેં મારી ફરીયાદ તથા વિશેષ નિવેદનમાં એવી હકિકત લખાવેલ નથી કે, "પછી મેં મારા ભાઈને ઉચકવાની કોશિષ કરી પણ ત્યાં હાજર એક ભાઈએ મને જણાવેલુ કે, તેને ઉચકવાની કોશિષ કરશો નહીં, પતી ગયુ છે." એ વાત ખરી છે કે, પોલીસ સમક્ષની મારી ફરીયાદમાં મેં એવુ લખાવેલ નથી કે, " મારા નાના ભાઈ દિપકની પત્નિની પણ આ પ્રફુલ મરાઠીએ છેડતી કરેલ હતી." સાહેદ જણાવે છે કે, સ્ટેટમેન્ટમાં છે. એ વાત ખરી છે કે, પોલીસ સમક્ષની મારી ફરીયાદમાં મેં એવી હકિકત લખાવેલ નથી કે, "હાલનાં બનાવનાં એક વર્ષ પહેલા આ પ્રફુલ અમારી સોસાયટીમાં જ રહેતો હતો અને તેણે મારા નાના ભાઈની પત્નિની છેડતી કરેલી, તે બાબતે મારા નાના ભાઈની પત્નિએ મારી પત્નિને વાત કરેલી અને બે દિવસ પછી મારા નાના ભાઈને ખબર પડેલી, જેથી અમારી સોસાયટીમાં આવેલ મહાદેવનાં મંદિરે આરોપી પ્રફુલ ઉભો હતો, ત્યારે હું, મારો ભાઈ દિપક, મારા કાકાનો છોકરો જનક મોરે તથા અમારી સોસાયટીનાં પ્રમુખ નિતીનભાઈ ત્યાં ગયેલા અને તેની પુછપરછ કરેલી. ત્યારે તે બાબતે થોડો ઝઘડો થયેલો અને મારા ભાઈ દિપકને અને આરોપીને ઝપા-ઝપી પણ થયેલી, ત્યારબાદ આ આરોપી પ્રફુલ ઉર્ફે સોનુએ સોરી પણ કહેલુ અને પછી તે ત્યાંથી જતો રહેલો." હું કહું છુ કે, મારા ભાઈની પત્નિની છેડતી કરેલી, તેવી હકિકત મેં મારા નિવેદનમાં લખાવેલ છે. એ વાત ખરી છે કે, મારા પોલીસ સમક્ષનાં

તા.૦૨/૦૫/૨૦૧૯ નાં નિવેદનમાં આરોપીએ મારા ભાઈની પત્નિની છેડતી કરેલી, તે સિવાય ઉપર દર્શાવેલ અન્ય કોઈ હકિકતો લખાવેલ નથી. એ વાત ખરી છે કે, મેં ફરીયાદ આપ્યાનાં એક મહીના પછી એટલે કે તા. ૦૨/૦૫/૨૦૧૯ નાં રોજ પોલીસે મારૂ વિશેષ નિવેદન લીધેલુ. એ વાત ખરી છે કે, મારી પોલીસ સમક્ષની ફરીયાદ તથા તા.૦૨/૦૫/૨૦૧૯ નાં મારા નિવેદનમાં મેં એવી હકિકત લખાવેલ નથી કે, "હું બનાવવાળી જગ્યાએ હતો, ત્યારે થોડીવાર પછી પોલીસ આવેલી. જેમણે મને પુછપરછ કરેલી, તે દરમ્યાન મારા પત્નિ અને મારા નાના ભાઈ દિપકનાં પત્નિ પણ ત્યાં આવી ગયેલા, જેમની પ્રાથમીક પુછપરછ કરી, પોલીસ અમારા ઘરે લઈ આવેલી."

**(૧૪)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૨૪ તરીકે આંક–૭૫થી સાહેદ વિશાલ ઉર્ફે બંટી રાજેન્દ્રભાઇ ચૌધરી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

**(૧૫)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૧૨ તરીકે આંક–૫૩થી સાહેદ ધર્મેશભાઇ રણછોડભાઇ પટેલ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, હું પુરષોત્તમ ફાર્મ્સ પેટ્રોલીયમ, જહાંગીરપુરા, સુરત ખાતે છેલ્લા ૧૮ વર્ષથી મેનેજર તરીકે ફરજ બજાવુ છુ. સને–૨૦૧૯ માં લાલગેટ પોલીસ સ્ટેશનનાં પોલીસનાં માણસો અમારા

પેટ્રોલપંપ ઉપર આવેલા. હું તે વખતે પેટ્રોલપંપ ઉપર હાજર હતો, ત્યારે તેમણે આવીને મને કહેલુ કે, અમારે સી.સી.ટી.વી ફૂટેજ ચેક કરવા છે. જેથી મેં તેમને મારી હાજરીમાં સી.સી. ટી.વી. ફૂટેજ બતાવેલા. તેમણે મને જણાવેલુ કે, સવારનાં કલાક ૯ થી ૧૦ વચ્ચેનાં સી.સી. ટી.વી. ફૂટેજ કોપી કરીને અમોને સી.ડી. બનાવી આપો. પછી મેં અમારા ટેક્નીશ્યનને બોલાવી ઉપરોક્ત સી.સી. ટી.વી. કેમેરાનાં ફૂટેજની સી.ડી. બનાવેલી. મેં તે સી.ડી. પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલી. મેં આ સબંધે સર્ટીફીકેટ વાંચીને, સહી કરીને પોલીસને આપેલુ. મને નિ. ૮/૧૩ નું પ્રમાણપત્ર બતાવવામાં આવે છે, જે મેં વાંચીને સહી કરીને આપેલ તે જ છે, જેમાં મારી સહી હું ઓળખી બતાવી રજૂ કરુ છુ, તેને પુરાવામાં રજૂ દાખલ <u>આંકઃપ૪</u> આપવામાં આવે છે. મેં પોલીસને આપેલ ફૂટેજ કયા નંબરનાં કેમેરાનાં હતા, તે મને ખબર નથી. આ દિવસે પેટ્રોલ ભરનાર ભાઈ તરીકે પ્રવિણભાઈ પટેલ હતા. મને આ દિવસે પેટ્રોલ ભરાવવા આવનાર વાહનનો કોઈ નંબર યાદ નથી. મને, મેં પોલીસને સુપરત કરેલ તે ફૂટેજ બતાવવામાં આવે તો હું તે ઓળખી શકું. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૯ નાં એક સીલબંધ કવરમાંથી એક સી.ડી. આ કોર્ટનાં આઈ.ટી. ડીપાર્ટમેન્ટનાં અધિકારીનાં લેપટોપમાં રન કરીને બતાવવામાં આવે છે. જેમાં એક વિડીયો ફાઈલ છે અને એક ઝીપ ફાઈલ છે, જે પૈકી પ્રથમ વિડીયો ફાઈલ ઓપન કરતા, તે ૬ મિનીટની વિડીયો કલીપ છે, જે તા. ૦૨/૦૪/૨૦૧૯ નાં કલાક ૯–૩૫ વાગ્યે શરૂ થતી હોવાનું જણાય છે. જેમાં પેટ્રોલ ભરનાર માણસ અમારા પેટ્રોલપંપનો કર્મચારી પ્રવિણભાઈ

પટેલ છે. આ સી.સી. ટી.વી ફૂટેજ કોર્ટમાં મને બતાવતા જોઈને કહું છુ કે, તે મેં મારી હાજરીમાં પોલીસને બતાવેલ તે જ ફૂટેજ છે અને મારા ટેક્નીશ્યન મારફતે કોપી કરીને સી.ડી.માં સુપરત કરેલ, તે જ ફૂટેજ છે, જે હું ઓળખી બતાવુ છુ. તપાસ કરનાર અધિકારીએ મારૂ નિવેદન લીધેલુ.

**(૧૫.૧)** સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે, આ સી.સી. ટી.વી. ફૂટેજ પોલીસ અમારા પેટ્રોલપંપ ઉપર આવી, ત્યારપછી જોયેલા. એ વાત ખરી છે કે, આ સી.સી. ટી.વી. ફૂટેજમાં હું દેખાતો નથી. એ વાત ખરી છે કે, આ સી.સી. ટી.વી. ફૂટેજનાં સમયમાં હું મારી ઓફિસમાં હતો. એ વાત ખરી છે કે, મેં ટેક્નીશ્યનને બોલાવીને સી.ડી. બનાવડાવેલી. ટેક્નીશ્યનનું નામ મહેશભાઈ પટેલ હતુ. આ મહેશભાઈની જહાંગીરપુરા વિસ્તારમાં દુકાન આવેલ છે, ત્યાંથી તેમને બોલાવેલા. અગાઉ સી.સી. ટી.વી. કેમેરાની દેખભાળ બીજા ટેક્નીશ્યન રાખતા હતા. એ વાત ખરી છે કે, બનાવ સમયે પણ તે બીજા ટેક્નીશ્યન અમારા સી.સી. ટી.વી. કેમેરાની દેખભાળ કરતા હતા. એ વાત ખરી છે કે, હું આ અરસામાં પેટ્રોલ પંપ ઉપર મેનેજર તરીકે ફરજ બજાવતો હતો અને મારૂ કામ હીસાબ રાખવાનું હતુ. એ વાત ખરી છે કે, કેમેરાનું રીપેરીંગનું કામ અમે જાણીએ નહીં. એ વાત ખરી છે કે, સી.સી. ટી.વી. કેમેરામાં કોઈ ખામી ઉભી થાય તો અમે ટેક્નીશ્યનને બોલાવીએ. એ વાત ખરી છે કે, સી.સી. ટી.વી. કેમેરા ચાલે છે કે કેમ, તે અમે જોઈએ, પરંતુ તેનું રીપેરીંગ કામ અમે ન કરીએ. મારી હાજરીમાં મહેશભાઈએ પોલીસને કોઈ સર્ટીફીકેટ આપેલ નથી. એ વાત ખરી છે કે, મહેશભાઈને તે દિવસ પુરતા જ

બોલાવેલા. એ વાત ખરી છે કે, અમારા પેટ્રોલપંપ ઉપર કોમ્પ્યુટર કઈ કંપનીનું, કયા નંબરનું હતુ, તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, કોમ્પ્યુટરમાંથી કઈ રીતે સી.ડી. બનાવવી તે મને આવડતુ નથી. એ વાત ખરી છે કે, મહેશભાઈએ કેવી રીતે સી.ડી. બનાવી તે મને ખબર નથી. સાહેદ જણાવે છે કે, મહેશભાઈએ અમારા કોમ્પ્યુટરમાંથી મારી રૂબરૂ સી.ડી. બનાવેલ છે. એ વાત ખરી છે કે, આંકઃ૫૪ વાળુ સર્ટીફીકેટ પોલીસે મને વંચાવેલુ અને તેમાં મેં સહી કરેલી. એ વાત ખરી છે કે, મારા પેટ્રોલપંપ ઉપર પોલીસે આંકઃ૫૪ નું લખાણ તૈયાર કરેલુ અને મારી સહી લીધેલી. તે પોલીસવાળા કોણ હતા, તેમનું નામ મને ખબર નથી.

**(૧૬)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૧૩ તરીકે આંક–૫૭થી સાહેદ દિનેશભાઇ મોહનભાઇ ડાંગી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, હું સને–૨૦૧૯ માં કોઝ વે, વીર મેઘમાયા સર્કલ પાસે આવેલ મહાવીર ફાસ્ટફૂડની દુકાનમાં વેપાર કરી, મારા પરીવારનું ગુજરાન ચલાવુ છુ. મારી આ દુકાન ઉપર સી.સી. ટી.વી કેમેરા ઈન્સ્ટોલ કરેલ છે. તા.૦૨/૦૪/૨૦૧૯ નાં રોજ મેં મારી ઉપરોક્ત દુકાન ખોલેલી. વિશાલા રેસ્ટોરન્ટ સામે એક મર્ડર થયાનું મેં સાંભળેલુ. આ સબંધે મારે ત્યાં પોલીસ આવેલી. તે કયા પોલીસ સ્ટેશનની પોલીસ હતી, તે મને ખબર નથી. પોલીસે આવીને મારી પાસે મારા દુકાનમાં લાગેલ સી.સી. ટી.વી. કેમેરાનાં ફૂટેજ માંગેલા. મને ટેક્નોલોજીનો બહું ખ્યાલ ન હોય, પોલીસને પાસવર્ડ આપી, તેમને જે જોવુ હોય તે જોઈ લો, તેવું કહેલુ. પછી પોલીસે મેં આપેલ પાસવર્ડ આધારે સી.સી. ટી.વી. ફૂટેજ

જોયેલા. મેં પોલીસની સાથે સી.સી. ટી.વી. ફૂટેજ જોયેલ નહીં. પોલીસે મોબાઈલમાં આ ફૂટેજમાંથી ફોટોગ્રાફ્સ લીધેલા. પોલીસ ફૂટેજ કેવી રીતે લઈ ગયેલી, શેમાં લઈ ગયેલી, તે મને ખબર નથી. મેં કોઈ ટેક્નીશીયનને બોલાવી ડી.વી.ડી. માં આ સી.સી. ટી.વી. કેમેરાનાં ફૂટેજ આપેલ હોય, તેવું બનેલ નહીં. મેં પોલીસને કોઈ સર્ટીફીકેટ આપેલ નહીં. પોલીસે મારૂ અને મારા પિતાનું નામ પુછેલુ અને તમને કંઈ નહીં થાય તેમ જણાવી સહી કરવાનું કહેતા મેં સહી કરી આપેલી. મને સરકારી વકીલશ્રીની ફાઈલમાંથી અસલ સર્ટીફીકેટ બતાવવામાં આવે છે, તે જોઈને કહું છુ કે તેમાંની સહી મારી છે, પણ તેમાં શું લખેલુ તે મને ખબર નથી. આ સર્ટીફીકેટમાં મારી સહી હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. તેને પુરાવામાં રજૂ દાખલ આંકઃ૫૮ આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૦ જે સીલબંધ કવર છે, તેની નામદાર કોર્ટની પરવાનગીથી ખોલતા તેમાંથી એક ડી.વી.ડી. મને બતાવવામાં આવે છે. તે જોઈને કહું છુ કે, તેની ઉપર મારી દુકાનનું નામ લખેલ છે, તે સાચુ છે, પરંતુ આ ડી.વી.ડી. મેં પોલીસને આપેલ નથી. પોલીસે મારૂ નિવેદન લીધેલુ. સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

**(૧૬.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે, પોલીસને પાસવર્ડ મેં નહીં પરંતુ મારા પુત્રએ આપેલુ.

**(૧૭)**વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૧૫ તરીકે આંક-૬૩થી સાહેદ વિશ્વનાથ

જયરામભાઇ મૌરે નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, હું સને–૨૦૧૯ માં એસ.આર.કે.માં સાફ–સફાઈનું કામ કરતો હતો. ફરીયાદી રાજુભાઈ બાબુભાઈ મૌરે મારા ભાઈનો છોકરો છે. મરણજનાર દિપક મૌરે પણ મારા ભાઈનો છોકરો થાય છે. બનાવ અરસામાં હું સાત વાગ્યે કામ ઉપર ગયેલો, ત્યારે સવારે સાડા આઠ–પોણા નવ વાગ્યે મારા ભાઈનાં છોકરા અલ્પેશનો ફોન આવેલો અને જણાવેલુ કે, દિપકભાઈને વિશાલા રેસ્ટોરન્ટ પાસે કોઈ મારીને જતુ રહ્યુ છે. જેથી હું રીક્ષા કરીને ત્યાં પહોંચી ગયેલો. ત્યાં દિપકભાઈ માથામાં વાગેલ હાલતમાં, લોહી લુહાણ હાલતમાં રોડ ઉપર પડેલ હતા અને ત્યાં મારા ભાઈનો છોકરો પણ ત્યાં હાજર હતો, પછી અમે રડવા લાગેલા. ત્યાં લોકો પણ ભેગા થઈ ગયેલા હતા. દિપકભાઈને માથા ઉપર અને મોઢા ઉપર ઈજા થયેલ હતી. હું ત્યાં પહોંચ્યો ત્યારે આ દિપકભાઈ મૃત્યુ પામેલ. ત્યાં દિપકભાઈનો મોટો ભાઈ રાજુભાઈ ત્યાં હાજર હતા, જેને સાઈડમાં લઈ જઈને મેં પુછેલુ કે, કેવી રીતે આ બનાવ બનેલો? તો તેણે મને કહેલુ કે, સ્કુટી ઉપર એક ભાઈ આવેલા, તેમણે બ્લેક કલરનું જેકેટ પહેરેલુ અને હેલમેટ પહેરેલુ અને ભાઈને માથામાં લોખંડનો સળીયો મારી, ત્યાંથી નાસી ગયેલ. મને આવી વાત રાજુભાઈએ કરેલી. આ બનાવ પહેલા એકાદ વર્ષ પહેલા મરનાર દિપકભાઈને તેને જે માણસે માથામાં સળીયો મારેલો, તેની સાથે જમીન બાબતે કંઈ તકરાર થયેલી. મને તે માણસનું નામ હાલ યાદ આવતુ નથી. તે કારણે આ બનાવ બનેલો, તેવું રાજુભાઈએ મને જણાવેલુ. દિપકભાઈને એક દિકરો અને એક દિકરી છે. બનાવ સમયે

દિપકભાઈ તેમનાં દિકરા–દિકરીને સ્કુટી લઈને ટ્યુશન મુકવા જતા હતા. મેં બહુ ભીડ હોય, દિપકભાઈનું સ્કુટી જોયેલ નહીં. જે ભાઈએ દિપકને મારેલુ, તેને જોયેથી હું ઓળખી શકું. તે માણસ આજરોજ કોર્ટમાં હાજર છે, જેણે બ્લેક કલરનું શર્ટ પહેરેલ છે. મને કોર્ટમાં તે માણસ હાજર છે, તેવું દેખાતુ નથી. સાહેદ જણાવે છે કે, બહાર ઉભેલો હતો, ત્યારે મેં જોયેલુ. તેણે કાળુ શર્ટ પહેરેલુ છે. આજરોજ કોર્ટમાં પાછળ બેઠેલ વ્યક્તિ પાસે જઈને જોઈને જણાવુ છુ કે, દિપકને માર્યુ હતુ, તે તે જ વ્યક્તિ છે. પોલીસે મારૂ નિવેદન લીધેલુ.

**(૧૭.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે, હું દિપક અને રાજુ કરતા અલગ રહું છુ. બનાવ બન્યો ત્યારે તે લોકો ગજાનંદ પાર્ક, ભરીમાતા રોડ ઉપર રહેતાહતા અને હું વેડ રોડ રહેતો હતો. હું છેલ્રા ૧૦ વર્ષથી વેડ રોડ રહું છુ. એસ.આર.કે. કતારગામમાં આવેલ છે. <u>એ વાત ખરી છે કે, મને અલ્પેશે કહ્યુ ત્યારે બનાવની ખબર પડેલી</u>. એ વાત ખરી છે કે, અલ્પેશનો ફોન અમારા વતનથી આવેલો. અમારૂ વતન મહારાષ્ટ્ર ખાતે આવેલ છે. એ વાત ખરી છે કે, હું એ ચોક્કસ કહી શકું નહીં કે, બનાવ પછી કેટલા સમય પછી અલ્પેશે મને ફોન કર્યો હશે. મને એસ.આર.કે.થી બનાવનાં સ્થળે પહોંચતા આશરે ૧૦–૧૫ મિનીટ થયેલી. એ વાત ખરી છે કે, બનાવ બનતા મેં નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, દિપકને કોણે મારેલુ, તે પણ મેં જોયેલ નથી. એ વાત ખરી છે કે, દિપકભાઈને મારનારને મેં જોયેલ ન હોય, હું તેને ઓળખી શકું નહીં. એ વાત ખરી છે કે, બનાવ વિશે મેં જે કાંઈપણ જાણેલુ તે રાજુભાઈ પાસેથી

જાણેલુ. એ વાત ખરી છે કે, જમીનની તકરાર વિશે પણ મેં રાજુભાઈ પાસેથી જાણેલુ. એ વાત ખરી છે કે, તે બાબતેની મને જાત માહિતી નથી.

(૧૮) વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૧૬ તરીકે આંક–૬૫થી સાહેદ ગીતાબેન દિપકભાઇ મોરે નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, મારા લગ્ન સને ૨૦૦૭માં દિપકભાઇ મોરે સાથે થયેલા. મારે સંતાનમાં બે બાળકો છે. જેમાં સૌથી મોટા બાળકનુ નામ રોનક છે, જે હાલ ૧૫ વર્ષનો છે, જે ગુરૂકુળમાં અભ્યાસ કરે છે. તેનાથી નાની દિકરી ઇશા છે, જે હાલ ૧૧ વર્ષની છે અને શારદા વિધાલયમાં અભ્યાસ કરે છે. મારા બંને બાળકો રીવરપાર્ક સોસાયટીમાં સવારે આઠ થી દસ વાગ્યા દરમિયાન ટ્યુશને જતા હતા. મારા પતિ હિરાના કારખાનામાં કામ કરતા હતા. તેઓ મંદીના લીધે છએક મહિનાથી ઘરે હતા. જેથી તેઓએ સરદાર હોસ્પિટલ પાસે ચાઇનીઝની લારી ચાલુ કરેલી. તેઓ ચાઇનીઝની લારી ભાગીદારીમાં ચાલતી હતી, તેના ભાગીદારનુ નામ મને ખબર નથી. મારા પતિ છોકરાઓને ટ્યુશને તા.૦૨/૦૪/૨૦૧૯ના રોજ લઈ જતા હતા અને તેઓને કોઇએ માર મારેલો, શુ માર મારેલો તે મને ખબર નથી જે અંગેની બાતમી અમારા ઘરે અમારી સોસાયટીમાં રહેતો બંટી નામનો માણસ લઈને આવેલો. ત્યારબાદ મારી હાલત ખરાબ થઈ ગયેલ, બાદમાં હું અને મારી જેઠાણી જયશ્રીબેન નાઓ બંટીભાઇ સાથે બનાવ વાળી જગ્યાએ ગયેલા ત્યારે બનાવ વાળી જગ્યા પર કોઇ ન હતુ, મારા પતિને હોસ્પિટલે લઈ ગયેલ છે તેવુ ત્યાં હાજર માણસોએ જણાવેલુ. ત્યારબાદ અમે હોસ્પિટલે ગયેલા, સ્મીમેર જેવી કોઇ હોસ્પિટલ હતી, તેનુ ચોક્કસ

નામ મને હાલ યાદ નથી. ત્યાં મારા પતિની સારવાર ચાલતી હતી, કંઇ જોવા મળેલુ નહીં. મારા પતિને કોણે મારેલુ તેની મને ખબર નથી એટલે હું ઓળખી શકુ નહીં. ત્યારબાદ અમો અમારા ઘરે આવી ગયેલા. પોલીસે મારુ નામ–સરનામુ પુછેલુ. સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી જણાવેલ છે કે, બનાવના ચાર વર્ષ પહેલા અમો વિશ્રામ નગર ખાતે રહેતા હતા અને સલુન કામ કરતા અમારા ઓળખીતા નિલેશભાઇની ઓળખાણથી પ્રફુલ્લભાઇ ઉર્ફે સોનુ તથા તેના માતા પિતા, ભાઇ–બેન સાથે અમારા રૂમમાં નીચે ભાડેથી રહેવા આવેલા અને ચાર માસ જેટલો સમય ભાડેથી રહેલા અને ત્યારબાદ મારા જેઠ રાજુભાઇ તેના પરીવાર સાથે રહેવા આવતા પ્રફુલ્લભાઇ ઉર્ફે સોનુને રૂમ ખાલી કરાવી દીધેલ અને તે અમારી સોસાયટીમાં ઘર નં.૧૧માં રહેવા ગયેલ હતા.

**(૧૮.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે, મારા પતિ અને જેઠ જુદા રહે છે અને બંનેનો કામ ધંધો પણ અલગ અલગ છે. એ વાત ખરી છે કે આરોપી સાથે કોઇ બનાવ બન્યો હોય કે કોઇ ધમાલ થઇ હોય તે બાબતે મે મારા પતિ કે જેઠને હકીકત જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારા પતિએ પણ મારા જેઠને કોઇ હકીકત જણાવેલ હોય તેવુ પણ બનેલ નથી.

**(૧૯)**વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૧૭ તરીકે આંક–૬૬થી સાહેદ હસમુદ્દીન જમાલુદ્દીન શેખ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં

ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૨૦)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૨૫ તરીકે આંક–૭૬થી સાહેદ જયશ્રીબેન તે રાજુભાઇ બાબુભાઇ મોરેની પત્ની નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૨૦.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે મારા પતિએ કે મારા દિયર દિપકભાઇએ મને કોઇ વાર પ્રફુલ્લ ઉર્ફે સોનુ નામની વ્યક્તિ સામે છેડતી બાબતમાં કે દલાલી બાબતમાં કે કોઇ બીજી બાબતે ઝઘડો હોય તેવી કોઇ વાત કોઇ વાર મને કરેલ નથી.

**(૨૧)**વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૨૬ તરીકે આંક–૭૮થી સાહેદ જયનાથ જમનાપુરી ગૌસ્વામી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૨૨)**વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૨૭ તરીકે આંક–૭૯થી સાહેદ પ્રદિપકુમાર

ડૌમસિંગ ઠાકુર નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૨૩)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૨૮ તરીકે આંક-૮૧થી સાહેદ જયશ્રીબેન વા.ઓ. ગોવિંદ પ્રભાત પાત્રા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૨૪)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૩૦ તરીકે આંક-૮૭થી સાહેદ ભાણાભાઇ જીલુભાઇ પરમાર નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૨૫)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૩૨ તરીકે આંક-૯૪થી સાહેદ વિક્રમભાઇ મનુભાઇ પરમાર નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે

વિ.એ.પી.પી. શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૨૬)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૨૯ તરીકે આંક–૮૩થી સાહેદ ડો. રાજેશ એન. પટેલ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, હું તા.૦૨/૦૪/૨૦૧૯ના રોજ સ્મીમેર હોસ્પિટલના ફોરેન્સીક મેડીસીન વિભાગમાં મારી ટ્યુટર તરીકેની ફરજ પર હતો ત્યારે લાલગેટ પોલીસ સ્ટેશનના પી.આઇ.શ્રી એ.એસ. પાટીલ દ્વારા એક પુરૂષ ઇસમ નામે–દિપક બાબુભાઇ મોરે રહે–પ્લોટ નં.૧૬૮, ગજાનંદ પાર્ક સોસાયટી, ભરીમાતા રોડ, સુરત ની લાશ તા.૦૨/૦૪/૨૦૧૯ના રોજ બપોરે ૦૨/૧૦ કલાકે પોસ્ટમોર્ટમ માટે, તે જ પોલીસ સ્ટેશનના એ.એસ.આઇ. અબ્દુલભાઇ બ.નં.૨૩૯૭ દ્વારા મોકલવામાં આવેલી. જે લાશ યાદી સાથે મોકલવામાં આવેલી, જે યાદી આજરોજ હું મારી સાથે લાવેલ છુ, જેમાં મોકલનાર તરીકે પો.ઇન્સ. લાલગેટ પો.સ્ટે.નાઓની સહી છે તથા સ્વીકારનાર તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જેને પુરાવામાં રજુ દાખલ આંક–૮૪ આપવામા આવે છે. જે લાશની ઓળખાણ મરણ જનારના કાકાના છોકરા ભાઇ જ્ઞાનદેવ રઘુનાથ મોરે દ્વારા કરવામાં આવેલી. જે લાશનુ પોસ્ટમોર્ટમ મે તથા સાથેના પેનલ ડો.સંદિપ રાલોટીની પેનલથી કરેલુ. જે પોસ્ટમોર્ટમ ૦૨/૨૦ કલાકે શરૂ કરી ૦૩/૩૦ કલાકે પુર્ણ કરેલુ. જેનુ પોસ્ટ મોર્ટમ નં.૫૬૧/૨૦૧૯ આપવામાં આવેલો. લાશનું બાહ્ય પરીક્ષણ કરતા જે એક પુરૂષ ઇસમની લાશ હતી, જેણે શરીર પર બ્લ્યુ કલરનો આખી બાંયનો ડીઝાઇન વાળો

શર્ટ, બ્લ્યુ કલરનો હાફ બરમુડો તથા કોફી કલરનો જાંગીયો પહેરેલો હતો. ગળાના ભાગે કાળા દોરાની રૂદ્રાક્ષની માળા હતી અને જમણા કાંડા ઉપર કાળો દોરો બાંધેલો હતો. શર્ટનો આગળનો ભાગ લોહીથી ખરડાયેલો હતો. જમણા હાથ પર કોણીના નીચેના ભાગે બહારની બાજુ ડીઝાઇન વાળુ કાળા કલરનુ છુંદણુ હતુ, આખી શરીર જકડાઇ ગયેલુ હતુ તથા પોસ્ટ મોર્ટમ લીવીડીટી શરીરના પાછળના ભાગે દબાણ સિવાયના વિસ્તાર પર જોવા મળતી હતી. આંખો બંધ હતી, મોઢું અર્ધ ખુલ્લુ હતુ, ચહેરો, ગળાનો ભાગ અને વાળ લોહીથી ખરડાયેલા હતા, મોઢામાંથી તથા નાકમાંથી લોહી આવી રહ્યુ હતુ. લાશનુ બાહ્ય પરીક્ષણ કરતા નીચે મુજબની બાહ્ય ઈજાઓ માલુમ પડેલી. કપાળના જમણા ભાગે જમણી આઇ–બ્રોથી ૦૪ સેમી ઉપર અને મધ્ય રેખાથી ૩.૫ સેમી જમણી બાજુ ૬.૫*૨.૫ સેમીનો મગજની ઉંડાઇ સુધી જતો છુંદાયેલો ઘા હતો. જેના છેડા અનિયમિત અને ચકામા વાળા હતા તથા ઘા માંથી બ્લીડીંગ થઇ રહેલુ હતુ. ઉપરોક્ત ઈજા નં.૧ થી ૧.૫ સેમી ઉપર અને જમણી બાજુ ૩.૫*૦૧ સેમીનો મગજની ઉંડાઇ સુધીનો છુંદાયેલો ઘા હતો. જેના છેડા અનિયમિત અને ચકામા વાળા હતા. ઈજા નં.૧ અને ૨ની ફરતે ૧૨*૭.૫ સેમીનો લાલ કલરનો ચકામો હતો. ચહેરાની જમણી બાજુ જમણી આંખથી ૦૨ સેમી નીચે ૧.૫*૦.૨ સેમીનો સ્નાયુની ઉંડાઉ સુધીનો છુંદાયેલો ઘા હતો, જેના છેડા અનિયમિત, ચકામાવાળા અને લાલ કલરના હતા. ઉપરના હોઠ ઉપર મધ્યરેખાથી ૦૧ સેમી જમણી બાજુ ૦૩*૦૨ સેમીનો સ્નાયુની ઉંડાઇ સુધીનો છુંદાયેલો ઘા હતો, જેના છેડા અનિયમિત, ચકામાવાળા અને

લાલ કલરના હતા અને જમણી બાજુ દાઢીનુ હાડકુ અને જડબાનુ હાડકુ મેન્ડીબલ ફ્રેક્ચર થયેલુ હતુ. દાઢીના ભાગે હોઠથી ૦૧ સેમી નીચે ૦૨*૦૧ સેમીનો સ્નાયુની ઉંડાઇ સુધીનો છુંદાયેલો ઘા હતો, જેના છેડા અનિયમિત, ચકામાવાળા અને લાલ કલરના હતા. ઉપરોક્ત ઈજા નં.૫ થી ૦૨ સેમી નીચે ૨.૫*૦૧ સેમીનો સ્નાયુની ઉંડાઇ સુધીનો છુંદાયેલો ઘા હતો, જેની નીચેનો જડબાના હાડકાનુ ફ્રેક્ચર બહારથી અનુભવી શકાય તેવુ હતુ. ડાબા કાન ઉપર ૦૩*૦.૫ સેમીનો સ્નાયુની ઉંડાઇ સુધીનો છુંદાયેલો ઘા હતો, જેના છેડા અનિયમિત, ચકામાવાળા અને લાલ કલરના હતા. ચહેરાની જમણી બાજુ નાકથી ૦૨ સેમી જમણી બાજુ ૦૫*૦૨ સેમીનો લાલ કલરનો ચકામો હતો. ઉપરોક્ત બધી બાહ્ય ઈજાઓ મરણ પહેલાની હતી તથા ખોપરીના જમણી બાજુનુ જડબાની જમણી બાજુની હાડકુ અને દાઢીની જમણી બાજુના હાડકાનુ બહારથી અનુભવી શકાય તેવુ ફ્રેક્ચર માલુમ પડેલ. લાશનુ આંતરીક પરીક્ષણ કરતા માથાના ભાગે બાહ્ય ઈજા નં.૧ અને ૨ને આનુસંગિક માથાની જમણી બાજુ અંદરના ભાગે ૨૬*૧૫સેમીના ભાગમાં રક્ત સ્ત્રાવ થયેલો હતો તથા જમણા ફ્રન્ટલ પરાયટલ અને ટેમ્પોરલ ખોપરીના હાડકાનુ C શેપનુ ૨૪*૨.૫ સેમીનુ ફ્રેક્ચર થયેલુ હતુ. જમણા ફ્રન્ટલ અને પરાયટલ હાડકાનુ ૧૭*૧૨ સેમી ભાગમાં ઘણા બધા ટુકડાઓમાં ફ્રેક્ચર થયેલુ હતુ જેમાંથી છુંદાઇ ગયેલો બ્રેઇનનો ભાગ બહાર આવી રહેલો હતો અને ફ્રેક્ચર થયેલી લાઇન ખોપરીના અંદરના ભાગે જમણી બાજુ ૧૦.૫*૦.૫ સેમી સુધી જતી હતી. મગજ ઉપર જમણા ફ્રન્ટલ લોબનો ભાગ ૯.૫*૦૭*૨.૫

સેમીના ભાગમાં છુંદાય ગયેલો હતો તથા તેના ઉપરના આવરણનો ભાગ ૧૨*૧૧ સેમીનો ભાગ છુંદાય ગયેલો હતો અને આખા મગજ ઉપર સબડ્યુરલ અને સબ એરેકનોઇડ પ્રકારનો હેમરેજ થયેલુ હતુ અને મગજના સેરેબેલમ ઉપર રક્તસ્ત્રાવ થયેલો હતો અને જમણી બાજુના ફ્રન્ટલ અને પરાયટલ લોબના અંદરના ભાગે પણ રક્તસ્ત્રાવ થયેલો હતો. જડબામાંથી ઉપરના ભાગે જમણી બાજુનો વચ્ચેનો દાંત તુટી ગયેલો હતો અને જમણી બાજુના જડબાના ઉપરના અને નીચેના દાંત સોકેટમાંથી ઢીલા પડી ગયેલા હતા. છાતીના આંતરીક પરીક્ષણમાં કોઇ આંતરીક ઇજા માલુમ પડેલી નથી. પેટના આંતરીક પરીક્ષણમાં કોઇ આંતરીક ઇજા માલુમ પડેલી નથી. મરણ જનારનુ બ્લડસેમ્પલ અને કપડા વધુ તપાસ માટે આવનાર એ.એસ.આઇ. અબ્દુલભાઇ બ.નં.૨૩૯૭ને વધુ તપાસ માટે FSL મોકલવા સારુ સીલબંધ હાલતમાં આપવામાં આવેલ. શરીર ઉપરની બધી જ બાહ્ય તથા આંતરીક ઇજાઓ મરણ પહેલાની હતી, મરણ જનારનુ મોત પોસ્ટ મોર્ટમ કર્યાના ૨૪ કલાકની અંદર થયેલુ હતુ અને મરણ જનારનુ મોત ખોપરી પર થયેલી ઇજા, મગજ પર થયેલી ઇજા તથા ચહેરા પર થયેલી ઇજાને કારણે રક્તસ્ત્રાવ થવાથી આઘાત લાગવાને કારણે થયેલુ હતુ. શબની પી.એમ. નોટ મે મારા હસ્તાક્ષરમાં તૈયાર કરેલ છે, જેની નીચે મારી તથા પેનલ ડો.સંદિપ રાલોટી સાહેબનાઓની મહોર સાથેના હસ્તાક્ષર છે. મને <u>નિશાની-૮/૧૬</u>થી રજુ પી.એમ. નોટ બતાવવામા આવે છે, જેમાં મારી તથા સાથેના પેનલ ડો.સંદિપ રાલોટીની સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે મારા હસ્તાક્ષરમાં છે, જેને પુરાવામાં

રજુ દાખલ આંક–૮૫ આપવામાં આવે છે. પી.એમ. નોટમાં દર્શાવેલ બાહ્ય તથા આંતરીક ઈજાઓ સખત અને બોથડ પદાર્થ દ્વારા થઇ શકે તેવા પ્રકારની હતી. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૫ બતાવવામાં આવે છે, જે એક કાપડની બેગીમાં છે જે નામદાર કોર્ટની પરવાનગીથી ખોલતા તેમાંથી એક સ્ટીલનો પાઇપ નીકળેલ છે, જે સ્ટીલનો પાઇપ જોઇને કહુ છુ કે આ પાઇપ વડે મરણ જનારને થયેલી ઈજાઓ સંભવી શકે.

**(૨૬.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે પી.એમ. કરતા પહેલા મે યાદી વાંચેલી. એ વાત ખરી છે કે તે યાદીમાં બનાવ કેવી રીતે બનેલો અને ક્યા હથિયારથી બનેલો તે તમામ હકીકતો લખવામાં આવેલ હતી. સવાલ–પી.એમ. રીપોર્ટમાં જણાવ્યા મુજબની તમામ ઈજાઓ વાહન અકસ્માતમાં સંભવી શકે તેવા પ્રકારની છે? જવાબ–નાજી, પી.એમ. રીપોર્ટમાં જણાવ્યા મુજબની તમામ ઈજાઓ એકસાથે વાહન અકસ્માતમાં સંભવી શકે તેવી ન હતી. એ વાત ખરી છે કે દરેક વાહન અકસ્માત એક જેવા હોતા નથી. એ વાત ખરી છે કે અલગ–અલગ વાહન અકસ્માતમાં અલગ–અલગ પ્રકારની ઈજાઓ સંભવ છે. એ વાત ખરી છે કે વાહન અકસ્માત દરમિયાન જો મરનાર વ્યક્તિ રોડ સાથે ધસડાય જો ઉઝરડાના નિશાન, ઉઝરડાની ઈજા તથા કોઈ સખત અને બોથડ પદાર્થ સાથે અથડાઈ તો છુંદાયેલા ઘા તથા ફ્રેકચર પ્રકારની ઈજાઓ થઇ શકે છે. સવાલ–જો વાહન અકસ્માતમાં વ્યક્તિ કોઈ ધારદાર ઓબ્ઝેક્ટ સાથે અથડાઈ અથવા વાહનના ધારદાર ભાગ સાથે અથડાઈ તો કપાયેલી કે ભોંકાયેલી ઈજાઓ થઇ શકે?જવાબ–નાજી.સવાલ–જો

માણસ ઉભા સળીયા ઉપર પડી જાય તો છાતીના ભાગે કેવા પ્રકારની ઈજા થઈ શકે? જવાબ–લેસરટેડ વુન્ડં થાય. એ વાત ખરી છે કે વાહન અકસ્માતમાં વ્યક્તિના જે શરીર ઉપર વાહન કે સરફેસનુ દબાણ આવે તે ભાગે ઈજા થઈ શકે. એ વાત ખરી છે કે વાહન અકસ્માતના કેસમાં શરીરના ક્યા ભાગ ઉપર ક્યા પ્રકારની ઈજા થઈ શકે તેનો કોઈ નિશ્ચિત નિયમ કે ફોર્મેટ ન હોય. મારા અભિપ્રાય મુજબ મુદ્દામાલ વાળો સળીયો સ્ટીલ ધાતુનો બનેલો છે. એ વાત ખરી છે કે સ્ટીલ અને લોખંડ અલગ–અલગ ધાતુ છે. મુદ્દામાલ વાળા સળીયાનુ વજન મારા અભિપ્રાય મુજબ આશરે દોઢ કિલોનુ હશે. મુદ્દામાલ વાળા સળીયો જોઈને હું કહુ છુ કે હાલ તે સળીયા ઉપર કોઈ પણ પ્રકારના ડાધા કે અન્ય પદાર્થ ચોંટેલ હોય તેવુ જણાતુ નથી. એ વાત ખરી છે કે આધાત અલગ–અલગ પ્રકારના હોય શકે. સવાલ–મૃત્યુના કારણમા કોલમ નં.૨૩(સી)માં આપે આધાતનો પ્રકાર જણાવેલ નથી? જવાબ–જે આધાતનો પ્રકાર પી.એમ. નોટના અંદરના માથાના આંતરીક પરીક્ષણમાં જે રક્તસ્ત્રાવ થયેલો છે તે પરથી હેમરેજીક અને ન્યુરોજેનીક શોક હોય શકે. એ વાત ખરી છે કે મે મારી પી.એમ. નોટમાં મૃત્યુના કારણમાં હેમરેજીક અને ન્યુરોજેનીક શોક શબ્દો લખેલ નથી.

**(૨૭)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૩૧ તરીકે આંક–૮૯થી સાહેદ તુષાર છેલશંકર જોષી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, હું મારી સુરત ખાતેની ફરજ પર હતો તે દરમિયાન તા.૦૨/૦૪/૨૦૧૯ના રોજ લાલગેટ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ

ગુ.ર.નં.૨૪/૨૦૧૯ના કામે વિશાલા રેસ્ટોરન્ટની સામે ભરીમાતા કોઝ વે સર્કલ રોડ, સુરત ખાતે ૧૧/૨૫ કલાકે પહોંચેલ. સદર જગ્યાએ પી.આઇ.શ્રી એ.એસ. પાટીલ નાઓએ સ્થળ બતાવીને દર્શાવેલ. સદર જગ્યાએ તપાસ કરતા ઉતર દક્ષિણનો રોડ જણાતો હોય જેમાં રોડની પુર્વે વિશાલા ગાર્ડન રેસ્ટોરન્ટનુ બોર્ડ ધરાવતી એક રેસ્ટોરન્ટ જણાતી હતી તથા વચ્ચે રોડનુ ડીવાઇડર જણાતુ હતુ. સદર ડીવાઇડરની જગ્યામાં એક ઇલેક્ટ્રીક લાઇટનો થાંભલો જણાતો હતો. જેના પર CBR 4 લખાણ વંચાતુ હતુ. સદર થાંભલાથી આશરે ૧૮૦ ઇંચ ઉત્તરે તથા ડીવાઇડરથી આશરે ૧૨૮ ઇંચ પુર્વે આશરે છ ફુટના ઘેરાવામા અનિયમિત આકારનુ લોહીનો ડાઘુ જણાયેલુ. સદર જગ્યાએ ઉપરોક્ત બનાવ બનેલ હોવાનુ જણાવ્યુ હતુ. ઉપરોક્ત જગ્યાએ અન્ય કોઇ બનાવ સંબંધિત ચિહ્નો જોવા મળેલ ન હતા. કબજે લેવડાવેલ નમુના-(૧) લોહીના ડાઘા પરથી કોટન ગોઝ વડે ઘસીને લેવડાવેલ સ્વેબ-૧. (૨) કન્ટ્રોલ કોટન ગોઝ-૧ એકત્રીત કરાવેલ/કરવા માટે સુચવેલ નમુનાની વિગત-(૧) ઉપરોક્ત કબજે લેવડાવેલ નમુનાઓ તથા બનાવ સમયે મરણ જનાર અને આરોપીઓએ પહેરેલ તમામ કપડા, બનાવમાં વપરાયેલ તમામ હથિયાર કબજે લઇ વધુ તપાસ અર્થે RFSL સુરત મોકલવા સુચન કરેલ છે. CCTV ફુટેજ પ્રાપ્ય હોય તો બનાવ સંબંધે ઉપયોગમાં લેવા સમજ કરેલ છે. બનાવ સ્થળથી ફોટોગ્રાફી કરાવવા તથા મરણ જનારનુ પી.એમ. કરાવી મૃત્યુનુ ચોક્કસ કારણ મેળવવા સમજ કરેલ છે. બનાવ સંબંધિત તમામ જરૂરી સુચન અને માર્ગદર્શન કરેલ છે. મને <u>નિશાની-૮/૧૪</u> થી

રજુ સ્થળ પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ, જેને પુરાવામાં રજુ દાખલ આંક–૯૦ આપવામાં આવે છે. અમોને સદર બનાવ વાળી જગ્યાએ પધારી સ્થળ નિરીક્ષણ કરી અભિપ્રાય આપવા માટે પોલીસ ઈન્સ.લાલગેટ પો.સ્ટે.સુરત શહેર નાઓ તરફથી તા.૦૨/૦૪/૨૦૧૯ના રોજ યાદી આપવામા આવેલ તે યાદી મને પોલીસ પેપર્સમાંથી બતાવવામાં આવે છે, જે યાદીમાં પો.ઈન્સ.એ.એસ. પાટીલ નાઓની સહી છે. જે હું ઓળખી બતાવુ છુ, જેને પુરાવામાં રજુ દાખલ આંક–૯૧ આપવામાં આવે છે. તે ઉપરાંત તા.૦૪/૦૪/૨૦૧૯ ના રોજ હું મારી સુરત ખાતેની ફરજ પર હતો ત્યારે લાલગેટ પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુ.ર.નં.૨૪/૨૦૧૯ના કામે ઉપરોક્ત બનાવ સમયે આરોપીએ ગુનો કરતી વખતે વાપરેલ એક્ટીવા જેનો રજી.નં.Gj–05–PM–5341 નુ નિરીક્ષણ કરવા બાબતે જાણ કરેલ. ઉપરોક્ત કામે પી.આઈ. શ્રી એ.એસ. પાટીલ નાઓએ ઉપરોક્ત એક્ટીવા લાલગેટ પોલીસ સ્ટેશનમાં દર્શાવેલ. ઉપરોક્ત બનાવ સમયે આરોપીએ સદર વાહનનો ઉપયોગ કર્યાનુ જણાવેલ. સદર વાહન લાલગેટ પોલીસ સ્ટેશનમાં નિરીક્ષણ કરતા વાહનના એન્જીનના ભાગે JF50E–U 5640906 પંચીગ લખાણ જણાયેલુ. સદર વાહનમાં આગળની નંબર પ્લેટ ઉપર Gj–05–PM–5341 લખાણ વંચાયેલુ. સદર નંબર પ્લેટની નીચેના ભાગે વાહનની મુખ્ય બોડી ઉપર નાના ટીપા સ્વરૂપના બે લોહી જેવા ડાઘા જણાયેલા તથા વાહનમાં પગ રાખવાની જગ્યાએ રહેલ મેટ ઉપર પણ લોહીના શંકાસ્પદ ડાઘાઓ જોવા મળેલા. સદર વાહનમાં અન્ય

કોઈ બનાવ સંબંધે ચિહ્નો જોવા મળેલ ન હતા. કબજે લેવડાવેલ નમુના– (૧)વાહનમાં પગ રાખવાની જગ્યાએ રહેલ મેટ–૧ (૨) આગળની નંબર પ્લેટ, નીચે રહેલ ટપકા સ્વરૂપના ડાધા ઉપરથી કોટન ગોઝ વડે ઘસીને લેવડાવેલ સ્વેબ (૩)કન્ટ્રોલ કોટન ગોઝ–૧. એકત્રીત કરાવેલ/કરવા માટે સુચવેલ નમુનાની વિગત–(૧) ઉપરોક્ત કબજે લેવડાવેલ નમુનાઓ વધુ તપાસ અર્થે RFSL સુરત મોકલવા સુચન કરેલ છે. વાહનની ફોટોગ્રાફી કરાવવા સમજ કરેલ છે. બનાવ સંબંધિત તમામ જરૂરી સુચન અને માર્ગદર્શન કરેલ છે. મને નિશાની–૮/૧૫ થી રજુ સ્થળ પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે, જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ, જેને પુરાવામાં રજુ દાખલ આંક–૯૨ આપવામાં આવે છે. અમોને સદર બનાવ વાળી જગ્યાએ પધારી સ્થળ નિરીક્ષણ કરી અભિપ્રાય આપવા માટે પોલીસ ઈન્સ.લાલગેટ પો.સ્ટે.સુરત શહેર નાઓ તરફથી તા.૦૩/૦૪ / ૨૦૧૯ના રોજ યાદી આપવામા આવેલ તે યાદી મને પોલીસ પેપર્સમાંથી બતાવવામાં આવે છે, જે યાદીમાં પો.ઈન્સ.એ.એસ. પાટીલ નાઓની સહી છે. જે હું ઓળખી બતાવુ છુ, જેને પુરાવામાં રજુ દાખલ આંક–૯૩ આપવામાં આવે છે.

**(૨૭.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે આંક–૯૦ અને ૯૨ થી રજુ સ્થળ પરીક્ષણ અહેવાલમાં મને સ્થળ ઉપર પહોંચવા માટેનો સંદેશો કેટલા વાગે અને કેવી રીતે મળેલો તેની નોંધ કરેલ નથી. એ વાત ખરી છે કે આંક–૯૨ વાળા સ્થળ પરીક્ષણ કરવા ગયેલો ત્યારે એક્ટીવા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં પડેલુ હતુ. એ વાત ખરી છે

કે તે એક્ટીવા પોલીસ સ્ટેશનમાં કઈ રીતે આવ્યુ અને કેટલા દિવસ પહેલા આવ્યુ તે અંગે મને જાણ નથી. એ વાત ખરી છે કે હું સ્થળ પરીક્ષણ માટે ગયો ત્યારે એક્ટીવાને પોલીસ સ્ટેશનમાં ફેંસીંગ કરીને રાખેલ હોય અને તેની પાસે કોઇ જઇ ન શકે તેવી કોઇ તકેદારી રાખી હોય તેવુ ન હતુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસના માણસો જે તે વખતે ત્યાં હતા. એ વાત ખરી છે કે આંક–૯૦ અને ૯૨ વાળા અહેવાલમાં મે પંચોના નામ લખાવ્યા હોય કે પંચોની સહી કરાવી હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આંક ૯૨ વાળા અહેવાલમાં લોહીના શંકાસ્પદ ડાઘા એવુ લખેલ છે પરંતુ તે લોહી જ હતુ કે તેમ તેવુ ચોક્કસ જે તે વખતે કહી શકુ નહીં. સવાલ–તમોએ સ્થળ પરીક્ષણ અહેવાલમાં જે સુચનો કરેલા તેનુ તપાસ કરનારે પાલન કરેલ કે નહીં તેની તમે ચોક્કસાઇ કરેલ નથી? જવાબ– તેવી ચોક્કસાઇ અમારે કરવાની હોતી નથી. એ વાત ખરી છે કે આંક– ૯૨વાળુ સ્થળ પરીક્ષણ બનાવના બે દિવસ બાદ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે પોલીસે મને જે યાદી મોકલેલી તેમાં બનાવની વિગત લખેલી.

(૨૮) ફરીયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે આંક–૧૬થી પંચ સાહેદ નારાયણભાઇ વિઠોભા મોરેને તપાસવામાં આવેલ છે. જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, મને લાલગેટ પોલીસ દ્વારા પંચ તરીકે બોલાવવામાં આવેલ. મારી સાથે બીજા પંચ તરીકે લવલેશ મોરે હતો. બનાવ બનતા બધાં ભેગા થઈ ગયેલા, તેમાં હું પણ હતો, તેથી સાક્ષીમાં કોઈકની સહી જોઈશે તેવું કહેતા, મેં સહી કરેલી. મેં સીંગણપોર ચાર રસ્તા પાસે કોઝવે પાસે એક

મૃતદેહ જોયેલો. તે મૃતદેહ દિપકભાઈ બાબુભાઈ મોરેનો હતો. તેનાં માથામાં પાછળનાં ભાગે, મોઢાં ઉપર, આંખ પાસે વાગેલું હતુ. શરીરનાં બીજા કોઈ ભાગે કોઈ ઈજા હોય, તેવું ન હતુ. પોલીસે મારી સહી લીધેલી, જે કોરા કાગળમાં લીધેલી. મને નિ. ૧૫/૧ થી રજૂ થયેલ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં ક્રમ નં. ૧ માં મારી સહી છે, તે હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. તેને પુરાવામાં રજૂ દાખલ <u>આંકઃ૧૭</u> આપવામાં આવે છે.

**(૨૮.૧)** બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, મને આ બનાવનાં સમાચાર મળ્યા ત્યારે હું કામ ઉપર હતો. મરનાર દિપકભાઈ અમારા ગામનાં હોય, તેથી હું તેમને ઓળખતો હતો. એ વાત ખરી છે કે તેમનું મૃત્યુ થયુ, તેવો ફોન આવ્યો તેથી અમે બધાં મળીને ત્યાં ગયેલા. એ વાત ખરી છે કે, બધા લોકો ભીડમાં ઉભેલા અને બધાએ લાશ જોયેલી. એ વાત ખરી છે કે, પોલીસે કોઈકની સહી જોઈશે તેમ કહેતા, કોરા કાગળમાં મેં સહી કરી આપેલી અને પછી હું જતો રહેલો. એ વાત ખરી છે કે, મેં બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી.

**(૨૯)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે આંક–૧૮થી સાહેદ લવલેશભાઇ જયરામભાઇ મોરે નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, સને–૨૦૧૯ માં હું પ્લોટ નં. ૧૦૪, વિશ્રામનગર વિભાગ–૧, વેડ રોડ, સુરત ખાતે રહેતો હતો. ત્યારે પોલીસે મને પંચ તરીકે બોલાવેલ. મારી સાથે બીજા પંચ તરીકે નારાયણભાઈ મોરે હતા. પોલીસે અમને એક લાશ બતાવેલી. જે દિપક મોરે ની હતી. આ

દિપકભાઈની લાશ ઉપર માથાનાં ભાગે તથા મોઢાંનાં ભાગે વાગેલું હતુ. આ લાશને પછી હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ. પોલીસે મને બોડી બતાવેલ છે, તેથી સહી લેવી પડશે તેમ કહી, મારી સહી લીધેલી. મને આંકઃ૧૭ નું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં ક્રમ નં. ૨ માં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ.

**(૨૯.૧)** બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, દિપકભાઈ મારા કાકાનો દિકરો થતો હતો. તેનાં સમાચાર મારા ભાઈએ ફોનથી મને આપેલા. હું મરનારની લાશ જ્યાં હતી, ત્યાં ગયો ત્યારે અમારા ગામનાં બીજા ઘણાં બધા લોકો ત્યાં હાજર હતા. એ વાત ખરી છે કે, પોલીસે ત્યાં લખાણ કરેલુ અને તેમાં સહી કરશો તો લાશ મળશે, તેમ કહેતા મેં સહી કરેલી. એ વાત ખરી છે કે, મેં સહી કરી ત્યારે પોસ્ટમોર્ટમ થઈ ગયેલુ હતુ. એ વાત ખરી છે કે, જે લખાણમાં મેં સહી કરી તે પોલીસે તૈયાર કરેલુ. એ વાત ખરી છે કે, મેં બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી.

**(૩૦)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૩ તરીકે આંક–૨૦થી પંચ સાહેદ વિનોદભાઇ દગડુભાઇ ઢુલે નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, મને સને–૨૦૧૯ માં લાલગેટ પોલીસ દ્વારા પંચ તરીકે બોલાવવામાં આવેલ. મારી સાથે બીજા પંચ તરીકે નિલેશભાઈ કરીને હતા. પોલીસે મને કોઝવે રોડ, ભરીમાતા તરફ જતા રોડ ઉપર વિશાલ રેસ્ટોરન્ટ પાસે વચ્ચે રોડ ઉપર પંચ તરીકે બોલાવેલો. ત્યાં એક પોલીસનાં અધિકારી તેમજ બીજા કોઈ એક સાહેબ પણ હાજર હતા. મારી હાજરીમાં કોઈએ આ જગ્યા બતાવેલ હોય, તેવું બનેલ નહીં. સાહેદ જણાંવે

છે કે, અમે જતા હતા, ત્યાં પોલીસે અમને રોકેલ. પોલીસે અમને પુછેલ કે, આ બનાવમાં જેમનું ખૂન થયેલ છે, તે તમારા કોઈ સગાવ્હાલા હતા કે કેમ? જેથી અમે ના કહેલ. આ જગ્યાએ લોહી પડેલ હતુ, તેથી પોલીસ કોઈ કપડાં જેવા પદાર્થથી તે સાફ કરતી હતી. પોલીસે તે કપડાથી બધુ ભેગુ કરીને એક પ્લાસ્ટીકની ડબ્બીમાં બધુ પેક કરી દીધેલું. આ જગ્યાએથી થોડે આગળ એટલે કે બાજુમાં જ એક એક્ટીવા પડેલુ હતુ. આ એક્ટીવા આ બનાવમાં મરનારનું હતુ. આ એક્ટીવાને જોતા સાઈડ લાઈટનો એક કાચ તુટેલો હતો. આ જગ્યાએ રાજુભાઈ બાબુભાઈ મોરે નામની એક વ્યક્તિ હાજર હતી. મને નિ. ૧૫/૨ નું પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં ક્રમ નં. ૧ માં મારી સહી હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. તેને પુરાવામાં રજૂ દાખલ <u>આંકઃ૨૧</u> આપવામાં આવે છે. મને ક્રમ નં. ૨ ની સહી બતાવવામાં આવે છે, તે જોઈને કહું છુ કે, તે નિલેશભાઈની સહી છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ અને ૨ બતાવવામાં આવે છે, જે બંને અલગ અલગ પ્લાસ્ટીકની પારદર્શક ડબ્બીઓમાં સીલબંધ હાલતમાં છે, જે નામદાર કોર્ટ રૂબરૂ ખોલી બતાવતા, તેમાંથી લોહીવાળુ કોટનથ્રેડ અને કંટ્રોલ કોટનથ્રેડ નિકળેલ છે. તે હું ઓળખી બતાઉ છુ. આ બંને ડબ્બીઓમાંથી નિકળેલ પંચસ્લીપ મને બતાવવામાં આવે છે, જે બંનેમાં ક્રમ નં. ૧ માં મારી સહી હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. જેને પુરાવામાં અનુક્રમે રજૂ દાખલ <u>આંકઃ૨૨ અને આંકઃ૨૩</u> આપવામાં આવે છે. સદર સાહેદને ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા વિમુખ થયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ

ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૩૦.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે મારી હાજરીમાં બનાવવાળી જગ્યા પાસે પડેલ એકટીવાની માલિકી દર્શાવતા કાગળો અંગે પોલીસે કોઇ તપાસ કરેલ હોય, તેવુ બનેલ નથી.

**(૩૧)**વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે આંક–૨૪થી પંચ સાહેદ દિલીપભાઇ નારાયણભાઇ કદમ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, સને–૨૦૧૯ માં મને લાલગેટ પોલીસે પંચ તરીકે લાલગેટ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. મારી સાથે બીજા પંચ તરીકે કૈલાશભાઈ હતા. પોલીસે અમારી હાજરીમાં મરનાર દિપકભાઈનાં કપડાં કબજે લીધેલાં. આ કપડાં પોલીસનાં માણસ જ લાવેલા. તેઓનું નામ મને આવડતું નથી. આ કપડાંમાં એક લાઈટ બ્લ્યુ કલરનો શર્ટ હતો અને ડાર્ક કલરની હાફ ચડ્ડી હતી તથા બ્લ્યુ કલરનું અંડરવેર હતુ. આ કપડાંઓ ઉપર લોહીનાં ડાઘાઓ હતા. મને નિ. ૮/૪ થી રજૂ થયેલ પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં ક્રમ નં. ૧ માં મારી સહી હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. જેને પુરાવામાં રજૂ દાખલ <u>આંકઃ૨૫</u> આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૩, ૪ અને ૫ જે સીલબંધ કાપડની થેલીમાં પેક છે, જે નામદાર કોર્ટ રૂબરૂ ખોલીને બતાવવામાં આવે છે. તેમાંથી નિકળેલ કપડાં જોઈને જણાંવુ છુ કે, તે મેં પોલીસ સ્ટેશનમાં જોયેલ તે જ કપડાંઓ છે, જે હું ઓળખી બતાવુ છુ. મને આ કપડાંઓ સાથે રાખવામાં આવેલ એક પંચસ્લીપ ખોલીને બતાવવામાં આવે છે, તે

જોઈને કહું છુ કે, તેમાં ક્રમ નં. ૧ માં ઉપરનાં ભાગે મારી સહી છે, તે હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. તેને પુરાવામાં રજૂ દાખલ આંકઃ૨૬ આપવામાં આવે છે.

**(૩૧.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે, હું ગજાનંદપાર્ક સોસાયટીમાં રહું છુ. એ વાત ખરી છે કે, આ કામે મરનાર દિપકભાઈ અને આ કામનાં ફરીયાદી રાજુભાઈ પણ ગજાનંદપાર્ક સોસાયટીમાં જ રહે છે. એ વાત ખરી છે કે, આ બંને અમારી સોસાયટીમાં રહેતા હતા, તેથી હું તેમને ઓળખુ છુ. એ વાત ખરી છે કે, આથી તેમનું કાંઈ કામ હોય, તો મદદ માટે પોલીસ સ્ટેશને જવું પડે. એ વાત ખરી છે કે, પંચનામા માટે આવવા માટે મારી ઉપર રાજુભાઈનો ફોન આવેલો. એ વાત ખરી છે કે, પોલીસ સ્ટેશન ગયો, ત્યારે ત્યાં આ કપડાં પડેલ હતા. એ વાત ખરી નથી કે, ત્યાં લખાણ પણ તૈયાર હતુ. એ વાત ખરી છે કે, હું ત્યાં ગયો ત્યારે પોલીસ સ્ટેશનમાં આ કપડાં પડેલા જ હતા. એ વાત ખરી છે કે, હું પોલીસ સ્ટેશન પહોંચ્યો તે પહેલા આ કપડાં ક્યાં અને કઈ સ્થિતીમાં હતા, તે હું કહી શકું નહી.

**(૩૨)**વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૫ તરીકે આંક-૨૮થી પંચ સાહેદ કૈલાશભાઈ ચિંદુભાઈ શેવાડે નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, મને સને-૨૦૧૯ માં લાલગેટ પોલીસે પંચનામા માટે બોલાવેલ. મારી સાથે બીજા પંચ તરીકે દિલીપભાઈ હતા. પોલીસે મને ત્યાં એક વ્હાઈટ-બ્લ્યુ કલરનો શર્ટ, બ્લેક કલરની ચડ્ડી, બ્લ્યુ કલરનુ નિકર બતાવેલ. આ કપડાં જેનું ખૂન થયેલ, તે વ્યક્તિ

એટલે કે દિપક બાબુભાઈ મોરેનાં હતા. આ કપડાં ઉપર લોહીનાં ડાઘ હતા. આ કપડાં ફાટેલા હતા. પોલીસે તે અમને બતાવી, પોલીસ લખાણ તૈયાર કરતી ગયેલી. ત્યાર પછી પોલીસે તે લખાણમાં અમારી સહીઓ લીધેલી. આ કપડાં પોલીસ પાસે ક્યાંથી આવેલા, તે મને ખબર નથી. આ કપડાં અબ્દુલભાઈ કરીને પોલીસનાં માણસ હતા, તે લાવેલા. મને આંકઃ૨૫ નું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં ક્રમ નં. ૨ માં મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ થી ૫ બતાવવામાં આવે છે, તે મારી હાજરીમાં પોલીસે કબજે કરેલ, તે જ કપડાં છે. તે હું ઓળખી બતાવુ છુ. મને આંકઃ૨૬ થી રજૂ પંચસ્લીપ બતાવવામાં આવે છે. જેમાં ક્રમ નં. ૨ માં મારી સહી છે, તે હું ઓળખી બતાવુ છુ.

**(૩૨.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે, હું ગજાનંદ સોસાયટીમાં ૧૬૫ નંબરનાં મકાનમાં રહું છુ. મને ખબર નથી કે, આ કામનાં ફરીયાદી રાજુભાઈ મોરે ઘર નં. ૧૬૮ માં રહે છે કે કેમ. એ વાત ખરી છે કે, અમારી સોસાયટીમાં ૧૬૫, ૧૬૬, ૧૬૭, ૧૬૮ વિગેરે નંબરનાં ઘરો એક બીજાથી નજીક–નજીકમાં આવેલા છે. એ વાત ખરી છે કે, મરનાર દિપકભાઈ બાબુભાઈ પણ આ જ સોસાયટીમાં રહેતા હતા. એ વાત ખરી છે કે, દિપકભાઈનાં બનાવની ખબર પડી, તેથી અમે બધાં પોલીસ સ્ટેશન ગયા હતા. એ વાત ખરી નથી કે, મેં પોલીસ સ્ટેશનમાં આ કપડાં જોયા તે પહેલા કોઈ જગ્યાએ જોયેલ નહીં. સાહેદ જણાંવે છે કે, ખૂન થયેલ તે જગ્યાએ મેં જોયેલા. એ વાત ખરી છે કે, આ કપડાં પોલીસ સ્ટેશને લાવ્યા, તે પહેલા ક્યાં હતા, તે હું કહી શકું નહીં. એ

વાત ખરી છે કે, આ કપડાં કઈ સ્થિતીમાં હતા અને કોના કોના હાથમાં ગયેલા, તે પણ હું કહી શકું નહીં. એ વાત ખરી છે કે, પોલીસે મને આ કપડાં બતાવ્યા પછી પોલીસે આ સમગ્ર લખાણ તૈયાર કરેલુ. એ વાત ખરી છે કે, મેં તેમાં સહી કરેલી, પછી હું જતો રહેલો.

**(૩૩)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે આંક-૨૯થી પંચ સાહેદ ચીમનભાઇ પોપટભાઇ ગળથરીયા તથા સાહેદ નં.૭ તરીકે આંક-૩૧થી પંચ સાહેદ પીન્ટુ ઉર્ફે ધર્મેશપરી કૈલાશભાઇ ગોસાઇ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ બન્ને એ પોતાની જુબાનીમાં આંક-૩૦થી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય સદર પંચ સાહેદોએ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૩૪)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૮ તરીકે આંક-૩૩થી પંચ સાહેદ બાબુભાઇ દલપતભાઇ સતપાલ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, સને-૨૦૧૯ માં પોલીસે મને લાલગેટ પોલીસ સ્ટેશનમાં પંચ તરીકે બોલાવેલ. મારી સાથે બીજા પંચ તરીકે ચંદ્રકાંતભાઈને પણ બોલાવેલા. પોલીસે અમને ત્રીજી તારીખનાં રોજ બોલાવેલા. પોલીસે જણાવેલુ કે, પ્રફુલ ઉર્ફે સોનુએ મર્ડર કરેલ છે અને તેનો કંઈક પુરાવો છે, તેથી પંચ તરીકે રહેવાનું જણાવેલુ, તેથી અમે સંમતિ આપેલી. તે બાબતે પોલીસે અમો બંને પંચોની સહીઓ લીધેલી. પછી

ત્યાંથી અમે પોલીસની સફેદ કલરની સરકારી ગાડીમાં બેઠેલા. આ ગાડીમાં ડ્રાઈવર ઉપરાંત એક પોલીસનાં પાટીલ સાહેબ હતા, બે પોલીસનાં માણસો હતા, પ્રફુલ ઉર્ફે સોનુ હતો અને અમે બે પંચો હતા. પછી આ પ્રફુલ જે રીતે રસ્તો બતાવતો હતો, તે રીતે બજારમાં થઈ, ફૂલવાડી તરફ ગયેલા, પછી ત્યાં પ્રફુલનાં બતાવ્યા મુજબ આગળ–આગળ જઈને એક બ્રીજ છે, તે જીલાની બ્રીજ છે, ત્યાં ગાડી ઉભી રાખેલી. ત્યારબાદ ડ્રાઈવર નીચે ઉતરેલો, પછી પાટીલ સાહેબ નીચે ઉતરેલા અને આજુબાજુનાં પોલીસનાં માણસો સાથે પ્રફુલ નીચે ઉતરેલો અને પછી હું અને ચંદ્રકાંતભાઈ પણ ઉતરેલા. પછી ત્યાંથી થોડાં આગળ ગયેલા ત્યાં બ્રીજ નીચે એક ગ્રે હોન્ડા એક્ટીવા હતી, તેનો નં. ૫૩૪૧ હતો, જેની સિરીઝ મને યાદ નથી. પછી આ પ્રફુલ ઉર્ફે સોનુએ આ એક્ટીવાની ડીકી ખોલેલી, જેમાં એક કાળા કલરનું હેલમેટ હતુ, જે આગળ થોડું ઘસાઈ ગયેલુ હતુ. પોલીસે આ હેલમેટ કબજે લીધેલુ અને એક વ્હાઈટ થેલીમાં મુકી દીધેલ. પછી અમો પંચોની સહીઓ કરાવી એક કાપલી તેમાં મુકી, લાલ કલરનાં લાખથી સીલ કરેલ. હેલમેટ ઉપરાંત એક જોડી પોપટી કલરનાં ચપ્પલ હતા, પછી તેને પણ એક વ્હાઈટ થેલીમાં મુકી, તેને પણ લાખથી સીલ કરેલ. આ ચપ્પલ ઉપર થોડું લોહી પડેલ હતુ. આ એક્ટીવામાં આગળ ફૂટરેસ પાસે થોડું લોહી પડેલ હતુ. પ્રફુલ સોનુ જે રીતે જણાવતો હતો, તે રીતે પોલીસનાં માણસ લખતા જતા હતા. પછી ત્યાં આ પ્રમાણે બધુ કબજે લીધા પછી પોલીસે મારી તથા ચંદ્રકાંતભાઈની સહીઓ લીધેલી. મને નિ.૮/૭ નું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં પ્રત્યેક પાના ઉપર

અને અંતમાં ક્રમ નં.૧ માં મારી સહી હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. તેને પુરાવામાં રજૂ દાખલ આંકઃ૩૪ આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ જે એક સીલબંધ કાપડની થેલીમાં છે, તે કોર્ટની પરવાનગીથી સીલ ખોલી, તેમાં રહેલ એક કાળા કલરની હેલમેટ મને બતાવવામાં આવે છે, તે જોઈને કહું છુ કે, તે મારી હાજરીમાં પોલીસે કબજે લીધેલ તે જ હેલમેટ છે, તે હું ઓળખી બતાવુ છુ. તે સાથે રાખેલ એક પંચસ્લીપ ખોલીને મને બતાવવામાં આવે છે, તેમાં ક્રમ નં.૧ માં મારી સહી છે, જે હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. તેને પુરાવામાં રજૂ દાખલ આંકઃ૩૫ આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૧ જે એક સીલબંધ કાપડની થેલીમાં છે, તે કોર્ટની પરવાનગીથી સીલ ખોલી, તેમાં રહેલ એક જોડી ચપ્પલ બતાવવામાં આવે છે, તે જોઈને કહું છુ કે, તે મારી હાજરીમાં પોલીસે કબજે લીધેલ તે જ ચપ્પલની જોડી છે, તે હું ઓળખી બતાવુ છુ. તે સાથે રાખેલ એક પંચસ્લીપ ખોલીને મને બતાવવામાં આવે છે, તેમાં ક્રમ નં.૧ માં મારી સહી છે, જે હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. તેને પુરાવામાં રજૂ દાખલ આંકઃ૩૬ આપવામાં આવે છે. મને એક્ટીવા ગાડીની પગ રાખવાની મેટ બતાવવામાં આવે તો હું તે ઓળખી ન શકું.

**(૩૪.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે, મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ થી રજૂ હેલમેટ ઘણાં લોકો પહેરતા હોય છે. એ વાત ખરી છે કે, આ હેલમેટ ઉપર ઓળખનું કોઈ ખાસ ચિન્હ નથી, એ ખરૂ છે કે, દ્રષ્ટિ કંપની આવી ઘણી હેલમેટ બનાવતી હશે અને તે બજારમાં વેચાતી પણ હશે. એ વાત ખરી છે કે, હેલમેટ જુની થાય તો તેની ઉપર

ઘસારાનાં નિશાન પણ થઈ શકે. એ વાત ખરી છે કે, મુદ્દામાલનાં ચપ્પલ જેવા પણ ઘણાં ચપ્પલ હોય છે. એ વાત ખરી છે કે, મુદ્દામાલનાં ચપ્પલ ઉપર પણ કોઈ ખાસ નિશાન ઓળખ માટે નથી. એ વાત ખરી છે કે, એક્ટીવા અને ચપ્પલ ઉપર લોહી હતુ કે કેમ, તે અંગે સ્થળ ઉપર કોઈ પરીક્ષણ કરવામાં આવેલ ન હતુ. એ વાત ખરી છે કે, ત્યાં ફોરેન્સીક લેબોરેટરીનાં કોઈ માણસ ન હતા. એ વાત ખરી છે કે, પાન ખાઈને થુકવાથી પણ લાલ કલર થાય છે. એ વાત ખરી છે કે, મારી હાજરીમાં એક્ટીવાની મેટ કબજે લેવામાં આવેલ નહીં. એ વાત ખરી છે કે, આરોપીએ એક્ટીવાની ડીકી ખોલેલી તેવું પંચનામામાં લખેલ નથી. મને ખબર નથી કે, આરોપી પાસે એક્ટીવાની કોઈ ચાવી હતી કે કેમ. એ વાત ખરી છે કે, ડીકી ચાવીથી ખોલેલી કે ચાવી વિના તે મને યાદ નથી. એ વાત ખરી છે કે, એક્ટીવા બ્રીજની નીચે હતુ. એ વાત ખરી છે કે, બ્રીજ નીચે ઘણી જગ્યા હતી. એ વાત ખરી છે કે, બ્રીજ નીચે કોઈ પણ જઈ શકે, તેમ હતુ. એ વાત ખરી છે કે, આજુબાજુ ખુલ્લી જગ્યા છે. એ વાત ખરી છે કે, બ્રીજ નીચે રસ્તો પણ છે. એ વાત ખરી છે કે, બ્રીજથી ૫૦ ફૂટ દૂર ઝુપડપટ્ટી આવેલ છે. એ વાત ખરી છે કે, ત્યાંથી લોકોની અવર–જવર હોય છે. મને ખબર નથી કે, બ્રીજ પાસેથી તાપી નદીનાં પાળા ઉપર પણ જઈ શકાય તેમ છે. એ વાત ખરી છે કે, ત્યાંથી પસાર થતા લોકો બ્રીજની નીચે જોઈ શકે છે. એ વાત ખરી છે કે, બ્રીજ નીચે મુકેલ એક્ટીવા પણ ત્યાંથી પસાર થતા લોકો જોઈ શકે. મને ખબર નથી કે, ત્યાંથી ૨૦ ફૂટ દૂર ભરીમાતા રોડ છે કે કેમ. મને ખબર નથી કે, પંચનામામાં અમે જે પોલીસનાં વાહનમાં

ગયેલા, તે વ્હાઈટ કલરની હોવાનું લખેલ છે કે કેમ. હું સવારનાં હીરા મજૂરીનાં કામ માટે સાડા સાત થી આઠ વાગ્યે ઘરેથી નિકળુ છુ. મારો ઘરે પરત આવવાનો સમય નક્કી હોતો નથી. એ વાત ખરી છે કે, હું પંચનામાનાં દિવસે પણ કામ ઉપર ગયેલો. હું તે વખતે મહીધરપુરા કામ ઉપર જતો હતો. હું ત્યાં એક ઓફિસમાં કચરા-પોતા અને ચા બનાવવાનું કામ કરતો હતો. એ વાત ખરી છે કે, હું હીરાની મજૂરી કરતો ન હતો. એ વાત ખરી છે કે, વેડ રોડથી મહીધરપુરા જઈએ તો વચ્ચે લાલગેટ પોલીસ સ્ટેશન ન આવે. એ વાત ખરી છે કે, લાલગેટ પોલીસ સ્ટેશન ભાગળતળાવ વિસ્તારમાં આવેલ છે. એ વાત ખરી છે કે, કોઈપણ ઓફિસનો કામનો સમય નક્કી હોય છે. એ વાત ખરી છે કે, મારી ઓફિસમાં પણ કામનો સમય ફિક્સ છે. અમારી ઓફિસનો સમય સવારનાં સાતથી રાત્રીનાં સાડા આઠ થી નવનો હોય છે. એ વાત ખરી છે કે, આ દિવસે પણ મેં સાંજનાં નવ વાગ્યા સુધી કામ કરેલુ. અમે જે સરકારી ગાડીમાં ગયેલા, તે કયા મોડલની હતી તે મને ખબર નથી, તેનો નંબર પણ મને ખબર નથી. ગાડીમાં પ્રફુલ જેમ બોલતો હતો, તેમ લખતા જતા હતા. એ વાત ખરી છે કે, પુરા રસ્તા ઉપર તે જેમ બોલતો હતો, તેમ લખતા જતા હતા. લખવાવાળા આજુબાજુમાં બેઠાં હતા. એ વાત ખરી છે કે, આજુબાજુમાં બે માણસો બેઠા હતા. એ વાત ખરી નથી કે, બે માણસો લખતા હતા. એ વાત ખરી છે કે, પ્રફુલ કહેતો હતો તેમ વાહનમાં પોલીસ લખતા હતા, તેવું સ્પષ્ટપણે પંચનામામાં લખેલ નથી. એ વાત ખરી છે કે, પ્રફુલે મર્ડર કર્યુ છે, તેનો કંઈક પુરાવો છે, તેવું પંચનામામાં લખેલ નથી.

**(૩૫)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૯ તરીકે આંક–૩૮થી પંચ સાહેદ પ્રફુલભાઇ મારૂતિભાઇ ઉત્તેકર નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, મને સને ૨૦૧૯ માં લાલગેટ પોલીસ દ્વારા પંચ તરીકે બોલાવેલ નહીં. કોઈ આરોપીની સાથે કોઈ જગ્યાએ ગયા હોય તેવું બનેલું. અમે સરકારી ગાડીમાં ગયેલા, હું તથા મારી સાથે મારા બીજા મિત્ર રવિભાઈ કોરપે હતા અને સાથે આરોપી પ્રફુલભાઈ ઉર્ફે સોનુ તથા પોલીસના માણસો હતા. અમારી હાજરીમાં આરોપી પ્રફુલ ઉર્ફે સોનુએ કહેલું કે, અમારી સાથે ચાલો અને ત્યારપછી તે તેમના ઘરે લઈ ગયેલ. આરોપીનું ઘર શીવાય કોમ્પ્લેક્ષમાં ચોથા માળે હતું, જ્યાં તે અમોને લઈ ગયેલ, તે મકાનનો નં.૪૦૨ હતો. આ ફ્લેટમાં એક ભાઈ હતા, જેનું નામ મને ખબર નથી. ફ્લેટમાં રસ્સી પર કપડાં સુકાતા હતા. પછી આરોપીએ અમારી હાજરીમાં કપડાં બતાવી જણાવેલ કે, મેં આ કપડાં પહેરેલા હતા, જેમાં બ્લેક કલરનું નાઈટ ટ્રેક હતું અને વાદળી કલરનું ટીશર્ટ હતું, આ પૈકી ટીશર્ટ પર લોહી જેવા ડાઘા જણાયેલા. પોલીસે આ કાપડની થેલીમાં કબજે લઈ તેની પર સીલ મારેલ. આ કાર્યવાહી અંગે પોલીસે લખાણ કરેલ. મને નિ.૮/૮ નું પંચનામું બતાવવામાં આવે છે તે તે જ છે, જેમાં પ્રત્યેક પાના પર ક્રમ નં.૨ માં મારી સહી છે, જે હું ઓળખી બતાવી રજૂ કરું છું, જેને પુરાવામાં દાખલ <u>આંક–૩૯</u> આપવામાં આવે છે. આ પંચનામામાં ક્રમ નં.૧ પર સહી રવિભાઈની છે, જે હું ઓળખી બતાવું છું. હું પ્રફુલભાઈને જોયેથી ઓળખું છું, જે આજરોજ કોર્ટમાં બેઠેલા છે, જેમને હું ઓળખી બતાવું છું. મને મુદ્દામાલ આર્ટિકલ નં.૧૩ અને ૧૪ એક જે

સીલબંધ કાપડની બેગમાં છે, જેને કોર્ટ રૂબરૂ સીલ તોડી બતાવવામાં આવે છે, જે જોઈને હું કહું છું તે આ જ કપડાં હતા, જે આરોપીના ઘરેથી પોલીસે કબજે લીધેલા. આ કપડા સાથે રાખવામાં આવેલ એક પંચ સ્લીપ મને બતાવવામાં આવે છે, જેમાં ક્રમ નં.૧ પર રવિભાઈ અને ક્રમ નં.૨ પર મારી સહી છે, જે હું ઓળખી બતાવી રજૂ કરું છું, જેને દાખલ આંક-૪૦ આપવામાં આવે છે.

**(૩૫.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે મને પંચમાં બોલાવેલ નહીં, પરંતુ હું સામેથી ગયેલ. એ વાત ખરી છે કે, અમને એવું જણાવવામાં આવેલ કે, પંચમાં માણસોની જરૂર છે, જેથી અમો ગયેલા. મને પંચમાં માણસોની જરૂર છે, તેવું ફોન પર જાણવા મળેલ નહીં. એ વાત ખરી છે કે, હું હીરા મજૂરી કરું છું. મારું કારખાનું કતારગામ ખાતે આવેલ છે. હું આ દિવસે મારે કપડાં લેવાના હોઈ, રજા પર હતો. મારે ભાગળ પરથી કપડાં લેવાના હતા. એ વાત ખરી છે કે, કપડાં લેવામાં આશરે અડધો કલાકથી એક કલાક જેટલો સમય થાય. હું મારા ઘરેથી મારા દોસ્તારના ઘરે ગયેલ અને ત્યાંથી કપડાં લેવા ગયેલ. મારા મિત્રનું ઘર અખંડ આનંદ કોલેજ પાસે છે. એ વાત ખરી છે કે, તે મારા ઘરથી નજીક છે. એ વાત ખરી છે કે, મારો મિત્ર પણ હીરા મજૂરી કરે છે. એ વાત ખરી છે કે, મારા મિત્રએ પણ રજા રાખેલી. એ વાત ખરી છે કે, મારા ઘરથી અને વેડ રોડથી સીધો રસ્તો ભાગળ જાય. એ વાત ખરી નથી કે, મારા ઘરથી ભાગળ તરફ સીધા રસ્તે જઈએ તો વચ્ચે નાણાવટ ન આવે. એ વાત ખરી છે કે, નાણાવટ ચોક પાસે આવેલ છે. એ વાત ખરી છે

કે, જો ચોકથી રસ્તો પકડીએ તો ભાગળ જતા મેઈન રોડથી જવાનું થાય. એ વાત ખરી છે કે, આ રસ્તે જતાં મેઈન રોડ પર પોલીસ સ્ટેશન ન આવે. શાહેદ જણાવે છે કે, અંદર આવેલ છે. એ વાત ખરી છે કે, ભાગળ જવું હોય તો સીધા રાજમાર્ગ પરથી જતા રહેવાય અને અંદર જવું ન પડે. એ વાત ખરી છે કે, અમે જે સરકારી ગાડીમાં ગયા તે કઈ ગાડી હતી, તે હું કહી શકું નહીં તેમજ તેનો રજિસ્ટ્રેશન નંબર પણ મને ખબર નથી. એ વાત ખરી છે કે, આરોપીના જે ઘરે અમે ગયા તેની નજીકમાં જ મારા તથા રવિભાઈના મકાનો આવેલ છે. એ વાત ખરી નથી કે, પોલીસ સ્ટેશનથી નીકળ્યા ત્યારે આરોપીનું ઘર ક્યાં આવેલ છે તે અમને તથા પોલીસને ખબર હતી. આરોપીએ જણાવેલ તે પરથી ખબર પડેલ કે, આરોપીના ઘરે જવાનું છે. અમે સરકારી ગાડીમાં ગયા ત્યારે હું સરકારી ગાડીમાં પાછળ બેઠેલ અને આરોપી વચ્ચે બેઠેલ. એ વાત ખરી છે કે, પોલીસના સાહેબ આગળ બેઠેલ. એ વાત ખરી છે કે, પોલીસના સાહેબે ગાડીમાં લખાણ કરાવતા ન હતા. એ વાત ખરી છે કે, પોલીસના સાહેબે આરોપીના ઘરે લખાણ કરેલ. એક ભાઈ લખતા હતા, તે રાઈટર હતા કે કેમ, તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, ડ્રાઈવર કાચમાંથી ન જુએ તો પાછળ બેઠેલ વ્યક્તિ ઈશારો કરે તો ડ્રાઈવરને ખબર ન પડે. એ વાત ખરી છે કે, ડ્રાઈવરે કાચમાં કેટલી વાર જોયેલ હશે, તે હું કહી શકું નહીં. એ વાત ખરી છે કે, આરોપીના ઘરમાં જે વ્યક્તિ હાજર હતી, તેનું નામ મને ખબર નથી. મને ખબર નથી કે, પોલીસે તે વ્યક્તિનું નામ પૂછેલું કે કેમ. એ વાત ખરી છે કે, તે ઘર રહેઠાણનું ઘર હતું અને તેમાં માણસો રહેતા હતા. એ વાત ખરી છે કે,

ઘરમાં જે રસ્સી બાંધેલ હતી, તે કપડાં સુકાવવા માટે બાંધેલ હતી. એ વાત ખરી નથી કે, આ કપડાં આ દોરી પર સુકાવવા માટે નાંખેલા હતા. આ દોરી પર પોલીસે કબજે લીધેલા તે કપડાં સીવાય બીજા કોઈ કપડાં ન હતા. એ વાત ખરી છે કે, દોરી પર રહેલ કપડાં કોઈ પણ માણસ જોઈ શકે તેવી સ્થિતિમાં હતા. એ વાત ખરી છે કે, ટીશર્ટ પરના ડાઘા લોહીના જ હતા કે કેમ, તે અંગે ત્યાં પોલીસે કોઈ ટેસ્ટ કરેલ નહીં. એ વાત ખરી છે કે, ત્યાં એફ.એસ.એલ. ના કોઈ અધિકારીને બોલાવેલા નહીં. કપડાં સિવાય પોલીસે બીજી કોઈ તપાસ કરેલ કે કેમ તે મને ખબર નથી, પોલીસ તેમની રીતે તપાસ કરતી હતી. એ વાત ખરી છે કે, પોલીસ તપાસ કરતી વખતે મને જણાવેલ કે, આ કપડાં મળેલ છે, જેથી અમને ખબર પડેલ.

**(૩૬)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૧૦ તરીકે આંક–૪૨થી પંચ સાહેદ સંતોષભાઇ કાશીનાથ ઉત્તેકર નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, તા.૦૪/૦૪/૨૦૧૯ નાં રોજ લાલગેટ પોલીસે પંચ તરીકે મને બોલાવેલ. મારી સાથે બીજા પંચ તરીકે નિતીભાઈ બોરીચા હતા. પોલીસ સ્ટેશનમાં પોલીસનાં માણસો હાજર હતા. અમો પંચો તથા પોલીસનાં માણસો ઉપરાંત ત્યાં આરોપી પ્રફુલભાઈ ઉર્ફે સોનુ પણ હાજર હતા. આ પ્રફુલભાઈએ અમને કહેલુ કે, તે કંઈક બતાવવા માંગે છે. તેણે જે હથિયાર વાપરેલુ હતુ, તે બતાવવા માંગે છે, તેવું કહેલુ. પછી સરકારી જીપમાં તે હથિયાર બતાવવા માટે અમને લઈ ગયેલા. તે જીપમાં અમે બે પંચો, પોલીસનાં ડ્રાઈવર, આરોપી વિગેરે હતા. આરોપી અમને ભરીમાતા મંદીરની આગળ જતા સંચા મશીનનાં કારખાના

આવેલ છે, તે તરફ લઈ ગયેલા. ત્યાં આગળ એક જગ્યાએ કચરાનો ઢગલો હતો, તે ઢગલામાંથી આરોપીએ એક પાઈપ કાઢેલો. તે સ્ટીલનો નાનો પાઈપ હતો. આ પાઈપ ઉપર લોહીનાં ડાઘાં હતા. પછી પોલીસે આ પાઈપ કબજે કરેલ. આ અંગે પોલીસે પંચનામુ કરેલુ, જેનું થોડુ લખાણ પોલીસ સ્ટેશનમાં થયેલુ અને ત્યારબાદનું લખાણ જે જગ્યાએથી પાઈપ મળેલ, ત્યાં સાઈડ ઉપર ઉભા રહીને કરવામાં આવેલુ. મને નિ.૮/૯ નું પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં પ્રત્યેક પાના ઉપર ક્રમ નં.૨ માં મારી સહી છે, જે હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. તેને પુરાવામાં રજૂ દાખલ આંકઃ૪૩ આપવામાં આવે છે. આ પંચનામામાં પ્રથમ ક્રમની સહી મારી સાથેનાં બીજા પંચ નિતીનભાઈ બોરીચાની છે. પ્રફુલભાઈ ઉર્ફે સોનુ આજરોજ કોર્ટમાં હાજર છે, જેને હું ઓળખી બતાવુ છુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૫ જે સીલબંધ હાલતમાં હોય, નામદાર કોર્ટ રૂબરૂ ખોલીને મને બતાવવામાં આવે છે, તેમાંથી નિકળેલ એક સ્ટીલનો પાઈપ મને બતાવવામાં આવે છે, તે જોઈને કહું છુ કે તે તે જ પાઈપ છે, જે ઉપરોક્ત જગ્યાએથી અમો પંચો રૂબરૂ કબજે લેવામાં આવેલ. સદર પાઈપ સાથે રાખવામાં આવેલ એક પંચસ્લીપ મને બતાવવામાં આવે છે. જેમાં ક્રમ નં.૧ માં નિતીનભાઈ બોરીચાની તથા ક્રમ નં.૨ માં મારી સહી હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. તેને પુરાવામાં રજૂ દાખલ આંકઃ૪૪ આપવામાં આવે છે.

**(૩૬.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે, મુદ્દામાલનો પાઈપ સને-૨૦૧૯ માં કબજે લેવામાં આવેલ હતો. એ

વાત ખરી છે કે, સને–૨૦૨૨ માં આજે પણ તે નવા જેવો દેખાય છે. એ વાત ખરી છે કે, કચરાનાં ઢગલામાં કોઈ લોહીવાળો પદાર્થ પડેલ હોય, તે આ પાઈપને લાગી જાય તો પણ આ પાઈપ ઉપર લોહી આવી શકે. એ વાત ખરી છે કે, કચરાનાં ઢગલામાં બીજો કોઈ પદાર્થ જે પાઈપમાં ચોંટી શકે તેવો હોય, તો તે પણ આ પાઈપને લાગી શકે. કચરાનો ઢગલો મધ્યમ કક્ષાનો હતો, જે બહું મોટો પણ ન હતો. આ કચરાનો ઢગલો અંદાજે ૩–૪ ફૂટ મોટો હશે. આ ઢગલો આશરે ૮–૧૦ ફૂટનાં ઘેરાવામાં ફેલાયેલો હતો. એ વાત ખરી છે કે, આ ઢગલામાં કારખાનામાંથી નિકળે તેવો કચરો હતો. એ વાત ખરી છે કે, આ જગ્યાની આજુ–બાજુ બધા કારખાનાઓ હતા. એ વાત ખરી છે કે, આ ઢગલામાં કેટલાં દિવસનો કચરો હશે, તે હું કહી શકું નહીં. એ વાત ખરી છે કે, કેટલાં દિવસે આ કચરાનો ઢગલો ત્યાંથી ઉઠાવવામાં આવતો હશે, તે પણ હું કહી શકું નહીં. મને ખબર નથી કે, પોલીસે કચરાનો ઢગલો કેટલાં સમયે ત્યાંથી ઉઠાવવામાં આવે છે, તેવી પુછપરછ કરેલી કે કેમ. એવું બનેલ નથી કે, પોલીસે આ કચરો બીજા માણસો પાસે ખોલાવ્યો હોય. પોલીસે આરોપી પાસે આ કચરામાંથી પાઈપ કઢાવેલો. એ વાત ખરી છે કે, આરોપીએ કચરામાં હાથ નાંખી પાઈપ કાઢી આપેલો. એ વાત ખરી છે કે, પાઈપ શોધવા માટે કચરાનો ઢગલો વધુ પડતો ફેંદવો પડેલો નહીં. એ વાત ખરી છે કે, આંકઃ ૪૩ નાં પંચનામામાં "જે કચરાનો ઢગલો ખોલાવી જોતા......" તેવો ઉલ્લેખ કરેલ છે. હું વિમા એજન્ટ તરીકે કામ કરૂ છુ. એ વાત ખરી છે કે, આ બનાવમાં મરનાર અમારી સોસાયટીમાં રહેતા હોય, તેનાં મૃત્યુ અંગે મને જાણ

થયેલી. એ વાત ખરી છે કે, મરનારનાં કુટુંબ સાથે સોસાયટીનાં રહીશ તરીકે સંબંધ હતો. એ વાત ખરી છે કે, તે સંબંધમાં મરનારનાં અંતિમ સંસ્કારમાં પણ હું ગયેલો. એ વાત ખરી છે કે, મારૂ એવુ કહેવુ છે કે, હું લાલગેટ પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતો હતો ત્યારે પોલીસે મને ઉભા રાખી પંચ તરીકે બોલાવેલ. આ પંચનામાનાં બીજા પંચ નિતીનભાઈ મારી સાથે ન હતા. એ વાત ખરી છે કે, બીજા પંચ નિતીનભાઈ પણ અમારી સોસાયટીમાં જ રહે છે. એ વાત ખરી છે કે, અમે બંને જણા અલગ–અલગ તે જ સમયે લાલગેટ પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા હતા. એ વાત ખરી છે કે, તે જ વખતે અમને બંનેને પોલીસે પંચ તરીકે બોલાવેલાં. હું તે વખતે ભાગળથી ચોકબજાર તરફ જતો હતો. એ વાત ખરી છે કે, ભાગળથી ચોકબજારનો રાજમાર્ગ છે, તેનાં ઉપરથી હું જતો હતો. એ વાત ખરી છે કે, લાલગેટ પોલીસ સ્ટેશન આ રાજમાર્ગ ઉપર આવેલ નથી, પરંતુ ગલીમાં આવેલ છે. એ વાત ખરી છે કે, પંચનામામાં અમે "જીપ" માં ગયેલા તેવો ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે, અમે જે જીપમાં ગયેલો, તેનો રજીસ્ટ્રેશન નંબર હું કહી શકું નહીં. મને ખબર નથી કે, પોલીસની જીપમાં વાયરલેશ સેટ હતો કે કેમ. મને ખબર નથી કે, વાયરલેશ સેટ ઉપર વાત થતી હોય તો અવાજ આવે. એ વાત ખરી છે કે, જીપમાં આગળનાં ભાગે પોલીસનાં સાહેબ બેઠેલ હતા. હું બીજા પંચ સાથે જીપમાં પાછળ બેઠેલ હતો. આરોપી જીપમાં વચ્ચેની સીટ ઉપર બેઠેલ હતો. એ વાત ખરી છે કે, વચ્ચેની સીટ ઉપર આરોપી ઈશારો કરે તો ડ્રાઈવરને દેખાય નહીં. એ વાત ખરી છે કે, આરોપીનાં ઈશારે જીપ હંકારવા સાહેબે ડ્રાઈવરને જણાવેલુ. એ

વાત ખરી છે કે, તે પ્રમાણે ડ્રાઈવરે જીપ હંકારેલી. એ વાત ખરી છે કે, ગાડીમાં કોઈ લખાણ થયેલ નહીં. એ વાત ખરી છે કે, જગ્યા ઉપર થોડું લખાણ થયેલુ અને પછી આવી પોલીસ સ્ટેશનમાં લખાણ થયેલુ. એ વાત ખરી નથી કે, સ્થળ ઉપર જે જોવામાં આવેલુ તેનું લખાણ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલુ.

**(૩૭)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૧૧ તરીકે આંક–૪૭થી પંચ સાહેદ નિલેશ નામદેવભાઈ રેમજે નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, તા.૦૪/૦૪/૨૦૧૯ નાં રોજ લાલગેટ પોલીસે મને પંચ તરીકે બોલાવેલ. મારી સાથે બીજા પંચ તરીકે મનોજ પવાર હતા. પોલીસે મને પ્રફુલકુમાર ઉર્ફે સોનુએ ખૂન કરતી વખતે ઉપયોગમાં લીધેલ એક્ટીવા મોટર સાયકલ સંબંધે પંચનામુ કરવાનું હોય, પંચ તરીકે બોલાવેલ. મેં આ એક્ટીવા જોયેલુ. આ એક્ટીવા એક બ્રીજનાં નીચે પડેલ હતુ, તે મને બતાવેલુ અને ત્યાંથી પછી તે એક્ટીવાને પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવેલ. આ એક્ટીવાનો રજીસ્ટ્રેશન નં. જી.જે.–૫–પી.એમ.–૫૩૪૧ હતો. આ એક્ટીવા ઉપર આગળ જ્યાં પગ રાખીએ તે જગ્યાએ લોહીનાં છાંટા પડેલ અને આગળની બોડી ઉપર પણ લોહીનાં ૨–૩ ટીપા પડેલા હતા. ત્યાં એફ.એસ.એલ.નાં અધિકારી હાજર હતા, તેમણે કોટન વડે આ લોહીનાં ટીપા લીધેલા અને તેને એક પ્લાસ્ટીકની કોથળીમાં મુકી, એક પ્લાસ્ટીકની ડબ્બીમાં મુકી દીધેલ. એફ.એસ.એલ. અધિકારીએ સાદા રૂ ને પણ પ્લાસ્ટીકની કોથળીમાં મુકી, પ્લાસ્ટીકની ડબ્બીમાં મુકી પેક કરેલ. એફ.એસ.એલ.નાં અધિકારીએ એક્ટીવાનાં પગ

રાખવાનાં ભાગ ઉપર પેડલ લોહી પણ કોટન વડે લઈ, પ્લાસ્ટીકની કોથળીમાં મુકી, તે પણ પ્લાસ્ટીકની ડબ્બીમાં મુકવામાં આવેલ. પોલીસે આ એક્ટીવાની આગળનાં ભાગ ઉપર પગ મુકવાનું એક રબરનું મેટ પણ એક કોથળીમાં મૂકી પેક કરી કબજે લીધેલુ. આ અંગે પંચનામુ કરવામાં આવેલુ. મને નિ.૮/૧૦ નું પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં ક્રમ નં.૧ માં મારી તથા ક્રમ નં.૨ માં મનોજ પવારની સહી હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. તેને પુરાવામાં રજૂ દાખલ આંકઃ૪૮ આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૬ ની એક પ્લાસ્ટીકની પારદર્શક ડબ્બીમાં સીલબંધ હાલતમાં હોય, નામદાર કોર્ટની પરવાનગીથી ખોલીને મને બતાવવામાં આવે છે. જે ડબ્બીમાં લોહીવાળુ કોટન થ્રેડ છે, જે મારી હાજરીમાં કબજે લેવાયેલુ તે જ છે. તે સાથે રાખેલ એક પંચસ્લીપ ખોલી મને બતાવવામાં આવે છે, તેમાં ક્રમ નં.૧ માં મારી તથા ક્રમ નં.૨ માં મનોજ પવારની સહી હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. તેને પુરાવામાં રજૂ દાખલ આંકઃ૪૯ આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૭ ની એક પ્લાસ્ટીકની પારદર્શક ડબ્બીમાં સીલબંધ હાલતમાં હોય, નામદાર કોર્ટની પરવાનગીથી ખોલીને મને બતાવવામાં આવે છે. જે ડબ્બીમાં સાદુ કોટન થ્રેડ છે, જે મારી હાજરીમાં કબજે લેવાયેલુ તે જ છે. તે સાથે રાખેલ એક પંચસ્લીપ ખોલી મને બતાવવામાં આવે છે, તેમાં ક્રમ નં.૧ માં મારી તથા ક્રમ નં.૨ માં મનોજ પવારની સહી હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. તેને પુરાવામાં રજૂ દાખલ આંકઃ૫૦ આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧૮ જે એક કાપડની થેલીમાં સીલબંધ હાલતમાં હોય,

નામદાર કોર્ટની પરવાનગીથી ખોલીને મને બતાવવામાં આવે છે, તેમાંથી એક રબરનું મેટ નિકળેલ છે, જે મારી હાજરીમાં કબજે લીધેલ તે જ છે. તે સાથે રાખેલ એક પંચસ્લીપ મને બતાવવામાં આવે છે. જેમાં પણ ક્રમ નં.૧ માં મારી તથા ક્રમ નં.૨ માં મનોજ પવારની સહી હું ઓળખી બતાવી રજૂ કરુ છુ. તેને પુરાવામાં રજૂ દાખલ આંકઃ૫૧ આપવામાં આવે છે. આરોપી પ્રફુલભાઈ આજરોજ કોર્ટમાં હાજર છે, હું તેમને ઓળખી બતાવુ છુ.

**(૩૭.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે, હું તથા બીજા પંચ મનોજભાઈ પવાર બંને ગજાનંદ પાર્ક સોસાયટીમાં રહીએ છીએ. એ વાત ખરી છે કે, આ બનાવમાં મરનાર દિપકભાઈ પણ ગજાનંદ સોસાયટીમાં જ રહેતા હતા. એ વાત ખરી છે કે, સોસાયટીનાં સભ્ય તરીકે મારે આ દિપકભાઈ સાથે સંબંધ હતો. એ વાત ખરી છે કે, આ કામનાં ફરીયાદી રાજુભાઈ જે આ બનાવમાં મરનાર દિપકભાઈનાં ભાઈ છે, જેમની સાથે પણ સોસાયટીનાં રહીશ તરીકે મારે સંબંધ છે.હું આનંદ એન્ટરપ્રાઈઝ, જુની સબ જેલ પાસે નોકરી કરૂ છુ. હું બનાવનાં દિવસે પણ નોકરીએ ગયેલો પરંતુ મોડો ગયેલો. હું બનાવનાં દિવસે બપોરનાં લગભગ ૧-૩૦ વાગ્યે નોકરી ઉપર ગયેલો. એ વાત ખરી છે કે, સોસાયટની વ્યક્તિ સાથે આવો બનાવ બનેલો, તેથી મારે નોકરીએ જવાનું મોડું થયેલુ. એ વાત ખરી છે કે, હું આરોપી પ્રફુલભાઈને પહેલેથી ઓળખતો ન હતો. એ વાત ખરી છે કે, પંચનામાની કાર્યવાહી દરમ્યાન મેં આ પ્રફુલભાઈને જોયેલ નથી. એ વાત ખરી છે કે, મેં ખૂનનો બનાવ નજરે જોયો નથી. એ વાત ખરી છે કે, તા.૦૨/૦૪/૨૦૧૯ તથા

તા.૦૩/૦૪/૨૦૧૯ નાં રોજ મેં કોઈ પંચનામાની કાર્યવાહીમાં ભાગ લીધેલ નથી. એ વાત ખરી છે કે, મેં પંચનામાની જે કાર્યવાહીમાં ભાગ લીધેલ, તે તા.૦૪/૦૪/૨૦૧૯ નાં રોજ લીધેલ. એ વાત ખરી છે કે, તા.૦૪/૦૪/૨૦૧૯ નાં રોજ હું નોકરીએ ગયેલ નહીં. એ વાત ખરી છે કે, મને પંચનામાની કાર્યવાહી માટે બોલાવેલ તેથી હું નોકરીએ ગયેલ નહીં. હું રોજ સવારે સાડા દશ વાગ્યે નોકરીએ જાઉ છુ. એ વાત ખરી છે કે, મને મારી નોકરીનાં સવારનાં સાડા દશ નાં ટાઈમ પહેલા પોલીસે પંચ તરીકે બોલાવેલ નહીં. મને સાડા દશે નોકરીએ જવામાં કોઈ વાંધો ન હતો. એ વાત ખરી છે કે, મને સવારે સાડા દશ વાગ્યે એવી ખબર હતી કે, મારે બપોરનાં સમયે પંચનામાની કાર્યવાહી માટે જવાનું છે. એ વાત ખરી છે કે, મને રાજુભાઈએ વાત કરેલી કે, બપોરે જવાનું છે, જેથી હું બપોરે ગયેલો. એ વાત ખરી છે કે, સૌથી પહેલા મને જીલાણી બ્રીજ પાસે બોલાવેલ. એ વાત ખરી છે કે, ત્યાં જીલાણી બ્રીજ પાસે ઉપરોક્ત એક્ટીવા પડેલ હતી, તે મને બતાવેલ. એ વાત ખરી છે કે, અમારી રૂબરૂમાં તે એક્ટીવાને ત્યાંથી પોલીસ સ્ટેશને લાવવામાં આવેલ. જીલાણી બ્રીજ પાસેથી આ એક્ટીવા મોપેડને પોલીસ સ્ટેશન લાવ્યા તે અંગેનું પંચનામુ મારી હાજરીમાં કરવામાં આવેલ નહીં. એ વાત ખરી છે કે, મેં જે પંચનામામાં સહી કરી, તેમાં આ એક્ટીવા મોપેડ જીલાણી બ્રીજ પાસે અમને બતાવી, ત્યાંથી પોલીસ સ્ટેશન લાવવામાં આવેલ હોવાનું લખવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, આ પંચનામા મુજબ અમને લાલગેટ પોલીસ સ્ટેશન સીધા બોલાવેલ. એ વાત ખરી છે કે, પંચનામામાં લખેલ આ હકિકત ખરી છે. એ વાત ખરી

છે કે, આ એક્ટીવા મોપેડ અમોને પહેલીવાર પોલીસ સ્ટેશનમાં બતાવવામાં આવેલ. એ વાત ખરી છે કે, પંચનામામાં પોલીસે કબજે લીધેલ રબરની મેટ ઉપરથી કોટન થ્રેડ વડે લોહીનો નમુનો લીધાનો ઉલ્લેખ નથી.

(૩૮) વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૧૮ તરીકે આંક–૬૭થી પંચ સાહેદ આકેશ બલીરામભાઇ યાદવ તથા સાહેદ નં. ૨૧ તરીકે આંક–૭૨થી પંચ સાહેદ ભરતભાઇ નામદેવભાઇ રનબીસે નાઓને તપાસવામાં આવેલ છે. સદર બન્ને પંચ સાહેદોએ પોતાની જુબાનીમાં આંક–૬૮થી રજુ સી.ડી. કેસેટ કબજે કર્યાના પંચનામામાં પંચો તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય સદર પંચનામાંની અન્ય કોઇ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ વિગતો જણાવેલ નથી.

(૩૯) વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૧૯ તરીકે આંક–૬૯થી પંચ સાહેદ ઉમેશ જીવાભાઇ દેવધરે તથા સાહેદ નં.૨૨ તરીકે આંક–૭૩થી પંચ સાહેદ તુકારામભાઇ દેવુભાઇ યાદવ નાઓને તપાસવામાં આવેલ છે. સદર બન્ને પંચોએ પોતાની જુબાનીમાં આંક–૭૦થી રજુ ડી.વી.ડી. કબજે કર્યાના પંચનામામાં પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય સદર પંચનામાંની અન્ય કોઇ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય

તેવી કોઇ વિગતો જણાવેલ નથી.

**(૪૦)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૨૦ તરીકે આંક–૭૧થી સાહેદ મહેન્દ્રભાઇ બલીરામભાઇ કોરપે નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને વિમુખ થયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ. એ. પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

**(૪૧)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૨૩ તરીકે આંક–૭૪થી પંચ સાહેદ રવિભાઇ બલીરામ કોરપે નાઓને તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદે પોતાની જુબાનીમાં આંક–૩૯થી રજુ પંચનામામાં તથા આંક–૪૦થી રજુ પંચ સ્લીપમાં પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય સદર પંચનામાંની અન્ય કોઇ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ વિગતો જણાવેલ નથી.

**(૪૧.૧)** સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે આંક–૩૯ વાળા પંચનામામાં મે સહી કરી ત્યારે મારી સાથે બીજા પંચ પ્રફુલભાઇ નાઓએ પણ તૈયાર પંચનામામાં મારી રૂબરૂ સહી કરેલી. એ વાત ખરી છે કે મારી રૂબરૂમાં કે બીજા પંચની રૂબરૂમાં કોઇ કાર્યવાહી પોલીસે કરેલી નહીં અને અમે માત્ર સહી કરી તરત નીકળી ગયેલા.

**(૪૨)** વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૩૩ તરીકે આંક–૯૬થી પોલીસ સાહેદ

સિધ્ધરાજ પ્રધ્યુમનસિંહ ઝાલા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તા.૦૨/૦૪/૨૦૧૯ના રોજ અમારી નોકરી ડી.સી.બી. પો.સ્ટે. સુરત શહેર ખાતે પો.સ.ઇ. તરીકેની હતી. અમોને માહીતી મળેલ કે, લાલગેટ પોલીસ સ્ટેશનની હદમાં ભરીમાતા રોડ ઉપર એક માણસ નામે દિપક મોરેનુ કોઇ અજાણ્યા હેલ્મેટ પહેરેલ ઇસમે મોત નીપજાવેલ છે. જેમાં શકમંદ તરીકે પ્રફુલ્લ ઉર્ફે સોનુ મરાઠીનુ નામ આપેલ છે. જે બાબતે લાલગેટ પો.સ્ટે.માં ફરીયાદ દાખલ થયેલી. જેથી અમારા ઉપરી અધિકારીશ્રીઓએ સુચન કરેલ કે, આ પ્રફુલ્લ ઉર્ફે સોનુની વોચ તપાસમાં રહી સત્વરે ઝડપી લેવા. જેથી અમો તથા ડી.સી.બી.ના અન્ય પો.સ.ઈ.સી.એચ. પનારા નાઓ તથા સ્ટાફના અ.હે.કો.હિતેન્દ્રસિંહ તથા અ.હે.કો.વિકાસભાઇ, અ.હે.કો. હરીભાઇ, અ.હે.કો.હરપાલસિંહ, અ.હે.કો.ઉપેન્દ્રસિંહ, અ.હે.કો.દિગ્વીજયસિંહ, અ.હે.કો.પ્રકાશચન્દ્ર તથા લાલાભાઇ વિગેરે નાઓ સુરત શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા જે દરમિયાન અમોને અમારા વિશ્વાસુ અને અંગત બાતમીદાર મારફતે આધારભુત માહીતી મળેલ કે, લાલગેટ પોલીસ સ્ટેશનના ખુનના ગુનામાં શકમંદ તરીકે નામ ખુલેલ પ્રફુલ્લ ઉર્ફે સોનુ મરાઠી કતારગામ દરવાજા પાસે ઉભેલ છે, તેણે શરીરે મરૂન કલરનુ આખી બાંયનુ શર્ટ તથા બ્લ્યુ કલરનુ પેન્ટ પહેરેલ છે અને શહેર બહાર નાસી ભાગી જવાની તૈયારીમાં છે જેથી સદર શકમંદને ઝડપી પાડવા સારુ નજીકમાંથી બે પંચોને બોલાવી જેમાં ૧) ચીમનભાઇ ગળથરીયા રહે–નનસાડ, કામરેજ તથા ૨) પીન્ટુ ઉર્ફે ધર્મેશપરી ગોસાઇ રહે–પુણાગામ સુરત નાઓ

વાળાને બોલાવી હકીકતથી વાકેફ કરી પંચો તથા સાથેના માણસો કતારગામ દરવાજા જઇ ખાનગી રીતે વોચ કરતા સદર બાતમી વર્ણન વાળો ઇસમ મળી આવેલ જેથી પંચોને ઇશારાથી બોલાવી કોર્ડન કરી પકડી લીધેલ. સદર ઇસમનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ પ્રફુલ્લ ઉર્ફે સોનુ નાથજોગી રહે-શિવાય કોમ્પ્લેક્ષ, વેડરોડ, સુરતનો હોવાનુ જણાવેલુ. જેની અંગ ઝડતીમાંથી બે મોબાઇલ ફોન મળી આવેલા જેમાં વીવો કંપનીનો જેના IMEI નંબર પંચનામા વિગતે લખેલ છે જેની કિં.રૂા.૮૦૦૦/- ગણી તથા બીજો રેડમી કંપનીનો મોબાઇલ જેના IMEI નંબર પંચનામા વિગતે લખેલ છે જેની કિં.રૂા.૧૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલ. આ કામે પ્રફુલ્લ ઉર્ફે સોનુને વધુ પુછપરછ કરેલ અને સદર ગુનાના કામે આરોપી હોવાનુ જણાય આવતા સદર ઇસમને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)આઇ મુજબ ધોરણસર અટક કરેલ અને બંને મોબાઇલ તપાસ અર્થે કબજે કરેલ જે મુજબનુ વિગતવાર પંચનામુ કરેલુ. જે અંગેનો રીપોર્ટ ડી.સી.બી.પો.સ્ટે.ના પી.એસ.ઓ.ને કરેલ તેમજ અમારી સાથેના પોલીસ સાહેદોના નિવેદનો નોંધેલ તેમજ સદર કામે પકડાયેલ આરોપીની ધરપકડ અંગે ટેલિફોનીક વર્ધી લાગતા વળગતા પો.સ્ટે.ને કરેલી. મને આંક-૩૦ થી રજુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. મને પોલીસ પેપર્સમાંથી સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા માટેનો રીપોર્ટ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. જેને પુરાવામાં રજુ દાખલ <u>આંક-૯૭</u> આપવામાં આવે છે. મને મુદ્દામાલ

બતાવવામાં આવે તો હું ઓળખી શકુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૬ અને ૭ બતાવવામાં આવે છે, જે એક લીલા કવરમાં છે જે નામદાર કોર્ટની પરવાનગીથી ખોલતા તેમાંથી બે મોબાઇલ નીકળેલ છે જેમાં એક વીવો કંપનીનો સફેદ કલરનો મોબાઇલ છે જે જોઇને કહુ છુ કે આ મોબાઇલ અમોએ આરોપીની પ્રફુલ્લ ઉર્ફે સોનુપાસેથી પંચનામાની વિગતે કબજે કરેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ તેમજ બીજો મોબાઇલ કાળા કલરનો રેડમી કંપનીનો નીકળેલ છે. જે જોઇને કહુ છુ કે આ મોબાઇલ અમોએ આરોપીની પ્રફુલ્લ ઉર્ફે સોનુપાસેથી પંચનામાની વિગતે કબજે કરેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ. તેમજ સાથે એક સીમકાર્ડ નીકળેલ છે. જે મોબાઇલ તથા સીમકાર્ડ જે–તે સ્થિતિમાં પરત મુકેલ છે. હું આરોપીને ઓળખુ છુ. આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

**(૪૨.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે ફરીયાદમાં આરોપીને શકમંદ તરીકે દર્શાવેલો, આરોપી તરીકે નહીં. એ હું કહી શકુ નહીં કે બાતમી મળી તે આપવા બાતમીદાર રૂબરૂ આવેલા કે તે ફોન પર મળેલી. એ વાત ખરી છે કે બાતમીમા શકમંદના કપડા સિવાય કોઇ ચહેરા મહોરનુ કે કદ કાઠીનુ વર્ણન ન હતુ. એ વાત ખરી છે કે શકમંદ કતારગામ દરવાજા પાસે ઉભો છે તેવી જ બાતમી હતી. અમો તથા બાતમી અંગે રેઇડમાં જનાર અન્ય પોલીસ વાળાઓ પોલીસ સ્ટેશન નહી પરંતુ પેટ્રોલીંગમાં હતા. આ પેટ્રોલીંગ દરમિયાન તમામ લોકો એકસાથે ગાડીમા ન હતા. એ વાત ખરી છે કે બાતમી મળ્યા બાદ પંચોને કોણ બોલાવવા ગયુ અને ક્યાંથી બોલાવ્યા તેવુ પંચનામામાં દર્શાવેલ નથી. એ વાત ખરી

છે કે બંને પંચો કામરેજ મુકામેના રહેનાર છે તેવુ પંચનામામાં લખેલ છે. પંચોને કામરેજથી બોલાવવામાં આવેલા કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે આખી ટીમને ભેગી કરી કઇ રીતે રેઇડ કરવાની અને ત્યાં પહોંચીને કોણ ક્યાં કોર્ડનમાં રહેશે તેવી કોઇ સુચના આપવામાં આવેલ હોય તેવુ પંચનામામાં લખેલ નથી. એ વાત ખરી છે કે રેઇડમાં ક્યા અને કેટલા ખાનગી વાહનોમાં અમો ગયેલા અને તે વાહનોના માલિક કે ડ્રાઇવર કોણ હતા તેવુ પણ પંચનામામાં નથી. એ વાત ખરી છે કે આ વાહનોમાં કોણ, ક્યાં, કઇ ગાડીમાં બેઠેલુ તેવુ પણ પંચનામામાં લખેલ નથી. એ વાત ખરી છે કે કતારગામ દરવાજાએ ધણો મોટો વિસ્તાર છે. એ વાત ખરી છે કે કતારગામ દરવાજા ઉપર ચોક્કસ કઇ જગ્યાએ કે કોઇ દુકાને કે ગલ્લે પર શકમંદ ઉભો છે તેવુ બાતમીમાં મળેલ નહીં. એ વાત ખરી છે કે મરૂન શર્ટ અને ભુરૂ પેન્ટ તે કપડામાં ખુબ જ સામાન્ય રંગ છે અને તે અનેક લોકો પહેરતા હોય છે. એ વાત ખરી છે કે કતારગામ દરવાજા પર કઇ ગાડી કે ક્યા પોલીસવાળાઓ વહેલા પહોંચ્યા અને પછી કોણ પહોંચ્યુ તેવુ પણ પંચનામામા જણાવેલ નથી. એ વાત ખરી છે કે કતારગામ દરવાજા પર પહોંચીને તમામ પોલીસ વાળાઓ ફેલાઇ ગયા હોય અને શકમંદની શોધખોળ કરી આવા વર્ણનના અનેક વ્યક્તિઓને નામો પુછેલ હોય તેવુ કંઇ બન્યુ હોય તે પંચનામામાં લખેલ નથી. કોઇ વ્યક્તિએ ભાગી જવુ હોય તો તે યા તો રેલ્વે સ્ટેશન કે બસ સ્ટેશન પર જઇને થોભે, યા તો ગાડી વાટે ભાગી જાય પણ કતારગામ દરવાજા પર શાંતિથી ઉભો રહે નહીં તે વાત સાથે હું સહમત નથી કારણ કે દરેક વ્યક્તિની માનસિકતા જુદી હોય. એ

વાત ખરી છે કે હું આ કામનો તપાસ કરનાર અમલદાર ન હતો. એ વાત ખરી છે કે રેડીંગ પાર્ટીના સભ્યોના નિવેદનો તપાસ કરનાર અમલદાર લઇ શક્યા હોત.

(૪૩)વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૩૪ તરીકે આંક–૯૯થી પોલીસ સાહેદ એ.એસ.આઇ. મકનભાઇ વીરાભાઇ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, હું તા.૦૨/૦૪/૨૦૧૯ના રોજ લાલગેટ પો.સ્ટે. ખાતે પી.એસ.ઓ. તરીકેની ફરજ પર હાજર હતો દરમિયાન ફરીયાદી રાજુભાઇ બાબુભાઇ મોૈરે નાઓની ફરીયાદ કે મરણ જનાર દિપકભાઇ મોૈરેને શકમંદ એક્ટીવા ચાલક ઇસમે જેણે માથે હેલ્મેટ પહેરેલ હતુ અને શરીરે બ્રાઉન કલરનુ જેકેટ પહેરેલ હતુ તેણે ફરીયાદીના ભાઇને માથાના ભાગે તેમજ આંખની બાજુમાં લોખંડના પાઇપ જેવા હથિયાર વડે ઇજા પહોંચાડી મોત નીપજાવી અજાણ્યો ઇસમ એક્ટીવા ચાલક ગુનો કરી નાસી ગયા મતલબની પો.ઇન્સ.એ.એસ. પાટીલ નાઓની રૂબરૂની રજીસ્ટર થવા સારુ આવતા સદર ફરીયાદ સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૧૩/૨૦૧૯ કલાક ૧૦/૦૫ વાગે ફર્સ્ટ ગુ.ર.નં.૨૪/૨૦૧૯, ઇ.પી.કો. કલમ ૩૦૨ તથા જી.પી.એક્ટની કલમ –૧૩૫(૧) મુજબની રજીસ્ટર કરી સી.આર.પી.સી. કલમ ૧૫૭ મુજબનો રીપોર્ટ જાહેર કરી સદર ગુનાની તપાસ પો.ઇન્સ.એ.એસ. પાટીલ તરફ ડેપ્યુટ કરેલી. આજરોજ હુ મારી સાથે તા.૦૨/૦૪/૨૦૧૯ના રોજની <u>સ્ટેશન ડાયરી</u> એન્ટ્રી નં.૧૩નો ઉતારો લાવેલ છુ જેમાં લાલગેટ પો.સ્ટે.ના પી.એસ.ઓ.ની સહી તથા હોદ્દાનો સિક્કો છે જે હું ઓળખી બતાવુ છુ જેને પુરાવામાં રજુ દાખલ

આંક–૧૦૦ આપવામાં આવે છે. મને નિશાની–૮/૧ થી રજુ તપાસ સંભાળી લેવા માટેનો રીપોર્ટ બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને પુરાવામાં રજુ દાખલ આંક–૧૦૧ આપવામાં આવે છે.

**(૪૩.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે બનાવ અંગે મને કોઈ જાત માહીતી નથી.

**(૪૪)**વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૩૫ તરીકે આંક–૧૦૨થી પોલીસ સાહેદ અ.હે.કો. લલીતભાઈ સુરેશભાઈ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, અમો તા.૦૨/૦૪/૨૦૧૯ના રોજ લાલગેટ પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. તરીકેની ફરજ પર હાજર હતા ત્યારે લાલગેટ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૪/૨૦૧૯ના કામે મરણ જનાર દિપક બાબુભાઈ મોરેનુ સ્મીમેર હોસ્પિટલ ખાતે પી.એમ. થયા બાદ ડોકટરશ્રીએ લાશ પરના કપડા દીધેલ જે કપડા એ.એસ.આઈ.અબ્દુલ હનીફ અબ્દુલ બશીર નાઓ પો.સ્ટે. ખાતે લઈ આવેલ હોય અને તેઓ રજુ કરતા હોય જેથી અમોએ બે પંચોની હાજરીમાં સદર મરણ જનારના કપડા એક બ્લ્યુ કલરનુ આખી બાંયનુ શર્ટ, એક કાળા કલરની હાફ ચડ્ડી, બ્લ્યુ કલરનો જાંગીયો પંચનામાની વિગતે કબજે કરેલ જે અંગેનુ વિગતવારનુ પંચનામુ કરેલુ. મને આંક–૨૫ થી રજુ પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. મને મુદ્દામાલ બતાવવામાં આવે તો હું ઓળખી શકુ છુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ થી ૫ વાળા કપડા જેમાં સફેદ બ્લ્યુ કલરનુ શર્ટ, કાળા કલરનો

ચડ્ડો, બ્લ્યુ કલરનો જાંગીયો નીકળેલ છે. જે જોઇને કહુ છુ કે તે અમોએ પંચનામાની વિગતે કબજે કરેલ તે જ છે. જે હું ઓળખી બતાવુ છુ. મને આંક–૨૬ થી રજુ પંચસ્લીપ બતાવવામાં આવે છે, જેમાં બે પંચોની અને રૂબરૂ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.

**(૭૪.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, આ કામના પંચ કૈલાશભાઇને ક્યાંથી બોલાવેલા તે હાલ મને યાદ નથી. એ વાતનો મને ખ્યાલ કે સ્વતંત્ર માણસને પંચ તરીકે રાખવાના હોય છે. મને એ વાતનો ખ્યાલ નથી કે પંચ કૈલાસભાઇ મરણ જનારના પડોશી હતા કે કેમ. એ વાત ખરી છે કે મરણ જનારના કપડા મારી પાસે આવ્યા તે પહેલા કોની પાસે અને કઇ સ્થિતિમાં હતા તે અંગે મને કોઇ જાત માહીતી નથી.

**(૭૫)**વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૩૬ તરીકે આંક–૧૦૪થી પોલીસ સાહેદ અશોક સાહેબરાવ પાટીલ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૯માં અમો લાલગેટ પો.સ્ટે. ખાતે પો.ઇન્સ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન તા.૦૨/૦૪ / ૨૦૧૯ના રોજ અમો અમારા નિવાસ સ્થાને હાજર હતા તે સમયે લાલગેટ પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.નો અમારા ઉપર સવારના આશરે આઠ–સાડા આઠ વાગ્યાના સુમારે ફોન આવેલ અને અમોને જણાવેલ કે, ભરીમાતા રોડ ઉપર વિશાલા રેસ્ટોરન્ટની સામે એક ઇસમનુ ખુન થયેલ છે અને લોકોનુ ટોળુ પણ ત્યાં ભેગુ થયેલ છે જેથી અમોએ પી.એસ.ઓ.ને તુરંત સર્વેલન્સ સ્ટાફના પો.સ.ઇ.જેઠવા સાહેબ, પો.સ.ઇ. અમીન, પો.સ.ઇ. ગઢવી તેમજ પો.સ.ઇ. ચૌહાણ નાઓને પોત–પોતાના

પોલીસના માણસોને લઇ ગુનાવાળી જગ્યાએ લઇ જવા સુચના આપેલ તેમજ પો.સ.ઇ.ને FSL, ડોગસ્કોવડ, ફીંગરપ્રિન્ટ ની ટીમોને ગુનાવાળી જગ્યાએ બોલાવવા સુચના કરેલી અને વનજીપને જરૂરી સીલ કરવાની સાધન સામગ્રી સાથે ગુનાવાળી જગ્યાએ મોકલવા સુચના આપેલી. અમો અમારા નિવાસસ્થાનેથી અમારી ગાડીમાં ગુનાવાળી જગ્યાએ પહોંચેલા જ્યાં ભરીમાતા રોડ વિશાલા રેસ્ટોરન્ટની સામે, રોડની વચ્ચે એક ઇસમ અનિયમિત આકારના લોહીના ખાબોચીયામાં લોહીલુહાણ હાલતમાં એક ઇસમની લાશ પડેલ હતી અને ત્યાં નજીકમાં લોકોનુ ટોળુ પણ ભેગુ થયેલુ જોવામાં આવેલુ. આ ટોળામાંથી એક ઇસમ અમારી પાસે આવી પોતાનો પરીચય રાજુ મૌરે હોવાનુ જણાવેલ અને મરણ જનાર પોતાનો ભાઇ દિપક બાબુરાવ મૌરે હોવાનુ જણાવેલુ જેઓને અમે બનાવ બાબતે પુછતા સવારના મરણ જનાર પોતાના છોકરાનો ટ્યુશને મુકી પરત આવતા હતા તે સમયે તેની પાછળ એક એક્ટીવા ચાલક જેના માથે હેલ્મેટ પહેરેલ હતુ અને શરીરે જેકેટ પહેરેલ હતુ તે ઇસમે પોતાની પાસેના પાઇપની ફટકાથી જીવલેણ ઘા મારી મરણજનારનુ મોત નીપજાવેલ છે. આ ઇસમ કોણ છે તે બાબતે પુછતા પોતાના મકાનમાં અગાઉ એક વર્ષ પહેલા ભાડુઆત તરીકે રહેતા પ્રફુલ્લ ઉર્ફે સોનુ મરાઠી હોવો જોઇએ અને તેણે જ તેની સાથે મરણ જનારને મકાનની દલાલી બાબતે અવારનવાર ઝધડો થતો હોય તેણે જ મારા ભાઇને મારી નાંખેલ હશે તેવો પુરો-પાક્કો શક હોય તેઓ તેની વિરુધ્ધ ફરીયાદ આપવા માંગતા હોય અમોએ સ્થળ પર જ રાજુ બાબુરાવ મૌરેની ઇ.પી.કો. કલમ-૩૦૨ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫

મુજબની અમારા રૂબરૂની ફરીયાદ લખી લઈ ગુનો રજીસ્ટર કરવા મુદ્દામ પોલીસ માણસ સાથે લાલગેટ પો.સ્ટે.ખાતે રજીસ્ટર થવા સારુ મોકલી આપેલ અને સદર ફરીયાદ લાલગેટ પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૨૪/૨૦૧૯ થી રજીસ્ટર થઇ આવતા સદર ગુનાની આગળની તપાસ અમોએ હાથ ધરેલી. ત્યારબાદ નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચોની હાજરીમાં મરણ જનાર દિપક બાબુરાવ મોરેની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ પંચોએ લખાવ્યા મુજબનુ તૈયાર કરેલ અને મરણોત્તર ફોર્મ ભરેલ તેમજ લાશ પી.એમ. થવા સારુ મેડીકલ ઓફિસર સાહેબને યાદી લખી પી.એમ. કરવા માટે તજવીજ કરેલ. ત્યારબાદ નજીકમાંથી બે પંચોને બોલાવી સદર ગુનાવાળી જગ્યાનુ પંચનામુ FSL અધિકારીની હાજરીમાં કરેલુ. ત્યારબાદ સદર ગુનાવાળી જગ્યાના પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલની પાવતી ફાડી તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ તપાસના કામે સામેલ રાખેલ. સદર સાહેદો પૈકી નજરે જોનાર સાહેદે જે વ્યક્તિએ મરણ જનારને ઘા કરેલ તેનો ગાડી નંબર GJ–05–PM–5341 જણાવેલ હોય જેથી સદર વાહનની શોધખોળ કરવા માટે DySP સાહેબે બનાવ સ્થળની આસપાસના સીસીટીવી ફુટેજ જોઈ આરોપીને પકડવા માટે ટીમો બનાવેલ. ત્યારબાદ મરણ જનારનુ પી.એમ. થયા બાદ સિવિલ હોસ્પિટલમાંથી ફરજ પરના ડોક્ટરશ્રીએ મરણ જનારના કપડા ASI અબ્દુલ હનીફ અબ્દુલ રસીદ નાઓને આપેલ હોય તે પી.એસ.ઓ. રૂબરૂ લાવી રજુ કરતા પી.એસ.ઓ.એ સદર કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ કરેલ તે પંચનામુ

અમોને આપતા વંચાણે લઈ તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ સદર કામનો આરોપી પ્રફુલ્લ ઉર્ફે સોનુ મરાઠીને ડી.સી.બી. પો.સ્ટે.ના પી.એસ.આઇ.એસ.પી. ઝાલા તથા તેમની સાથેના પોલીસ સ્ટાફે પકડી પાડેલ હોય તેથી તેઓએ CrPC કલમ ૪૧(૧)આઇ મુજબ કરેલ કાર્યવાહીનુ પંચનામુ તથા મુદ્દામાલ અને આરોપીનો કબજો અમોએ મેળવી સદર ગુનાના કામે આરોપીને અટક કરેલો. જે અંગેનુ બે પંચોની હાજરીમાં શરીરસ્થિતિનુ પંચનામુ કરેલ. ત્યારબાદ આરોપીને રીમાન્ડની માંગણી સાથે નામદાર કોર્ટમાં રજુ કરેલા અને રીમાન્ડ તા.૦૬/૦૪/૨૦૧૯ સુધીના મળતા તે દરમિયાન આરોપીએ ગુનામાં વાપરેલ હથિયાર બતાવવા માંગતો હોય જેથી બે પંચોની હાજરીમાં આરોપીને સાથે રાખી આરોપીએ બતાવેલ જગ્યા પરથી ચપ્પલ તેમજ એક્ટીવા, હેલ્મેટ કબજે કરેલ. જે અંગેનુ બે પંચોની હાજરીમાં વિગતવારનુ પંચનામુ કરેલુ તેમજ આરોપીએ ગુનો આચરેલ તે વખતે પહેરેલ કપડા બતાવવા માંગતો હોય તે અંગે તેને સાથે રાખી તેણે બતાવેલ જગ્યા પરથી કપડા કબજે કરવામાં આવેલ. આરોપીએ ગુનામાં વાપરેલ મારક હથિયાર શોધી બતાવેલ હોય જે અંગેનુ પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલ. તેમજ આરોપીએ ગુનામાં વાપરેલ એક્ટીવા કબજે કર્યા અંગેનુ પંચનામુ FSL અધિકારી ટી.સી. જોષીની હાજરીમાં કરેલ અને તે એક્ટીવા પરથી લોહીના ડાઘા જણાઇ આવેલ હોય તે FSL અધિકારીએ થ્રેડ ઘસી આપેલ હોય તે તથા મેટ કબજે કરેલ અને તે અગેનુ વિગતવારનુ પંચનામુ કરેલ, ત્યારબાદ ધી પુરષોત્તમ ફાર્મર પેટ્રોલીયમ જહાંગીરપુરા સુરત પર લગાવેલ

કેમેરાની કુટેજમાં આરોપી દેખાય આવતો હોય અને તે અંગેની કુટેજ ધર્મેશભાઇ રણછોડભાઇ પટેલ નાઓએ પો.સ્ટે.માં લાવી રજુ કરેલ હોય જે બે પંચોને બોલાવી તે અંગેનુ વિગતવારનુ પંચનામુ કરી કબજે લીધેલ. ત્યારબાદ મહાવીર ફાસ્ટ ફુડ નામની દુકાન પર લાગેલ સીસીટીવી કેમેરાની કુટેજમાં બનાવ રેકર્ડ થયેલ હોય જે સાહેદ દિનેશભાઇ મોહનભાઇ ડાંગી નાઓ પો.સ્ટે.ખાતે લાવી રજુ કરતા હોય તે ડીવીડી કબજે કરેલ અને તે અંગેનુ વિગતવારનુ પંચનામુ કરી તપાસના કામે સામેલ રાખેલ તેમજ સદર ડીવીડી અને સીડી કબજે કર્યા બાદ ધર્મેશભાઇ રણછોડભાઇ પટેલ અને દિનેશભાઇ મોહનભાઇ ડાંગી નાઓએ પુરાવા અધિનિયમની કલમ ૬૫(બી) મુજબનુ સર્ટીફિકેટ રજુ કરેલ, જે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ સદર કામે સ્મીમેર હોસ્પિટલ તરફથી મરણ જનારની પી.એમ. નોટ આવતા જે વંચાણે લઇ તપાસના કામે સામેલ રાખેલ ત્યારબાદ સદર તપાસના કામે મેળવેલ મુદ્દામાલની વિગતવારની રવાનગી નોંધ તૈયાર કરી મુદ્દામાલ પૃથ્થકરણ અર્થે FSL તરફ સક્ષમ અધિકારીના સત્તાના પ્રમાણપત્ર સાથે રવાના કરેલ. સદર મુદ્દામાલ FSL ખાતે મળ્યા અંગેની પહોંચ આવતા તપાસના કામે સામેલ રાખેલ. હથિયારબંધી અંગેનુ મહે.પોલીસ કમિશ્નર સા.શ્રી, સુરત શહેર નાઓનુ જાહેરનામુ તપાસના કામે સામેલ રાખેલ. FSL અધિકારીએ સ્થળ પરીક્ષણ અહેવાલ આપેલ હોય તે વંચાણે લઇ તપાસના કામે સામેલ રાખેલ. ત્યારબાદ તા.૦૩/૦૫/૨૦૧૯ના રોજ આ કામની આગળની તપાસ પો.સ.ઇ.ગઢવી સાહેબ નાઓને સોંપવામાં આવેલી. મને આંક-૧૦૧ થી

રજુ તપાસ સંભાળી લેવા માટેનો પી.એસ.ઓ. તરફથી આપવામાં આવેલ યાદી બતાવવામાં આવે છે, જે પી.એસ.ઓ.એ આપેલ તે જ છે. જે હું ઓળખી બતાવુ છુ. મને આંક–૬૨ થી રજુ ફરીયાદ બતાવવામાં આવે છે, જે અમારા રૂબરૂની ફરીયાદ લખવામાં આવેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ. મને આંક–૨૫ થી રજુ મરણ જનારના કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ બતાવવામાં આવે છે જે મે મારી તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ. મને આંક–૩૦ થી રજુ ડી.સી.બી. પો.સ્ટે.નાઓએ આરોપીને પકડી પાડેલ અને CrPC કલમ ૪૧(૧)આઇ મુજબનુ પંચનામુ કરેલ જે અમોએ મેળવી તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ. મને આંક–૩૨ થી રજુ આરોપી પ્રફુલ્લકુમાર ઉર્ફે સોનુ અરૂણભાઇ નામજોગીનુ અટક પંચનામુ બતાવવામાં આવે છે, જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. મને આંક–૧૭,૨૧,૩૪,૩૯,૪૩,૪૮,૬૮,૭૦ થી રજુ પંચનામાઓ બતાવવામાં આવે છે, જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. મને આંક–૫૪ થી રજુ ધર્મેશ રણછોડભાઇ પટેલે આપેલ પુરાવા અધિ.ની કલમ–૬૫(બી) મુજબનુ પ્રમાણપત્ર બતાવવામાં આવે છે, જે મે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ. મને આંક–૮૫ થી રજુ પી.એમ. નોટ બતાવવામાં આવે છે, જે મે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ. મને નિશાની–૮/૧૭ થી રજુ મુદ્દામાલ પૃથ્થકરણ માટે FSL ને લખેલ યાદી તથા રવાનગીપત્રક બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે તેમજ સત્તાનુ

પ્રમાણપત્ર આપનાર અધિકારી ACP ડી ડીવીઝન સુરત શહેરનાઓની સહી છે જે હું ઓળખી બતાવુ છુ, જેને પુરાવામાં સંયુક્ત રજુ દાખલ આંક-૧૦૫ આપવામાં આવે છે. મને નિશાની-૮/૧૮ થી રજુ FSL ને મુદ્દામાલ મળ્યાની પહોંચ બતાવવામાં આવે છે જેમાં FSL અધિકારી તથા મુદ્દામાલને FSL ખાતે લઈ જનાર અ.હે.કો. અજમેર અબલાભાઈ નાઓની સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જેને પુરાવામાં રજુ દાખલ આંક-૧૦૬ આપવામાં આવે છે. મને નિશાની-૮/૧૯ થી રજુ મહે.પોલીસ કમિશ્નર સાહેબશ્રીનુ હથિયારબંધી અંગેનુ જાહેરનામુ બતાવવામાં આવે છે, જે મે તપાસના કામે મેળવી સામેલ રાખેલ તે જ છે, જે હું ઓળખી બતાવુ છુ, જેને પુરાવામાં રજુ દાખલ આંક-૧૦૭ આપવામાં આવે છે. મને નિશાની-૮/૨૦ થી રજુ મુદ્દામાલ, આરોપી તથા તપાસના કાગળો મેળવવા માટે ડી.સી.બી. પો.સ્ટે.સુરત શહેરને લખેલ યાદી બતાવવામાં આવે છે, જેમા મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જેને પુરાવામાં રજુ દાખલ આંક-૧૦૮ આપવામાં આવે છે. મને નિશાની-૮/૨૧ થી રજુ આરોપીની અટક અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ અંગેનો રીપોર્ટ બતાવવામાં આવે છે, જેમા મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જેને પુરાવામાં રજુ દાખલ આંક-૧૦૯ આપવામાં આવે છે. મને આંક-૯૦ થી રજુ FSL સ્થળ પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે, જે મે તપાસના કામે મેળવી સામેલ રાખેલ તે જ છે, જે હું ઓળખી બતાવુ છુ. મને આંક-૯૭ થી રજુ ડી.સી.પી. પો.સ્ટે.ના પો.સ.ઈ. એસ.પી. ઝાલા નાઓએ કરેલ રીપોર્ટ બતાવવામાં આવે છે, જે મે તપાસના કામે મેળવી સામેલ રાખેલ તે જ છે, જે હું

ઓળખી બતાવુ છુ. મને પોલીસ પેપર્સમાંથી યોગેશભાઇ દલસુખભાઇ પટેલ નાઓએ આપેલ ભા.પુ.અ.ની કલમ–૬૫(બી) મુજબનુ પ્રમાણપત્ર બતાવવામાં આવે છે જે અમોએ તપાસના કામે મેળવી સામેલ રાખેલ તે જ છે જેમાં યોગેશભાઇ દલસુખભાઇ પટેલની સહી છે જે હું ઓળખી બતાવુ છુ, જેને બચાવપક્ષના વાંધા સાથે રજુ દાખલ આંક–૧૧૦ આપવામાં આવે છે. મને પોલીસ પેપર્સમાંથી મરણ જનારના તથા ગુનાવાળી જગ્યાના ફોટાઓ બતાવવામાં આવે છે, જે કુલ્લે ૧૦ ફોટાઓ છે, જે અમોએ અમારી તપાસ દરમિયાન સરકારી ફોટોગ્રાફર મારફત પડાવી, મેળવી તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ, જેને બચાવપક્ષના વાંધા સાથે સંયુક્ત રજુ દાખલ આંક–૧૧૧ આપવામાં આવે છે. મને મુદ્દામાલ બતાવવામાં આવે તો હું ઓળખી શકુ છુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧ અને ૨ જે એક પારદર્શક પ્લાસ્ટીકની ડબ્બીમાં છે જે અમોએ પંચનામાની વિગતે ગુનાવાળી જગ્યા પરથી કબજે કરેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૬ અને ૭ બતાવવામાં આવે છે, જે એક વીવો કંપનીનો સફેદ મોબાઇલ તથા એક કાળા કલરનો રેડમી કંપનીનો મોબાઇલ છે, જે અમોએ તપાસના કામે મેળવેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૦ અને ૧૧ બતાવવામાં આવે છે, જે હેલ્મેટ તથા ચપ્પલ છે, જે અમોએ પંચનામાની વિગતે આરોપી પાસેથી કબજે કરેલ તે જ છે, જે હું ઓળખી બતાવુ છુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૩ અને ૧૪ બતાવવામાં આવે છે, જે આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા છે, જે અમોએ પંચનામાની વિગતે આરોપી

પાસેથી કબજે કરેલ તે જ છે, જે હું ઓળખી બતાવુ છુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૫ બતાવવામાં આવે છે, જે સ્ટીલની પાઇપ છે, જે અમોએ પંચનામાની વિગતે આરોપી પાસેથી કબજે કરેલ તે જ છે, જે હું ઓળખી બતાવુ છુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૬,૧૭ અને ૧૮ બતાવવામાં આવે છે, જે કોટન થ્રેડ-બે, મેટ પગદંડી છે, જે અમોએ પંચનામાની વિગતે FSL અધિકારીની હાજરીમાં એક્ટીવા ઉપરથી કબજે કરેલ તે જ છે, જે હું ઓળખી બતાવુ છુ. મને કેસના રેકર્ડમાંથી મુદ્દામાલ આર્ટીકલ નં.૧૯ વાળી સીડી બતાવવામાં આવે છે, જે લીલા કલરના કવર ઉપર લાલગેટ પો.સ્ટે.ના ફર્સ્ટ ગુ.ર.નં.૨૪/૨૦૧૯ની વિગત લખેલ છે તેમજ તે ધી પુરષોત્તમ ફાર્મર પેટ્રલીયમ જહાંગીરપુરા સુરત પર લગાવેલ કેમેરાની ફુટેજમાં આરોપી દેખાય આવતો હોય અને તે અંગેની ફુટેજ ધર્મેશભાઇ રણછોડભાઇ પટેલ નાઓએ પો.સ્ટે.માં લાવી રજુ કરેલ હોય જે બે પંચોને બોલાવી તે અંગેનુ વિગતવારનુ પંચનામુ કરી કબજે લીધેલ તે જ છે, જે હુ ઓળખી બતાવુ છુ. જેને આંક પાડવા એ.પી.પી.શ્રીની વિનંતી છે, બચાવપક્ષ વાંધો લઇ જણાવે છે કે, હાલની સીડી રજુ કરનાર સાહેદ ધર્મેશભાઇ તે સીડી કબજે કર્યાના પંચનામાના પંચોની જુબાનીઓ થઇ ગયેલ હોય અને તેમાં સીડી બતાવેલ હોય તેમ છતા તે જુબાનીમાં આ સીડીને આંકે પાડવામાં આવેલ નથી તે સંજોગોમાં હાલના સાહેદને આ સીડી બતાવીને પ્રાઇમરી સોર્સમાં આંકે ન પડ્યો હોય તો આ સાહેદમાં આંકે ન પાડી શકાય તેવો વાંધો છે. ઉપરોક્ત તમામ રજુઆતો તથા રેકર્ડ તથા આંક-૫૩ ની જુબાની ધ્યાને લઇ સદરહું સીડીને પુરાવામાં ગ્રાહ્ય

રાખવા અંગે આખરી સુનાવણીમાં સાંભળી નિર્ણય કરવાનુ ઠરાવી ટેન્ટેટીવ આંક–૧૧૨ આપવામાં આવે છે. મને કેસના રેકર્ડમાંથી મુદ્દામાલ આર્ટીકલ નં.૨૦ (માર્ક–એ)વાળી ડીવીડી બતાવવામાં આવે છે, જે લીલા કલરના કવર ઉપર લાલગેટ પો.સ્ટે.ના ફર્સ્ટ ગુ.ર.નં.૨૪/૨૦૧૯ની વિગત લખેલ છે, તે ડીવીડી મહાવીર ફાસ્ટ ફુડ નામની દુકાન પર લાગેલ સીસીટીવી કેમેરાની ફુટેજમાં બનાવ રેકર્ડ થયેલ હોય જે સાહેદ દિનેશભાઇ મોહનભાઇ ડાંગી નાઓ પો.સ્ટે.ખાતે લાવી રજુ કરતા હોય તે ડીવીડી કબજે કરેલ અને તે અંગેનુ વિગતવારનુ પંચનામુ કરી કબજે લીધેલ તે જ છે, જે હુ ઓળખી બતાવુ છુ. જેને આંક પાડવા એ.પી.પી.શ્રીની વિનંતી છે, બચાવપક્ષ વાંધો લઇ જણાવે છે કે, હાલની ડીવીડી રજુ કરનાર સાહેદ દિનેશભાઇ પોતે જણાવેલ છે તે તેમણે આવી કોઇ ડીવીડી પોલીસને આપેલ નથી અને આ ઇલેક્ટ્રોનીક એવીડન્સ હોય અને યોગ્ય રીતે સાબિત થઇ પુરાવામાં દાખલ થયેલ ન હોય અને તે ડીવીડી કબજે કર્યાના પંચનામાના પંચોની જુબાનીઓ થઇ ગયેલ હોય અને તેમાં ડીવીડી બતાવેલ હોય તેમ છતા તે જુબાનીમાં આ ડીવીડીને આંકે પાડવામાં આવેલ નથી તે સંજોગોમાં હાલના સાહેદને આ ડીવીડી બતાવીને પ્રાઇમરી સોર્સમાં આંકે ન પડ્યો હોય તો આ સાહેદમાં આંકે ન પાડી શકાય તેવો વાંધો છે. ઉપરોક્ત તમામ રજુઆતો તથા રેકર્ડ તથા આંક–૬૦ ની જુબાની ધ્યાને લઇ સદરહું ડીવીડીને પુરાવામાં ગ્રાહ્ય રાખવા અંગે આખરી સુનાવણીમાં સાંભળી નિર્ણય કરવાનુ ઠરાવી ટેન્ટેટીવ આંક–૧૧૩ આપવામાં આવે છે. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૧૯ (ટેન્ટેટીવ આંક–

૧૧૨) વાળી સીડી કમ્પ્યુટર સ્ક્રીન પર ચલાવી બતાવવામાં આવે છે, આ વિડીયો ક્લીપીંગમાં જુદાં–જુદાં વાહનો પેટ્રોલ ભરાવવા આવતા હોય, તેવું જણાય છે, જેમનાં રજીસ્ટ્રેશન નંબર જોઈ શકાય તે રીતનાં જણાય છે. આ ફૂટેજમાં કલાક ૦૯.૩૮.૪૩ વાગ્યે એક બાઈક લઈને વાદળી કલરનું ટી–શર્ટ પહેરેલ એક માણસ બાઈકમાં પેટ્રોલ ભરાવતો હોવાનું દેખાય છે, જેને ઝૂમ કરીને જોતા તે બાઈકનો નં.જી.જે.–૦૫–કે.આર.–૫૭૨ હોવાનું જોઈ શકાય છે. આ સી.સી. ટી.વી. ફૂટેજ કલાક ૦૯.૪૦.૫૯ સુધીના હોવાનું જણાય છે. જે અમોએ પંચનામાની વિગતે જોઇ, કબજે કરેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨૦ (ટેન્ટેટીવ આંક–૧૧૩) વાળી સીડી કમ્પ્યુટર સ્ક્રીન પર ચલાવી બતાવવામાં આવે છે, તેમાં એક વિડીયો ફાઈલ જણાય છે, જે તા. ૦૨/૦૪/૨૦૧૯ નાં રોજની છે અને કલાક ૭:૪૦ વાગ્યે શરૂ થાય છે, જેમાં ૭.૫૭.૦૦ વાગ્યે સફેદ જેવું પેન્ટ પહેરી એક માણસ ચાલતો જતો દેખાય છે અને તેની પાછળ બ્રાઉન કલરનાં એક્ટીવા પર શર્ટ અને ચડ્ડો પહેરેલ એક માણસ દેખાય છે, તે મરણજનાર છે અને તે ઘર તરફ આવી રહેલ છે, જે હું ઓળખી બતાવુ છુ. આ ડી.વી.ડી.માં કલાક ૭.૫૭.૦૭ વાગ્યે એક એક્ટીવા ચાલક જેકેટ તથા હેલમેટ પહેરીને મરણ જનારનાં એક્ટીવાની પાછળ આવતો દેખાય છે, જે આરોપી પ્રકુલ જ છે, જે હું ઓળખી બતાવુ છુ. જે અમોએ પંચનામાની વિગતે જોઇ, કબજે કરેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ.હું આરોપીને ઓળખુ છુ, જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી. તેઓએ સાહેદ દિનેશભાઇ મોહનભાઇ ડાંગી,સાહેદ–ગીતાબેન તે દિપકભાઇ

બાબુભાઇ મોરેની વિધવા, સાહેદ–હસમુદ્દીન જમાલુદ્દીન શેખ, સાહેદ–વિશાલ ઉર્ફે બંટી રાજેન્દ્રભાઇ ચૌધરી, સાહેદ–જયશ્રીબેન તે રાજુભાઇ બાબુભાઇ મોરેની પત્ની, સાહેદ–જયનાથ જમનાપુરી ગૌસ્વામી,સાહેદ–જયશ્રીબેન તે ગોવિંદ પ્રભાત પાત્રાની પત્ની તથા શંકર ફનીહુસન માઇતીની દિકરી, સાહેદ–ભાણાભાઇ જીલુભાઇ પરમાર, સાહેદ–પ્રદિપકુમાર ડૌમસીંગ ઠાકુર, સાહેદ–વિક્રમભાઇ મનુભાઇ પરમાર નાઓના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના લખી લીધેલા.

**(૪૫.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે મને જે પી.એસ.ઓ.નો ફોન આવેલાનુ કહુ છુ તેમાં મરનાર કે આરોપીના નામ જણાવેલા નહીં. આ ફોનની મે અલગથી નોંધ કરેલી હોય તે પછી તપાસમાં રજુ કરેલ હોય તેમ બનેલ નથી. પી.એસ.ઓ.ને આ બનાવ અંગેની કોણે ખબર કરી તે હું કહી શકુ નહીં, મે તેવા કોઇ વ્યક્તિનો જવાબ પણ લીધેલ નથી. એ વાત ખરી છે કે ડોગ સ્કોવડ તથા ફિંગરપ્રિન્ટ અંગેની કાર્યવાહી થકી કોઇ આરોપી પકડાયેલો નહીં. એ વાત ખરી છે કે ફરીયાદ પ્રમાણે ફરીયાદીએ બનાવ જોયો હોય તેવુ નથી. ફરીયાદમાં આરોપીનુ નામ શકમંદ તરીકે અને હેલ્મેટ ધારક એક્ટીવા ચાલક અજાણ્યા માણસ તરીકેનુ હતુ. એ વાત ખરી છે કે આરોપીના કોઇ ચહેરા મહોરા કે શરીરના બાંધાનુ વર્ણન ફરીયાદમાં હતુ નહીં. એ વાત ખરી છે કે એક્ટીવા હજારો લોકો ચલાવતા હોય છે, તે જ રીતે હેલ્મેટ તથા બ્રાઉન જેકેટ પણ હજારો લોકો પહેરતા હોય છે. એ વાત ખરી છે કે કોઇ બ્રાઉન જેકેટ આ કામે તપાસમાં કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે હેલ્મેટ ક્યા કલરનુ હતુ તે

પણ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદમાં મકાનની દલાલીની અદાવતના કારણ સિવાય બનાવ અંગેનુ અન્ય કોઇ કારણ હોય શકે તેવુ ફરીયાદમાં જણાવાયેલ નથી. એ વાત ખરી છે કે આ કામે કબજે થયેલ એક્ટીવાનુ FSL દ્વારા પરીક્ષણ જગ્યા પર થયુ નથી પરંતુ પોલીસ સ્ટેશન પર થયેલુ. એ વાત ખરી છે કે જગ્યા પરથી એક્ટીવા પોલીસ સ્ટેશન સુધી કોણ લાવ્યુ તેનુ કોઇ પંચનામુ કર્યુ નથી કે સાહેદનો જવાબ લીધેલ નથી. એ વાત ખરી છે કે સરકારી ફોટોગ્રાફરને સાક્ષી તરીકે રાખેલ નથી કે તેઓનુ ૬૫(બી)નુ સર્ટીફિકેટ લીધેલ નથી. એ વાત ખરી છે કે મુદ્દામાલ હેલ્મેટને અન્ય હેલ્મેટની વચ્ચે મુકી તેની ઓળખ કરાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે એક્ટીવા પાસે પડેલ ચપ્પલની કોઇ ઓળખ કરાવેલ નથી. એ વાત ખરી છે કે બ્રીજ પાસે ખુલ્લી જગ્યા હતી અને લોકોની અવરજવર હતી, તેઓના કોઇના નિવેદનો લીધા નથી. એ વાત ખરી છે કે આરોપીના ઘરમાં અન્ય પણ લોકો રહેતા હતા. એ વાત ખરી છે કે મુદ્દામાલ વાળા કપડા સામાન્ય રીતે બજારમાં સહેલાઇથી મળતા હોય છે.

(૪૬) વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ નં.૩૭ તરીકે આંક-૧૧૮થી પોલીસ સાહેદ રાહુલભાઇ નાથુભાઇ પટેલ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૦માં અમો પી.આઇ. તરીકે લાલગેટ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તે દરમિયાન તા.૦૩/૦૫/૨૦૧૯ના રોજ સદર ગુનાના કામની તપાસ કરનાર અમલદાર એ. એસ. પાટીલ નાઓને ફરજ મોકુફ કરવામાં આવેલ હોય

જેથી સદર ગુનાની આગળની તપાસ પો.સ.ઈ. ગઢવી નાઓને સોંપવામાં આવેલ હોય. ત્યારબાદ તા.૦૩/૦૫/૨૦૧૯ના રોજ અમોને લાલગેટ પોલીસ સ્ટેશન ખાતે બદલી થતા અમોએ સદર ગુનાના તપાસના કેસ કાગળો પો.ઈન્સ.ગઢવી નાઓ પાસેથી સંભાળી લઈ તપાસ કરતા સદર કામે મુદ્દામાલ પૃથ્થકરણ માટે મોકલી આપેલ હોય પરંતુ પૃથ્થકરણ અહેવાલ આવેલ ન હોય, FSL સુરત ખાતે પૃથ્થકરણ અહેવાલ માટે યાદી લખી પોલીસ માણસને મોકલી આપેલ. ત્યારબાદ સદર કામે પકડાયેલ આરોપી પ્રફુલ્લકુમાર ઉર્ફે સોનુ સ/ઓ અરૂણભાઈ નાથજોગીના વિરુધ્ધમાં ચાર્જશીટ કરવા પુરતા પુરાવા પડતા હોય અને સમયમર્યાદામાં ચાર્જશીટ કરવુ જરૂરી હોવાથી આરોપી વિરુધ્ધ ડ્રાફ્ટ ચાર્જશીટ કરી એપ્રુવ માટે એ.સી.પી.ડી–ડીવીઝન તરફ મોકલી આપેલ. ત્યારબાદ તા.૨૨/૦૬/૨૦૨૦ના રોજ ચાર્જશીટ એપ્રુવ થઈ આવતા આરોપી વિરુધ્ધમાં તા.૨૪/૦૬/૨૦૧૯ના રોજ ચાર્જશીટ કરેલ. સદર કામે અમો લાલગેટ પો.સ્ટે. ખાતે ફરજ પર હાજર હતા દરમિયાન તા.૨૮/૦૭/૨૦૨૦ના રોજ સદર ગુનાના કામે મોકલાવેલ મુદ્દામાલ પૃથ્થકરણ અહેવાલ એફ.એસ.એલ. સુરત ખાતેથી આવી ગયેલ જે અમોએ અભ્યાસ કરી કેસ કાગળો સાથે સામેલ રાખેલ. મને નિશાની–૧૧૭/૧ થી રજુ એફ.એસ.એલ. તરફથી આવેલ ફોરવર્ડીંગ પત્ર બતાવવામાં આવે છે. જેમાં નાયબ નિયામક એફ.એસ.એલ. સુરત નાઓની સહી છે. જે અમોએ સદર ગુનાના કામે અભ્યાસ કરેલ તે જ છે, જે હું ઓળખી બતાવુ છુ, જેને પુરાવામાં રજુ દાખલ આંક–૧૧૯ આપવામાં આવે છે. મને

<u>નિશાની–૧૧૭/૨</u> થી રજુ એફ.એસ.એલ. તરફથી આવેલ બાયોલોજીકલ પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે. જેમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર એફ.એસ.એલ. સુરત નાઓની સહી છે. જે અમોએ સદર ગુનાના કામે અભ્યાસ કરેલ તે જ છે, જે હું ઓળખી બતાવુ છુ, જેને પુરાવામાં રજુ દાખલ <u>આંક–૧૨૦</u> આપવામાં આવે છે. મને <u>નિશાની–૧૧૭/૩</u> થી રજુ એફ.એસ.એલ. તરફથી આવેલ સીરોલોજીકલ પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે. જેમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર એફ.એસ.એલ. સુરત નાઓની સહી છે. જે અમોએ સદર ગુનાના કામે અભ્યાસ કરેલ તે જ છે, જે હું ઓળખી બતાવુ છુ, જેને પુરાવામાં રજુ દાખલ <u>આંક–૧૨૧</u> આપવામાં આવે છે.

**(૪૬.૧)**સદર સાહેદની ઉલટતપાસની મુખ્ય હકીકત એ છે કે, એ વાત ખરી છે કે સદર ગુનાના કામે મુદ્દામાલ કબજે કરવાનુ કે તે મુદ્દામાલને એફ.એસ. એલ. માં મોકલવાની કામગીરી મે કરેલ નથી. એ વાત ખરી છે કે પૃથ્થકરણનુ કામ એફ.એસ.એલ. દ્વારા કરવામાં આવેલ છે.

**<u>મુદ્દા નં. ૧:</u>**

(૪૭) સદર કામે આંક–૮૩ થી તપાસેલ તબીબ સાહેદ ડો. રાજેશ એન. પટેલ નાઓને તપાસેલા છે જેઓએ મરણજનાર મનુબેનના શબનું પોસ્ટ મોર્ટમ કરેલ છે તે સાહેદની જુબાની તથા આ કામે આંક–૮૫થી પી.એમ. નોટ તથા તપાસેલ સાહેદની ઉલટતપાસ જોતા મરણજનાર દિપકભાઈના મૃત્યુનું કારણ પી.એમ. નોટમાં દર્શાવેલ બાહ્ય તથા આંતરિક ઈજાઓ સખત અને બોથડ પદાર્થ દ્વારા થઈ શકે તેવા પ્રકારની હતી. મરણજનારનું

મોત ખોપરી પર થયેલી ઈજા, મગજ પર થયેલી ઈજા તથા ચહેરા પર થયેલી ઈજાને કારણે રકતસ્ત્રાવ થવાથી આઘાત લાગવાને કારણે થયેલ હતુ, એવો અભિપ્રાય આપેલ છે. વધુમાં આ કામના આરોપી ઉલટતપાસમાં એ હકીકત લાવેલ છે કે, વાહન અકસ્માતમાં વ્યકિતના જે શરીર ઉપર વાહન કે સરફેસનું દબાણ આવે તે ભાગે ઈજા થઈ શકે. વાહન અકસ્માતના કેસમાં શરીરના કયા ભાગ ઉપર કયા પ્રકારની ઈજા થઈ શકે તેનો કોઈ નિશ્ચિત નિયમ કે ફોર્મેટ ન હોય. જે આઘાતનો પ્રકાર પી.એમ. નોટના અંદરના માથાના આંતરિક પરિક્ષણમાં જે રકતસ્ત્રાવ થયેલો છે તે પરથી હેમરેજીક અને ન્યુરોજીક શોક હોય શકે. આમ, ફરીયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, મરનાર દિપકભાઈ નાઓનું મૃત્યુ સાપરાધ મનૃષ્યવધના કારણે થયેલ છે. જેથી **મુદ્દા નં.૧** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નં. ૨ અને ૩:-**

(૪૮) ઉપરોકત ચર્ચા કરેલ સાહેદોની જુબાની તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ જોતા આ કામે આંક-૬૦થી તપાસેલ ફરીયાદી બનાવના નજરે જોનાર સાહેદ નથી. સદર ફરીયાદી પોતાની ઉલટતપાસમાં એમ જણાવે છે કે, પાછળ આવતી એકટીવા ઉપર હેલ્મેટ પહેરેલ માણસનો ચહેરો ઓળખાતો નથી. વધુમાં, આ કામે આંક-૭૫થી તપાસેલ સાહેદ વિશાલ ઉર્ફે બંટી પોતાની સરતપાસમાં એમ જણાવે છે કે, દિપકભાઈ મૌરે મરણ ગયેલા અને તેઓ કેવી રીતે મરણ ગયેલા તેની મને કોઈ માહિતી નથી કે મેં બનાવ નજરે જોયેલ નથી. તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતી જુબાની પુરી પાડતા ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે.

વધુમાં, આંક–૬૩, આંક–૬૫, આંક–૬૬, આંક–૭૧થી તપાસેલ સાહેદો બનાવ નજરે જોનાર સાહેદો નથી. વધુમાં, આંક–૭૬, આંક–૭૮, આંક–૭૯, આંક–૮૧, આંક–૮૭ તથા આંક–૯૪થી તપાસેલા સાહેદો ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની પુરી પાડતા નથી. આમ, પ્રોસીકયુશન હાલના કામે સાંયોગિક પુરાવાઓ ઉપર આધાર રાખે છે. જે સાંયોગિક પુરાવાઓ નીચે મુજબ છે;

**૧**. સીસીટીવી ફુટેજ.

**૨.** આ કામના આરોપીના સ્ટેટમેન્ટના આધારે પુરાવા ધારાની કલમ–૨૭ હેઠળ ગુનામાં વાપરેલ હથિયાર એટલે કે સ્ટીલની પાઇપ તથા કબજે કરેલ એકટીવા ગાડી ડીસ્કવરી તથા રીકવરી તપાસ કરનાર અમલદાર દ્વારા કરવામાં આવેલ છે તે આરોપીને ગુનામાં સંડોવતી હકીકત તથા આરોપીની ટી–શર્ટમાં મળેલ લોહીની હાજરી..

**3.** ગુનાનો મોટીવ.

**૪**. આરોપીએ પોતાના ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળના નિવેદનમાં ઇનક્રિમીનેટીંગ એવીડેન્સ લગત કોઇ ખુલાસો કરેલ નથી તે હકીકત.

**<u>ગુનો સાંયોગિક પુરાવાથી પુરવાર કરી શકાય</u>**

**(૪૯)** નામદાર સર્વોચ્ચ અદાલતે " સ્ટેટ ઓફ રાજસ્થાન વિ. રાજા રામ" જે (૨૦૦૩) ૮ એસ.સી.સી ૧૮૦ માં પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,

> **8.** Before analysing the factual aspects it may be stated that for a crime to be proved it is not necessary that the crime must be

seen to have been committed and must, in all circumstances be proved by direct ocular evidence by examining before the court those persons who had seen its commission. The offence can be proved by circumstantial evidence also. The principal fact or factum probandum may be proved indirectly by means of certain inferences drawn from factum probans, that is, the evidentiary facts. To put it differently, circumstantial evidence is not direct to the point in issue but consists of evidence of various other facts which are so closely associated with the fact in issue that taken together they form a chain of circumstances from which the existence of the principal fact can be legally inferred or presumed.

**સાંયોગિક પુરાવાઓના સિદ્ધાંતો**

**(૫૦)** નામદાર સર્વોચ્ચ અદાલતે "સુબ્રમણ્ય વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા" જે (૨૦૨૩) ૧૧ એસ.સી.સી. ૨૫૫ માં પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,

**48.** Thus, in view of the above, the Court must consider a case of circumstantial evidence in light of the aforesaid settled legal propositions. In a case of circumstantial evidence, the judgment remains essentially inferential. The inference is drawn from the established facts as the circumstances lead to particular inferences. The Court has to draw an inference with respect to

whether the chain of circumstances is complete, and when the circumstances therein are collectively considered, the same must lead only to the irresistible conclusion that the accused alone is the perpetrator of the crime in question. All the circumstances so established must be of a conclusive nature, and consistent only with the hypothesis of the guilt of the accused.

**(૫૧)** નામદાર સર્વોચ્ચ અદાલતે "નિરજ દત્તા વિ. સ્ટેટ " જે (૨૦૨૩) ૪ એસ.સી.સી. ૭૩૧ માં પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,

**73.** It is trite law that in cases dependent on circumstantial evidence, the inference of guilt can be made if all the incriminating facts and circumstances are incompatible with the innocence of the accused or any other reasonable hypotheses than that of his guilt, and provide a cogent and complete chain of events which leave no reasonable doubt in the judicial mind. When an incriminating circumstance is put to the accused and the said accused either offers no explanation or offers an explanation which is found to be untrue, then the same becomes an additional link in the chain of circumstances to make it complete. If the combined effect of all the proven facts taken together is conclusive in establishing the guilt of the accused, a conviction would be justified even though any one or more of those facts by itself is not decisive.

**(૫૨)** નામદાર સર્વોચ્ચ અદાલતે " આર. દામોદરન વિ. સ્ટેટ " જે (૨૦૨૧) ૧૫ એસ.સી.સી. ૨૫૮ માં પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,

**13.** In a case based on circumstantial evidence, the settled principles of law are that the circumstances from which the conclusion of guilt is to be drawn should be fully proved and such circumstances should be conclusive in nature and moreover the circumstances should be complete and there should be no gap left in the chain of events. However, the circumstances must be consistent only with the hypothesis of the guilt of the accused and inconsistent with the innocence. The principle which has to be kept in mind in a case of circumstantial evidence has been laid down by a three-Judge Bench of this Court in the judgment reported in *Sharad Birdhichand Sarda* v. *State of Maharashtra* [*Sharad Birdhichand Sarda* v. *State of Maharashtra*, (1984) 4 SCC 116 : 1984 SCC (Cri) 487] which reads as under : (SCC p. 185, para 153)

"*153.* A close analysis of this decision would show that the following conditions must be fulfilled before a case against an accused can be said to be fully established:

(*1*) the circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established.

It may be noted here that this Court indicated that the

circumstances concerned "must or should" and not "may be" established. There is not only a grammatical but a legal distinction between "may be proved" and "must be or should be proved" as was held by this Court in *Shivaji Sahabrao Bobade* v. *State of Maharashtra* [*Shivaji Sahabrao Bobade* v. *State of Maharashtra*, (1973) 2 SCC 793 : 1973 SCC (Cri) 1033] where the observations were made : (SCC p. 807, para 19)

'*19.* … Certainly, it is a primary principle that the accused *must* be and not merely *may* be guilty before a court can convict and the mental distance between "may be" and "must be" is long and divides vague conjectures from sure conclusions.'

(*2*) the facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty,

(*3*) the circumstances should be of a conclusive nature and tendency,

(*4*) they should exclude every possible hypothesis except the one to be proved, and

(*5*) there must be a chain of evidence so complete as not to

leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.” (emphasis in original)

**<u>પુરાવાઓનું મુલ્યાંકન</u>**

**(૫૩)** ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ સૌપ્રથમ સીસીટીવી ફુટેજ પર આધાર રાખે છે. જે બાબતે હાલના કામે આંક–૬૮ તથા આંક–૭૦થી અનુક્રમે સીડી તથા ડીવીડી કબજે કર્યાના પંચનામાં રજુ થયેલ છે. વધુમાં, આંક–૫૪ તથા આંક–૫૮થી પુરાવા ધારાની કલમ–૬૫(બી) મુજબના પ્રમાણપત્રો રજુ થયેલ છે. ફરીયાદપક્ષે આંક–૬૮થી રજુ થયેલ સીડી કબજે કર્યાના પંચનામાંના કન્ટેન્ટ પુરવાર કરવા આંક–૬૭ તથા આંક–૭૨થી સાહેદોને તપાસેલ છે. આંક–૬૭થી તપાસેલ સાહેદ આંક–૬૮થી રજુ થયેલ પંચનામાંમાં પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં તેઓ એમ જણાવે છે કે, એવુ બનેલ નથી કે કોઇ જગ્યાએ જઇ સીસીટીવી ફુટેજની સીડી કોઇ રજુ કરતુ હોય અને તે કબજે કરવાનું હોય તેમાં અમોએ હાજર રહી પંચનામું લખાવેલ છે. સદર સાહેદ ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની પુરી પાડતા ન હોય તેઓને હોસ્ટાઇલ સાહેદ જાહેર કરવામાં આવેલ છે. વધુમાં, આંક–૭૨થી તપાસેલ પંચ સાહેદ પણ આંક–૬૮ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે પરંતુ ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની પુરી પાડતા નથી. વિ.એ.પી.પી.શ્રી દ્વારા બન્ને પંચ સાહેદોની કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ કોઇ મહત્વની હકીકત

કઢાવી શકેલ નથી. વધુમાં, આંક–૭૦થી રજુ થયેલ ડીવીડી કબજે કર્યાના પંચનામાંના કન્ટેન્ટ પુરવાર કરવા ફરીયાદપક્ષે આંક–૬૯ તથા આંક–૭૩થી પંચ સાહેદો તપાસેલ છે. જે બન્ને સાહેદો આંક–૭૦થી રજુ થયેલ પંચનામાંમાં પોતાની સહી ઓળખી બતાવે છે પરંતુ ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની પુરી પાડતા ન હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ પુછેલ હકીકતોનો ઇન્કાર કરેલ છે.

**(૫૩.૧)** વધુમાં, આ કામે આંક–૫૪ તથા આંક–૫૮થી રજુ થયેલ પુરાવા ધારાની કલમ–૬૫(બી) મુજબના પ્રમાણપત્રોના કન્ટેન્ટ પુરવાર કરવા આંક–૫૩ તથા આંક–૫૭થી સાહેદો તપાસવામાં આવેલ છે. આંક–૫૩થી તપાસેલ સાહેદ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, હું પેટ્રોલ પંપ ઉપર હાજર હતો ત્યારે લાલગેટ પોલીસના માણસોએ એમ જણાવેલ કે અમારી સીસીટીવી ફુટેજ ચેક કરવા છે જેથી મેં તેઓને સીસીટીવી ફુટેજ બતાવેલા અને અમારા ટેકનીશીયને ઉપરોકત સીસીટીવી કેમેરાના ફુટેજની સીડી બનાવેલી જે મેં પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલી. આંક–૫૪થી રજુ થયેલ કલમ–૬૫(બી) ના પ્રમાણપત્રમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. તથા તેઓએ સીસીટીવી ફુટેજ બતાવતા એમ જણાવેલ છે કે, પેટ્રોલ ભરનાર માણસ અમારા પેટ્રોલ પંપનો કર્મચારી પ્રવિણભાઇ પટેલ છે. વધુમાં, ક.૦૯–૩૮–૩૩ વાગે એક બાઇક લઇને વાદળી કલરનું ટીશર્ટમ પહેરેલ માણસ બાઇકમાં પેટ્રોલ ભરાવતો હોવાનું દેખાય છે જેને ઝુમ કરીને જોતા બાઇકનો નંબર જી.જે.૦૫.કે.આર.–૫૭૨૯ દેખાય છે અને આ

સીસીટીવી ફુટેજ ક.૦૯–૪૦–૫૯ સુધીના હોવાનું જણાય છે. સદર સાહેદ પોતાની ઉલટતપાસમાં એમ જણાવે છે કે, એ વાત ખરી છે કે, મેં ટેકનીશીયનને બોલાવીને સીડી બનાવેલી જેઓનું નામ મહેશભાઇ હતુ. મારી હાજરીમાં મહેશભાઇએ પોલીસને કોઇ સર્ટીફીકેટ આપેલ નથી. એ વાત ખરી છે કે, કોમ્પયુટરમાંથી કઇ રીતે સીડી બનાવી તે મને આવડતુ નથી. એ વાત ખરી છે કે, મહેશભાઇએ કેવી રીતે સીડી બનાવી તે મને ખબર નથી. આમ, સદર સાહેદની જુબાની જોતા આ કામના આરોપી ક.૦૯–૪૦–૫૯ ના સમય દરમ્યાન પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ પુરાવતા જોવા મળી આવેલ છે. વધુમાં, આંક–૫૭થી તપાસેલ સાહેદ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, મારી દુકાન ઉપર સીસીટીવી કેમેરા ઇન્સટોલ કરેલ છે. તા.૦૨.૦૪.૨૦૧૯ ના રોજ મેં મારી ઉપરોકત દુકાન ખોલેલી, આ સબંધે પોલીસે આવીને મારી પાસે દુકાનમાં લાગેલ સીસીટીવી કેમેરાના ફુટેજ માંગેલા. મને ટેકનોલોજીનો બહુ ખ્યાલ ન હોય પોલીસને પાસવર્ડ આપી તેમને જે જોવુ હોય તે જોઇ લો તેવુ કહેલુ. પછી પોલીસે સીસીટીવી ફુટેજ જોયેલા. મેં ફુટેજ જોયેલા નહીં. પોલીસે મોબાઇલમાં આ ફુટેજમાંથી ફોટોગ્રાફ લીધેલા. પોલીસ ફુટેજ કેવી રીતે લઇ ગયેલી અને શેમાં લઇ ગયેલી તે મને ખબર નથી. મેં કોઇ ટેકનીશીયનને બોલાવી ડીવીડીમાં આ સીસીટીવી કેમેરાના ફુટેજ આપેલ હોય તેવુ બનેલ નથી. સદર સાહેદ આંક–૫૮થી રજુ થયેલ કલમ–૬૫(બી) ના પ્રમાણપત્રમાં પોતાની સહી ઓળખી બતાવે છે. સદર સાહેદ ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની પુરી પાડતા ન હોય સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે.

**(૫૩.૨)** વધુમાં, આ કામે આંક–૧૦૪થી તપાસેલ તપાસ કરનાર અમલદાર પોતાની સરતપાસમાં એમ જણાવે છે કે મને આંક–૫૪થી રજુ ધર્મેશ રણછોડભાઇ પટેલે આપેલ કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર બતાવવામાં આવે છે જે મેં તપાસના કામે શામેલ રાખેલ તે તે જ છે જે હું ઓળખી બતાવું છું. વધુમાં, તેઓ એમ જણાવે છે કે મહાવીર ફાસ્ટ ફુડ નામની દુકાન પર લાગેલ સીસીટીવી કેમેરાના ફુટેજમાં બનાવ રેકર્ડ થયેલ હોય તે સાહેદ દિનેશભાઇ મોહનભાઇ ડાંગીનાઓ પો.સ્ટે. ખાતે લાવી રજુ કરતા હોય તે ડીવીડી કબજે કરેલ અને તે અંગેનું વિગતવારનું પંચનામું કરી તપાસના કામે સામેલ રાખેલ તેમાં સદર ડીવીડી અને સીડી કબજે કર્યા બાદ ધર્મેશભાઇ રણછોડભાઇ અને દિનેશભાઇ મોહનભાઇ નાઓએ કલમ–૬૫(બી) મુજબનું સર્ટીફીકેટ રજુ કરેલ જે મેળવી તપાસના કામે સામેલ રાખેલ. વધુમાં, તેઓ એમ જણાવે છે કે, ડીવીડીમાં ક.૦૭–૫૭–૦૭ વાગે એક એકટીવા ચાલક જેકેટ તથા હેલમેટ પહેરીને મરણજનારના એકટીવાની પાછળ આવતો દેખાય છે જે આરોપી પ્રફુલ જ છે જે હું ઓળખી બતાવું છું. જે અમોએ પંચનામાંની વિગતે જોઇ કબજે કરેલ છે. સદર મુદ્દામાલ આર્ટીકલ નં.૨૦ને ટેન્ટીટીવ આંક–૧૧૩ આપવામાં આવેલ છે. સદર તપાસેલ અમલદાર પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે, ફરીયાદ પ્રમાણે ફરીયાદીએ બનાવ જોયો હોય તેવુ નથી. એ વાત ખરી છે કે બ્રાઉન જેકેટ આ કામે તપાસવામાં કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદમાં મકાનની દલાલીની અદાવતના કારણસર બનાવ અંગેનું અન્ય કોઇ કારણ હોઇ શકે તેવુ ફરીયાદમાં જણાવેલ નથી.

**(૫૩.૩)** આમ, ઉપરોકત સાહેદોની જુબાની જોતા આરોપી પેટ્રોલ પંપ આગળ સવારે ક.૦૯–૪૦–૫૯ પોતાની એકટીવામાં પેટ્રોલ ભરાવતા જોવા મળેલ છે તથા ક.૦૭–૪૦ દરમ્યાન એક માણસ ફરીયાદીની એકટીવા પાછળ પોતાની એકટીવા લઈને પીછો કરતા જોવા મળેલ છે. જે ચાલક જેકેટ તથા હેલમેટ પહેરીને પીછો કરતો જોવા મળેલ છે. તપાસ કરનાર અમલદારશ્રીની જુબાની જોતા તેઓ એમ જણાવે છે કે, સદર ઈસમ આ કામનો આરોપી પ્રફુલ જ છે તેમ જણાવે છે. આમ, તપાસ કરનાર અમલદારની જુબાની જોતા પણ એવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર જોવા મળતો નથી કે આ કામના આરોપી પ્રફુલ ફરીયાદીને મારતા હોય. માત્ર ફરીયાદીનો પીછો કરતો હોય તેવુ જોવા મળે છે, તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ મરણજનારને આ કામના આરોપી મારતા હોય તેવુ કોઈ સીસીટીવી કે ડીવીડીમાં જોવા મળેલ નથી. પરંતુ કોઈ ઈસમ ફરીયાદીનો એકટીવા પાછળ પીછો કરતો હોય તેવુ રેકર્ડ ઉપર આવેલ છે. જેથી સીસીટીવી કુટેજના પુરાવાઓ જોતા આ કામના આરોપીએ જ મરણજનારને ઈજા કરી મૃત્યુ નિપજાવેલ હોય તેવુ નિઃશંકપણે પુરવાર થયેલ હોય તેવુ કહી શકાય નહીં. જેથી સીસીટીવી કુટેજનો લગતનો સાંયોગિક પુરાવો નિર્ણાયક રીતે આ કામના આરોપીને ગુનામાં સીધી રીતે સંડોવતો હોય તેમ ગણી શકાય નહીં. વધુમાં વધુ સદર હકીકતને હાલના ગુનાની એક કડી તરીકે ગણી શકાય. પરંતુ માત્ર સીસીટીવી કુટેજ પર આધાર રાખી એમ કહી શકાય નહીં કે આ કામના આરોપીએ મરણજનારને ઈજાઓ કરી મૃત્યુ નિપજાવેલ છે.

**(૫૪)** ફરીયાદપક્ષ બીજા જે સાંયોગિક પુરાવા પર આધાર રાખે છે તે પુરાવા

ધારાની કલમ–૨૭ હેઠળ હાલના કામે રીકવર કરવામાં આવેલ સ્ટીલની પાઇપ તથા એકટીવા ગાડી તથા આરોપીના ટી–શર્ટમાં મળેલ લોહીની હાજરી. જે બાબતે આંક–૩૪થી રજુ થયેલ એકટીવાની ડીસ્કવરીના પંચનામાંના કન્ટેન્ટ પુરવાર કરવા આંક–૩૩થી પંચ સાહેદ બાબુભાઇને તપાસેલ છે. જેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, અમો પંચોએ પંચનામામાં રહેવા રાજીખુશી દર્શાવી અને પંચનામામાં સહી કરેલી, પછી અમે આરોપી પ્રફુલ તથા બે પોલીસના માણસો હતા. જે રીતેરસ્તો આરોપી બતાવતો હોય તે રીતે બજારમાંથી થઇ ફુલવાડી તરફ ગયેલા અને જીલાણી બ્રીજ છે ત્યાં ગાડી ઉભી રાખેલી ત્યારબાદ આરોપી નીચે ઉતરેલો પછી પાટીલ સાહેબ નીચે ઉતરેલા અને થોડા આગળ ગયેલ ત્યાં બ્રિજ નીચે એક હોન્ડા એકટીવા જેનો નંબર ૫૩૪૧ હતો. પછી આ પ્રફુલ ઉર્ફે સોનુએ આ એકટીવાની ડીકી ખોલેલી જેમાં એક કાળા કલરનું હેલમેટ હતુ જે આગળ થોડુ ઘસાઇ ગયેલ હતો. પોલીસે હેલમેટ કબજે કરેલુ અને એક વ્હાઇટ થેલીમાં મુકી દીધેલ. અમો પંચોની કાપલીમાં સહી કરાવેલ. પછી તેને વ્હાઇટ થેલીમાં મુકી લાખથી સીલ કરેલ. હેલમેટ ઉપરાંત એક જોડી પોપટી કલરના ચપ્પલ હતા તેને પણ એક વ્હાઇટ થેલીમાં મુકી લાખથી સીલ કરેલ. આ ચપ્પુલ ઉપર લોહી પડેલ હતુ. પ્રફુલ જે રીતે જણાવતો હતો તે રીતે પોલીસના માણસો લખતા જતા હતા. ત્યારબાદ પોલીસે મારી અને ચંદ્રકાંતભાઇની સહી લીધેલી. સાહેદ આંક–૩૪થી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. સાહેદ આંક–૩૫,આંક–૩૬થી રજુ થયેલ પંચસ્લીપોમાં પણ પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં સાહેદ

એમ જણાવે છે કે મને હેલમેટ બતાવવામાં આવે છે તે ઓળખી બતાવું છું. સદર પંચ સાહેદ પોતાની ઉલટતપાસમાં એમ જણાવે છે કે, એ વાત ખરી છે કે, એકટીવા અને ચપ્પલ ઉપર લોહી હતુ કે કેમ? તે અંગે સ્થળ ઉપર કોઇ પરિક્ષણ કરવામાં આવેલ નહીં અને ત્યાં ફોરેન્સીક લેબોરેટરીના કોઇ માણસ ન હતા અને પાન ખાઇને થુકવાથી પણ લાલ કલર થાય છે. એ વાત ખરી છે કે, આરોપીએ એકટીવાની ડીકી ખોલેલી તેવુ પંચનામાંમાં લખેલ નથી. મને ખબર નથી કે, આરોપી પાસે એકટીવાની કોઇ ચાવી હતી કે કેમ? એ વાત ખરી છે કે, ડીકી ચાવીથી ખોલેલી કે ચાવી વિના તે તેમને યાદ નથી. એ વાત ખરી છે કે એકટીવા બ્રીજની નીચે હતુ અને બ્રીજ નીચે ઘણી જગ્યા હતી અને બ્રીજ નીચે કોઇપણ જઇ શકે તેમ હતુ અને આજુબાજુ ખુલ્લી જગ્યા છે અને બ્રિજ નીચે રસ્તો પણ છે અને ત્યાંથી લોકોની અવર જવર છે.

**(૫૪.૧)** વધુમાં, આ કામે આંક–૪૩થી રજુ થયેલ સ્ટીલના પાઇપનું ડીસ્કવરી પંચનામાનાને કન્ટેન્ટ પુરવાર કરવા આ કામે આંક–૪૨થી પંચ સાહેદ સંતોષભાઇ કાશીનાથ ઉત્તેકરને તપાસેલ છે. જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, તેઓને તા.૦૪.૦૪.૨૦૧૯ ના રોજ લાલગેટ પોલીસે પંચ તરીકે બોલાવેલ અને બીજા તરીકે નિતીનભાઇ બોરીચા હતા. આરોપીએ કહેલ કે તે કંઇક બતાવવા માંગે છે જેથી સરકારી જીપમાં તે હથિયાર બતાવવા માટે અમને લઇ ગયેલ. જે જીપમાં અમે બે પંચો, પોલીસના ડ્રાઇવર, આરોપી વિગેરે હતા. આરોપી અમને ભરીમાતા મંદિરની આગળ સંચા મશીનના ખાતા તરફ લઇ ગયેલ. ત્યાં એક જગ્યાએ કચરાનો ઢગલો

હતો તે ઢગલામાંથી આરોપીએ એક પાઇપ કાઢેલ અને તે સ્ટીલનો નાનો પાઇપ હતો. આ પાઇપ ઉપર લોહીના ડાઘા હતા. પછી પોલીસે આ પાઇપ કબજે કરેલ અને તે અંગે પંચનામું કરેલ. આંક-૪૩થી રજુ થયેલ પંચનામામાં પંચ સાહેદ પોતાની સહી તથા બીજા પંચ નિતીનભાઇની સહી ઓળખી બતાવે છે તથા આંક-૪૪થી રજુ થયેલ પંચસ્લીપ પર તેઓ પોતાની તથા અન્ય પંચ સાહેદની સહી ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદ પોતાની ઉલટતપાસમાં એમ જણાવે છે કે, એ વાત ખરી છે કે, હું લાલગેટ પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતો હતો ત્યારે પોલીસે મને ઉભા રાખી પંચ તરીકે બોલાવેલ અને આ પંચનામાંના બીજા પંચ નિતીનભાઇ મારી સાથે ન હતા. અમો તથા અન્ય પંચ સાહેદ એકજ સોસાયટીમાં રહીએ છીએ.

**(૫૪.૨)** વધુમાં, આ કામે આંક-૩૯થી રજુ થયેલ આરોપીના કપડાનું ડીસ્કવરી પંચનામાંના કન્ટેન્ટ પુરવાર કરવા આ કામે આંક-૩૮થી પંચ સાહેદ પ્રફુલભાઇને તપાસવામાં આવેલ છે. જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, મને ૨૦૧૯ માં લાલગેટ પોલીસ દ્વારા પંચ તરીકે બોલાવેલ નહીં અને કોઇ આરોપીની સાથે કોઇ જગ્યાએ ગયેલ હોય તેવુ બનેલ નથી. અમારી હાજરીમાં આરોપી પ્રફુલનાએ કહેલુ કે મારી સાથે ચાલો અને ત્યારપછી તે એમના ઘરે લઇ ગયેલ. આરોપીનું ઘર શિવાય કોમ્પલેક્ષમાં ચોથા માળે હતુ. તે મકાન નં. ૪૦૨ હતુ. આ ફ્લેટમાં એક ભાઇ હતા જેનુ નામ મને ખબર નથી. ફ્લેટમાં રસ્સી પર કપડા સુકાતા હતા પછી આરોપીએ અમારી હાજરીમાં કપડા બતાવી જણાવેલ કે મેં આ કપડા પહેરેલ

હતા. જેમાં બ્લેક કલરનું નાઈટ ટ્રેક હતુ અને વાદળી કલરનું ટી–શર્ટ હતુ. આ પૈકી ટી–શર્ટ પર લોહી જેવા ડાઘા જણાયેલ. પોલીસે આ કાપડની થેલીને કબજે લઈ સીલ મારેલ. પંચ સાહેદ આંક–૩૯થી રજુ થયેલ પંચનામામાં પોતાની તથા અન્ય પંચ સાહેદની સહી ઓળખી બતાવે છે. તથા કબજે કરેલ કપડા પણ તેઓ ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદ પોતાની ઉલટતપાસમાં એમ જણાવે છે કે, પોલીસે મને પંચમાં બોલાવેલ નહીં. એ વાત ખરી છે કે, ઘરમાં જે રસ્સી બાંધેલ હતી તે કપડા સુકાવવા માટે બાંધેલ હતી અને દોરી પર રહેલ કપડા કોઈપણ માણસ જોઈ શકે તેવી સ્થિતીમાં હતા તથા ટીશર્ટ પરના ડાઘા લોહીના જ હતા કે કેમ તે અંગે પોલીસે કોઈ ટેસ્ટ કરેલ નહીં કે કોઈ એફ.એસ.એલ. અધિકારીને બોલાવેલ નહીં. એ વાત ખરી છે કે, પોલીસ તપાસ કરતી વખતે મને જણાવેલ કે આ કપડા મળેલ છે જેથી મને ખબર પડેલી.

**(૫૪.૩)** હાલના કામે આંક–૧૦૫થી રજુ થયેલ રવાનગી પત્ર મુજબ માર્ક "ડી" થી આરોપીની એકટીવાથી મળેલ હેલમેટને એફ.એસ.એલ.માં લોહીની હાજરી છે કે કેમ? અને જો હોય તો તે માર્ક "કે" સાથે ભળતો આવે છે કે કેમ? તેનો અભિપ્રાય માંગવામાં આવેલ છે કે જે બાબતે આ કામે આંક–૧૨૦થી રજુ થયેલ બાયોલોજીકલ અહેવાલ જોતા પાર્સલ "ડી" નમુનો હેલમેટ ઉપર રૂધિરની હાજરી મળેલ ન હતી, તેવો અભિપ્રાય આવેલ છે. વધુમાં, આરોપીની એકટીવાની સીટ નીચેને ડીકીમાંથી રીકવર કરવામાં આવેલ ચપ્પલને માર્ક "ઈ" થી એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ છે. જેમાં આંક–૧૨૦થી રજુ થયેલ બાયોલોજીકલ અહેવાલમાં તેના પર

રૂધિરની હાજરી મળી આવેલ છે. તથા આંક–૧૨૧થી રજુ થયેલ સીરોલોજીકલ અહેવાલ મુજબ તેના પર જુથ "એ" નું માનવ લોહીની હાજરી મળી આવેલ છે. વધુમાં, માર્ક "એફ" થી મોકલવામાં આવેલ આરોપીના નાઈટ પેન્ટ પર કોઈ રૂધિરની હાજરી જોવા મળેલ નથી પરંતુ માર્ક "એફ–૨" થી રીકવર કરવામાં આવેલ ટી–શર્ટમાં રૂધિરની હાજરી મળી આવેલ છે જેનું બ્લડ ગ્રુપ "એ" જણાઈ આવેલ છે. વધુમાં, માર્ક "જી" થી મોકલવામાં આવેલ પાઈપ પર પણ માનવ લોહીની હાજરી મળી આવેલ છે. જેનું બ્લડ ગ્રુપ પણ "એ" જુથનું મળી આવેલ છે. વધુમાં, આરોપીની એકટીવાની આગળની નંબર પ્લેટના નીચેના ભાગે મુખ્ય બોડી ઉપર નાના ટીપા સ્વરૂપના બે લોહી જેવા ડાઘા પરથી ઘસીને લીધેલ કોટન થ્રેડમાં માનવ રૂધિરની હાજરી જોવા મળેલ છે. તે માનવ જુથ "એ" ગ્રુપનો હોવાનો અભિપ્રાય આપેલ છે.

**(૫૪.૪)** આમ, ફરીયાદપક્ષે સદર પંચનામાંઓથી એ હકીકત અદાલતને બતાવવા માંગે છે કે આરોપીના નિવેદનના આધારે આરોપીએ જણાવેલ હકીકતોના આધારે જે મુદ્દામાલ એકટીવા, ટી–શર્ટ તથા ગુનામાં વપરાયેલ હથિયારની હકીકતની ડીસ્કવરી તથા તેના આધારે કરવામાં આવેલ રીકવરી અને સદર ટી–શર્ટ, એકટીવા, ચપ્પલ તથા પાઈપ પર મળી આવેલ લોહીની હાજરી જે મરણજનારના બ્લડ ગ્રુપ સાથે મેચ થાય છે જેથી સદર ડીસ્કવરી આરોપીને ગુનામાં સંડોવે છે. જે બાબતે કાયદાની પરિસ્થિતી જોવામાં આવે તો ભારતીય પુરાવા ધારાની કલમ–૨૭માં એવી જોગવાઇ કરવામાં આવેલ છે કે, જયારે કોઇ આરોપી પોલીસ કસ્ટડીમાં હોય તે

દરમ્યાન તેણે પોલીસને આપેલ કોઈ નિવેદન કે માહિતીના આધારે જો કોઈ હકીકત ડીસ્કવર થતી હોય તો તે પુરવાર કરી શકાય છે પછી ભલે પછી કરવામાં આવેલ નિવેદન કબુલાત સમાન હોય કે ન પણ હોય. વધુમાં, નામ. સર્વોચ્ચ અદાલતે "મુસ્તકીન વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન" જે ૨૦૧૧ (૧૧) એસ.સી.સી. પાના નં. ૭૨૪ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,

**25.** With regard to Section 27 of the Act, what is important is discovery of the material object at the disclosure of the accused but such disclosure alone would not automatically lead to the conclusion that the offence was also committed by the accused. In fact, thereafter, burden lies on the prosecution to establish a close link between discovery of the material object and its use in the commission of the offence. What is admissible under Section 27 of the Act is the information leading to discovery and not any opinion formed on it by the prosecution.

**27.** The scope and ambit of Section 27 were also illuminatingly stated in Pulukuri Kotayya v. King Emperor [(1946-47) 74 IA 65 : AIR 1947 PC 67] reproduced hereinbelow: (IA p. 77)

> "... it is fallacious to treat the 'fact discovered' within the section as equivalent to the object produced; the fact discovered embraces the place from which the object is produced and the knowledge of the accused as to this, and the information given must relate distinctly to this fact. Information as to past user, or the past history, of the object produced is not related to its discovery in the setting in which

it is discovered. Information supplied by a person in custody that 'I will produce a knife concealed in the roof of my house' does not lead to the discovery of a knife; knives were discovered many years ago. It leads to the discovery of the fact that a knife is concealed in the house of the informant to his knowledge, and if the knife is proved to have been used in the commission of the offence, the fact discovered is very relevant. But if to the statement the words be added 'with which I stabbed A', these words are inadmissible since they do not relate to the discovery of the knife in the house of the informant."

આમ, ઉપરોકત ચર્ચા કરેલ ચુકાદા મુજબ માત્ર કોઈપણ હકીકતની ડિસ્કવરી અને તેના આધારે કરવામાં આવેલ રીકવરી જયાં સુધી ગુનાહિત કૃત્ય કરવામાં તેનું કનેકશન સાબિત ન થાય તો માત્ર રીકવરીના આધારે આરોપીને અન્ય કોઈ સબળ, ઠોલ કે માનવાલાયક પુરાવાને અભાવે તકસીરવાન ઠરાવી શકાય નહીં. વધુમાં, નામ. સર્વોચ્ચ અદાલતે "સુબ્રમણ્યમ વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા" જે (૨૦૨૩) ૧૧ એસ.સી.સી. પાન નં. ૨૫૫ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે,

**77.** The first and the basic infirmity in the evidence of all the aforesaid prosecution witnesses is that none of them have deposed the exact statement said to have been made by the appellant herein which ultimately led to the discovery of a fact relevant under Section 27 of the Evidence Act.

**78.** If, it is say of the investigating officer that the appellant-accused while in custody on his own free will and volition made a statement that he would lead to the place where he had hidden the weapon of offence, the site of burial of the dead body, clothes, etc. then the first thing that the investigating

officer should have done was to call for two independent witnesses at the police station itself. Once the two independent witnesses would arrive at the police station thereafter in their presence the accused should be asked to make an appropriate statement as he may desire in regard to pointing out the place where he is said to have hidden the weapon of offence, etc. When the accused while in custody makes such statement before the two independent witnesses (panch witnesses) the exact statement or rather the exact words uttered by the accused should be incorporated in the first part of the panchnama that the investigating officer may draw in accordance with law. This first part of the panchnama for the purpose of Section 27 of the Evidence Act is always drawn at the police station in the presence of the independent witnesses so as to lend credence that a particular statement was made by the accused expressing his willingness on his own free will and volition to point out the place where the weapon of offence or any other article used in the commission of the offence had been hidden. Once the first part of the panchnama is completed thereafter the police party along with the accused and the two independent witnesses (panch witnesses) would proceed to the particular place as may be led by the accused. If from that particular place anything like the weapon of offence or bloodstained clothes or any other article is discovered then that part of the entire process would form the second part of the panchnama. This is how the law expects the investigating officer to draw the discovery panchnama as contemplated under Section 27 of the Evidence Act. If we read the entire oral evidence of the investigating officer then it is clear that the same is deficient in all the

aforesaid relevant aspects of the matter.

**80.** One another serious infirmity which has surfaced is in regard to the authorship of concealment by the person who is said to have discovered the weapon.

**84.** What emerges from the evidence of the investigating officer is that the appellant-accused stated before him while he was in custody, *"I may get discovered the murder weapon used in the incident"*. This statement does not indicate or suggest that the appellant-accused indicated anything about his involvement in the concealment of the weapon. It is a vague statement. Mere discovery cannot be interpreted as sufficient to infer authorship of concealment by the person who discovered the weapon. He could have derived knowledge of the existence of that weapon at the place through some other source also. He might have even seen somebody concealing the weapon, and, therefore, it cannot be presumed or inferred that because a person discovered the weapon, he was the person who had concealed it, least it can be presumed that he used it. Therefore, even if discovery by the appellant is accepted, what emerges from the substantive evidence as regards the discovery of weapon is that the appellant disclosed that he would show the weapon used in the commission of offence.

**86.** Thus, in the absence of exact words, attributed to an accused person, as statement made by him being deposed by the investigating officer in his evidence, and also without proving the contents of the panchnama, the High Court was not justified in placing reliance upon the circumstance of discovery of weapon.

**89.** In the aforesaid context, we would like to sound a note of

caution. Although the conduct of an accused may be a relevant fact under Section 8 of the Evidence Act, yet the same, by itself, cannot be a ground to convict him or hold him guilty and that too, for a serious offence like murder. Like any other piece of evidence, the conduct of an accused is also one of the circumstances which the court may take into consideration along with the other evidence on record, direct or indirect. What we are trying to convey is that the conduct of the accused alone, though may be relevant under Section 8 of the Evidence Act, cannot form the basis of conviction.

**(૫૪.૪)** વધુમાં, નામ. સર્વોચ્ચ અદાલતે "રામાનંદ ઉર્ફે નંદલાલ ભારતી વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ" જે એ.આઇ.આર. ૨૦૨૨ એસ.સી. પાન નં. ૫૨૭૩ ના ચુકાદાના પેરા ૭૪ માં એમ ઠરાવેલ છે કે,

> 74. In the aforesaid context, we would like to sound a note of caution. Although the conduct of an accused may be a relevant fact under Section 8 of the Evidence Act, yet the same, by itself, cannot be a ground to convict him or hold him guilty and that too, for a serious offence like murder. Like any other piece of evidence, the conduct of an accused is also one of the circumstances which the court may take into consideration along with the other evidence on record, direct or indirect. What we are trying to convey is that the conduct of the accused alone, though may be relevant under Section 8 of the Evidence Act, cannot form the basis of conviction.

આમ, આરોપી પાસેથી મળેલ હકીકતના આધારે કોઈ હકિકતની ડિસ્કવરી કરવામાં આવેલ હોય તો જયારે તે કલમ–૨૭ના દાયરામાં ન આવતી હોય

ત્યારે તે આરોપીના વર્તન તરીકે સુસંગત હકીકત છે પરંતુ માત્ર વર્તન પર આધારે સાંયોગિક પુરાવાની અન્ય કડી પુરવાર થતી ન હોય તથા સદર કડીઓ આરોપીને ગુનામાં સંડોવતી ન હોય ત્યારે માત્ર વર્તન પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. હાલના કામે ઉપરોકત જણાવેલ નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ કલમ–૨૭ હેઠળની ડિસ્કવરી પુરવાર કરી શકેલ નથી, કારણ કે હાલના કામે ઓથોરશીપ ઓફ કન્સીલમેન્ટ લગતનો કોઈ પુરાવો સાહેદો તથા તપાસ કરનાર અમલદારની જુબાનીમાં જોવા મળતો નથી. જેથી માત્ર આરોપીના વર્તન પર આધાર રાખી જયારે આ કામના આરોપી ફરીયાદીને મરણજનારને મારતા હોય તેવો કોઈ પુરાવો ન હોય ત્યારે માત્ર ડિસ્કવરીના પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**(૫૪.૫)** વધુમાં રેકર્ડ ઉપરનો પુરાવો જોતા આ કામના આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તેવી શંકા ઉદ્‌ભવે છે પરંતુ, કાયદાનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, શંકા ગમે તેટલી મજબૂત હોય તો પણ તે કાનૂની પુરાવાનું સ્થાન લઈ શકે નહીં. વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત મુજબ પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરૂદ્ધ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે અને પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ પરથી એક બાજુ એમ જણાય આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાય આવતું હોય કે આરોપીએ ગુનો કરેલ નથી ત્યારે તેવા સંજોગોમાં પ્રોસીકયુશન પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે તેમ

કહી શકાય નહી. જેથી ફરીયાદપક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે "કૈલાશ ગૌર વિ. સ્ટેટ ઓફ આસામ" જે એ.આઇ.આર.૨૦૧૨ એસ.સી. પાના નં.૭૮૬ ના ચુકાદાના પેરા–૨૮ માં એમ ઠરાવેલ છે કે,

> "It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India".

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે "દિગંબર વૈશ્ણવ વિ. સ્ટેટ ઓફ છત્તીસગઢ" જે (૨૦૧૯) ૪ એસ.સી.સી. ૫૨૨ પ્રસિદ્ધ થયેલ છે તેના પેરા–૧૪ તથા ૧૯ માં એમ ઠરાવેલ છે કે,

> **14.** One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion howsoever grave it may be. Strong suspicion, strong coincidences and grave doubt cannot take the place of legal proof. The onus of the prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed, though a false plea by the defence at best, be considered as an additional circumstance, if other circumstances unfailingly point to the guilt.
>
> **19.** It is also well-settled principle that in criminal cases, if two views are possible on evidence adduced in the case, one binding to the guilt of the accused and the other is to his innocence, the view which is favourable to the accused, should be adopted. This principle has a special relevance in cases wherein the guilt of the accused is sought to be established by circumstantial evidence [see Kali Ram v. State of H.P. [Kali Ram v. State of H.P., (1973) 2 SCC 808 : 1973 SCC (Cri) 1048] ].

**(૫૫)** આમ, હાલના કામે ફરીયાદપક્ષ જે સંજોગો પર આધાર રાખે છે તે સંજોગો નિર્ણાયક રીતે આરોપીએ જ ગુનો કરેલ છે તે તરફ નિઃશંકપણે દોરી જતા નથી તથા આરોપીએ પોતાના કલમ–૩૧૩ હેઠળના વિશેષ નિવેદનમાં જે હકીકત જણાવેલ છે કે, તેઓએ કોઈ એકટીવા, કપડા કે પાઈપની ડિસ્કવરી કરવા જણાવેલ નથી અને તેવી કોઈ ડિસ્કવરી કરી આપેલ નથી. પરંતુ પોલીસે ખોટા પંચનામાંઓ ઉભા કર્યા છે તથા હેલમેટ, ચપ્પલ અને કપડા વિગેરે મારી માલિકીના નથી અને મારે મરનાર દિપક સાથે મકાનની દલાલી બાબતે કોઈ ઝગડો થયો નથી કે તેમની પત્નીની છેડતી કરી નથી અને મારા પર શંકા રાખી ખોટા પુરાવાઓ ઉભા કરી ખોટો કેસ કરવામાં આવેલ છે. નામ. સર્વોચ્ચ અદાલતે "રીના હજારીકા વિ. સ્ટેટ ઓફ આસામ" જે (૨૦૧૯) ૧૩ એસસીસી પાના નં.૨૮૯ ના પેરા ૧૯ થી ૨૧ માં એમ ઠરાવેલ છે કે,

> **19.** Section 313 CrPC cannot be seen simply as a part of audi alteram partem. It confers a valuable right upon an accused to establish his innocence and can well be considered beyond a statutory right as a constitutional right to a fair trial under Article 21 of the Constitution, even if it is not to be considered as a piece of substantive evidence, not being on oath under Section 313(2) CrPC. The importance of this right has been considered time and again by this Court, but it yet remains to be applied in practice as we shall see presently in the discussion to follow. If the accused takes a defence after the prosecution evidence is closed, under Section 313(1)(b) CrPC the Court is duty-bound under Section 313(4) CrPC to consider

the same. The mere use of the word "may" cannot be held to confer a discretionary power on the court to consider or not to consider such defence, since it constitutes a valuable right of an accused for access to justice, and the likelihood of the prejudice that may be caused thereby. Whether the defence is acceptable or not and whether it is compatible or incompatible with the evidence available, is an entirely different matter. If there has been no consideration at all of the defence taken under Section 313 CrPC, in the given facts of a case, the conviction may well stand vitiated. To our mind, a solemn duty is cast on the court in dispensation of justice to adequately consider the defence of the accused taken under Section 313 CrPC and to either accept or reject the same for reasons specified in writing.

**20.** Unfortunately neither the trial court nor the High Court considered it necessary to take notice of, much less discuss or observe with regard to the aforesaid defence by the appellant under Section 313 CrPC to either accept or reject it. The defence taken cannot be said to be irrelevant, illogical or fanciful in the entirety of the facts and the nature of other evidence available as discussed hereinbefore. The complete non-consideration thereof has clearly caused prejudice to the appellant. Unlike the prosecution, the accused is not required to establish the defence beyond all reasonable doubt. The accused has only to raise doubts on a preponderance of probability as observed in HateSingh Bhagat Singh v. State of Madhya Bharat [Hate Singh Bhagat Singh v. State of Madhya Bharat, AIR 1953 SC 468 : 1953 Cri LJ 1933] observing as follows: (AIR p. 471, para 26)

> "**26.** We have examined the evidence at length in this case, not because it is our desire to depart from our usual practice of declining to re-assess the evidence in an appeal here, but because there has been in this case a departure from the rule that when an accused person puts forward a reasonable defence which is likely to be true.... then the burden on the other side becomes all the heavier because a reasonable and probable story likely to be true when pitted against a weak and vacillating case is bound to raise reasonable doubts of which the accused must get the benefit. ..."

**21.** A similar view is expressed in M. Abbas v. State of Kerala [M. Abbas v. State of Kerala, (2001) 10 SCC 103 : 2002 SCC (Cri) 1270] as follows: (SCC p. 108, para 10)

> "**10.** ... On the other hand, the explanation given by the appellant both during the cross-examination of prosecution witnesses and in his own statement recorded under Section 313 CrPC is quite plausible. Where an accused sets up a defence or offers an explanation, it is well settled that he is not required to prove his defence beyond a reasonable doubt but only by preponderance of probabilities. ..."

**(૫૬)** આમ, નીચે જણાવેલા કારણો તથા સંજોગો જોતા ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધ ઈ.પી.કો.કલમ–૩૦૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) હેઠળનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી તેવું ગણી શકાય;

૧. આરોપી તથા મરણજનાર વચ્ચે મકાનની દલાલી બાબતે કે

મરણજનારની પત્નીની છેડતી બાબતે કોઇ તકરાર થયેલ હોય તેવુ સ્પષ્ટપણે પુરવાર થતુ નથી કારણ કે ફરીયાદીની પત્ની ફરીયાદપક્ષના સમર્થનમાં જુબાની પુરી પાડતા નથી. જેથી હાલના ગુનામાં સબળ પુરાવાઓથી ગુનાઓનું મોટીવ પુરવાર થયેલ ગણી શકાય નહીં.

**૨**. સીસીટીવી કેમેરા જોતા આ કામના આરોપી મરણજનારને મારતા હોય તે લગતનો કોઇ સીસીટીવીનો ફુટેજ રેકર્ડ પર જોવા મળેલ નથી. જે સીસીટીવી ફુટેજ રેકર્ડ પર રજુ થયેલ છે તેમાં આરોપી પેટ્રોલ પંપ ઉપર કહેવાતા બનાવના બે કલાક બાદ એટલે કે ૯–૦૦ કલાકના સમયે પોતાની એકટીવામાં પેટ્રોલ પુરાવતા જોવા મળેલ છે તથા ક.૭–૦૦ વાગ્યે તેઓ જ ફરીયાદીની એકટીવાનો પીછો કરતા હતા તેવો કોઇ માનવાલાયક પુરાવો રેકર્ડ પર જોવા મળતો નથી. જેથી આ કામના આરોપીએ જ મરણજનારને ઇજા કરી મૃત્યુ નિપજાવેલ હોય તેવુ નિઃશંકપણે પુરવાર થયેલ ગણી શકાય નહીં.

**3**. આરોપીની કહેવાતી એકટીવા તથા તેની ડીકીમાંથી મળેલ ચપ્પલ અને આરોપીના નિવેદનના આધારે રીકવર કરવામાં આવેલ પાઇપમાં માનવ લોહીની હાજરી મળેલ છે તે કારણ માત્રથી જયારે હાલના કામે પુરાવા ધારાની કલમ–૨૭ મુજબની ડિસ્કવરી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી ત્યારે સદર સંજોગો આ કામના આરોપીને ગુનામાં સંડોવતા હોય તેવુ ચોકકસપણે કહી શકાય નહીં. નામ. સર્વોચ્ચ અદાલતે "સ્ટેટ ઓફ સ્ટેટ ઓફ રાજસ્થાન વિ. હનુમાન" જે ક્રિમીનલ અપીલ નં. ૬૩૧/૨૦૧૭ હુકમ તા.૧૭.૦૬.૨૦૨૫ ના ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે,

**6.** We find that the incriminating circumstances relied upon by the prosecution, i.e., the motive and the recovery of the blood stained weapon, even taken in conjunction cannot constitute the complete chain of incriminating circumstances required to bring home the charges against the accused. The High Court seems to have overlooked the FSL report which fact was stressed upon by learned counsel for the appellant. However, in our view, even if the FSL report is taken into account, then also, other than the fact that the weapon recovered at the instance of the accused tested positive for the same blood group as that of the deceased (B +ve), nothing much turns on the said report.

**7.** This Court in the case of Raja Naykar v. State of Chhattisgarh (2024) 3 SCC 481 held that mere recovery of a blood-stained weapon even bearing the same blood group of the victim would not be sufficient to prove the charge of murder.

**8.** So far as the theory of motive is concerned, the evidence in that regard seems to be very vague and vacillating.

**૪.** વધુમાં, હાલના કામે ફરીયાદપક્ષ એમ જણાવે છે કે, આરોપીએ પોતાના કલમ–૩૧૩ હેઠળના નિવેદનમાં તેઓને પુછવામાં આવેલ ઈનક્રીમીનેટીંગ એવીડેન્સને લગત કોઈ ખુલાસો કરેલ નથી. જેથી તેના વિરૂધ્ધ અનુમાન કરી શકાય. જે બાબતે રેકર્ડ પરનો પુરાવો જોતા ફરીયાદપક્ષ જે સંજોગો પર આધાર રાખે છે તે સંજોગો આ કામના આરોપીએ જ હાલનો ગુનો કરેલ છે તેવુ સંતોષકારક રીતે જણાઈ આવતુ નથી. જે બાબતે નામ. સર્વોચ્ચ અદાલતે "શરદ બિરધીચંદ શારદા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર" ૧૯૮૪(૪)

એસ.સી.સી. પાન નં. ૧૧૬ ના ચુકાદાના પેરા નં. ૧૫૯ માં એમ ઠરાવેલ છે કે,

**159.** It will be seen that this Court while taking into account the absence of explanation or a false explanation did hold that it will amount to be an additional link to complete the chain but these observations must be read in the light of what this Court said earlier viz. before a false explanation can be used as additional link, the following essential conditions must be satisfied:

(*1*) various links in the chain of evidence led by the prosecution have been *satisfactorily proved*,

(*2*) the said circumstance points to the guilt of the accused with reasonable definiteness, and

(*3*) the circumstance is in proximity to the time and situation.

**(૫૭)** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ જે પુરાવા પર આધાર રાખે છે તે પુરાવાઓ તે પુરાવાઓનું એકીસાથે મુલ્યાંકન કરતા એમ જણાઈ આવે છે કે, ફરીયાદપક્ષ હાલના કામે આરોપી વિરૂદ્ધ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય જેથી હાલના કામે મુદ્દા નં. ૨ તથા ૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૪ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આ કામના આરોપી **પ્રફુલકુમાર ઉર્ફે સોનુ અરૂણભાઈ નાથજોગી** નાઓને

ઈ.પી.કોડની કલમ–૩૦૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) હેઠળના ગુનાના તહોમતમાં સી.આર.પી.સી.ની કલમ–૨૩૫(૧) હેઠળ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ક્રિ.પ્રો.કો.કલમ–૪૩૭(એ) મુજબ રૂ.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર) પુરાના પર્સનલ બોન્ડ તથા તેટલી રકમના એક જામીન આપીલ સમય સુધીના સમય માટે દિન–૭માં આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપી સદર કામે નામ. કોર્ટની જયુડીશીયલ કસ્ટડીમાં હોય તેઓની અન્ય ગુનાના કામે જરૂરીયાત ન હોય તો હાલના ગુનાના કામે તાત્કાલિક જામીન મુકત કરવા જેલરશ્રી, લાજપોર જીલ્લા મધ્યસ્થ જેલ, સુરત નાઓને જરૂરી જેલ યાદી કરવી.

આ હુકમ આજ તારીખઃ **૦૪થી,** માહેઃ **જૂલાઈ,** સને **૨૦૨૫** ના રોજ ખુલ્લી આદાલત મધ્યે મારી સહી કરી, વાંચી, સંભળાવી ઘોષિત કરવામાં આવ્યો.

તા.૦૪–૦૭–૨૦૨૫.
સ્થળઃ સુરત.

**(અમીતકુમાર નરેન્દ્રભાઈ દવે)**
નવમાં અધિક સત્ર ન્યાયાધીશ,સુરત
Judge Code: GJ 00807